કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ બાવનમું
અંક પહેલો
જાન્યુઆરી
૧૯૫૫

તંત્રી
બચુભાઇ રાવત



આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

સળંગ અંક
૬૧૩
મો

જીવન-મંગલ
ચિત્રકાર · પ્રમોદ પટેલ

વાચકો લખે છે...

સિમ્ફની—જીવનભાવના : ૧

નવેમ્બર અંકની 'જીવનભાવના' ખૂબ સ્પર્શી ગઈ, એનો ગુજરાતી શ્લોકબદ્ધ અનુવાદ કરી મોકલું છું.

(વસંત-મૃદંગ)

થોડાકથી જીવનમાં પરિતુષ્ટ રહેવું,
સૌન્દર્યને વિભવથી વધુ ખોજવું, ને
શોભા નહિ, સુઘડતા કરવી પસંદ;
માનાર્હ તો બનવું, માનભૂખ્યા ન થાવું,
સંપત્તિવાન નહિ, કિન્તુ સમૃદ્ધ થાવું;
રહે સાધના-રત, વિચારવું શાન્ત ચિત્તે,
વાણી સદાય મૃદુ હોય, અને સદૈવ
હોયે જ વર્તન નિખાલસ જિંદગીમાં;
તારા–વિહંગમ, વળી શિશુ–સાધુ, સૌનું
ખુલ્લા દિલે સુણવું ગીત, વળી સદા યે
આનંદથી ય ભયહીન બની, સહેવું
આવી પડે બધું ય તે, વળી રાહ જોવી
સંજોગની, નવ કશું કરવું ઉતાવળે;
બે શબ્દમાં જ કહું તો:
સામાન્યતા મટી અભાન, અમૂર્ત રહેતો
અધ્યાત્મભાવ પ્રગટે—
મુજ જીવનભાવના એ!

(નડિયાદ) —'ચાતક'

૨

અંક ૬૧૧માં આપે વિલિયમ ચૅનિંગનું જીવનસૂત્ર સુંદર રીતે લીધું છે. એ જોઈ અને વાંચી હરખહરખ થઈ જવાયું. ચૅનિંગ પોતાની સુંદર કલ્પકતાયુક્ત તક્તીથી દિલદિમાગને બરાબર સ્પર્શે છે. ૧૯૭૪ની મારી ડાયરીમાં આગલે પાને જ મેં એ લખી લીધું છે. હાલની વૈશ્વિક ને રાષ્ટ્રીય નૈતિક કટોકટીમાં ચૅનિંગની Symphony બહુ જ સુસંગત છે. આપનો એ ઉલ્લેખ બદલ ખૂબ ખૂબ આભાર.

(અમદાવાદ) —આનંદ માવળંકર

૩

નવેમ્બર અંકના પૂઠા પર 'My Symphony' વાંચ્યું.

મારી પાસે Joseph Bibbyનો 'Social Progress' નામનો અંક છે, તેના પૃ. ૧૩માં આજ સિમ્ફની સુંદર અક્ષરોમાં છાપેલી છે. તેમાં 'William 'Ellery' Channing' છાપેલું છે, 'Henry' નથી. આપે 'બિબ્બીઝ' ઍન્યુઅલ'ની મૂળ તક્તી જ પૂઠા પર છાપેલી

છે એટલે ભૂલ બતાવવાનો મારો ઈરાદો નથી.

(શારદાગ્રામ) —નટુભાઈ અગ્રાવત

૪

દીપોત્સવી અંકના પૂઠા પરની 'જીવનભાવના' વિષે વિનંતી કરવાની કે અમારી કૉલેજમાં આવી અમૂલ્ય વસ્તુની માગ વધી છે. જો શકય હોય તો તેની ઑફ પ્રિન્ટસ મોકલાવી આપો તો ટેબલ પર મૂકી દરરોજ દૃષ્ટિ સામે રહે તેવું ઈચ્છીએ છીએ.

વળી એ જ અંકમાં 'ગુજરાતમાં કલાનાં પગરણ'માં નાગુતાઈ જોષીવાળા ફકરામાં અમુક નામોનો ઉલ્લેખ કરી 'આજે તો એ મંડળના સભ્યો હયાત નથી' લખ્યું છે. પરંતુ ચંદ્રવદન મહેતા, સોલી બાટલીવાળા હજુ પણ હયાત છે.

(મુંબાઈ) —જયંત સિદ્ધપુરા

[*જીવન-ભાવનાની છૂટી પ્રતો નથી. પણ એની માગ વધે તો સારા કાર્ડ પર છપાવવા ઈચ્છીએ છીએ. આશરે પચાસ પૈસા કિંમત રહે.]

મત્સ્યેન્દ્રનાથની પ્રતિમા

'કુમાર' અંક ૬૧૧, પૃ. ૩૮૪ પર 'વાચકો લખે છે' વિભાગમાં ત્રીજા સ્તંભમાં મારા અવલોકનમાં જ્યાં 'વિજયસૂરિ વિરચિત' છપાયું છે ત્યાં 'વિજયસેનસૂરિ વિરચિત' એમ વાંચવું.

પ્રસ્તુત અંકમાં શ્રી નરોત્તમ પલાણના લેખ 'મત્સ્યેન્દ્રનાથ'માં (પૃ. ૩૭૭ પર) દીવમાંથી મળેલી મત્સ્યેન્દ્રનાથની પ્રતિમા વિષે ડા. ગોદાની તથા મારા દ્વારા અગાઉ થએલા સમયાંકન વિષે જે નોંધ છે તેનો ઉત્તર આ પ્રમાણે છે: અન્યથા જિનપ્રતિમાઓને મળતી આવતી આ પ્રતિમામાં દશમા શતકનાં કોઈ લક્ષણ જણાતાં નથી. પદ્માસન અને માપતાલનો મુદ્દો અપૂરતો એટલા માટે છે કે એક કરતાં વિશેષ પ્રમાણનાં માનતાલ જુદા જુદા સંપ્રદાયની મૂર્તિઓ માટે હોઈ શકે છે. નાથ સંપ્રદાયના (કે એથી પાશુપત સંપ્રદાયના) સાધુઓની પ્રતિમાઓનાં માનતાલ શું હતાં તે જાણમાં નથી. વળી દશમા શતકમાં પદ્માસન પ્રાકૃત થતાં હતાં તેવું મારી જાણમાં તે નથી. પ્રસ્તુત મત્સ્યેન્દ્રનાથની પ્રતિમામાં દશમા શતકની પ્રતિમાઓમાં જોવા મળતાં સૌષ્ઠવ અને લાલિત્ય અનુપસ્થિત છે. એનો જડાંગ દેખાવ તેમ જ શિરોભાગ ગુજરાત–રાજસ્થાનની તેરમા–ચૌદમા શતકની આરસની જિનપ્રતિમાઓને મળતો છે. આ પ્રતિમા દશમા શતકની ન હોઈ, તેને પ્રાચીનતમ પ્રતિમા કહી શકાય નહિ. તમિળનાડુમાંથી મળી આવેલી દશમા-અગિયારમા શતકની મત્સ્યચિહ્નાંકિત સાધુ પ્રતિમાઓ વિષે મારા મિત્ર શ્રી નાગસ્વામી એક લેખ તૈયાર કરી રહ્યા છે, અને સાંપ્રત પળે ઉપલબ્ધ પ્રતિમાઓમાં તો પ્રસ્તુત દૃષ્ટાંતો જ સૌથી પ્રાચીન હોય તેમ સ્વીકારવાનું રહેશે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

ડેડો

અંક ૬૧૧માં 'ડેડો'ની રસપ્રદ ચર્ચા વાંચી. તે હવે સંશોધનનો વિષય બની ગયો છે. જ્યાં સુધી કોઈ પરિશુદ્ધ પ્રમાણ ન મળે ત્યાં સુધી દંતકથાઓ પર આધાર રાખવો ઘટે, જે સત્યથી ઘણો વેગળો હોય છે. વિદ્વાનો તે વિષે સવિશેષ પ્રમાણભૂત હકીકત લખશે. શ્રી ખોડીદાસ પરમારે પરંપરિત માહિતી મોકલી છે તેમાં મેં પ્રાપ્ત કરેલી માહિતી અનુસાર સેજકજી ઈ. ૧૨૬૦-માં નહિ પરંતુ ઈ. સ. ૧૨૫૦માં સૌરાષ્ટ્રમાં આવ્યા હતા. વળી ભીમજીના પુત્ર અરજણજી-(અર્જુનસિંહ)ને કુંતાદેવી નામની પુત્રી હતી જેનાં લગ્ન રા' માંડલિક સાથે થયાં હતાં. દુદોજીની તે ભત્રીજી થતી હતી ને અરજણજીના મૃત્યુ બાદ દુદોજીને ત્યાં ઊછરી મોટી થએલી. ભીમજીને ઉમાદે નામે દીકરી હતી તે વિગતદોષ છે. રા' માંડલિકને ઉમાદે (ઉમાબાઇ) નામે પત્ની હતી પણ તે ભીમજીની નહિ પરંતુ કૂવાના રામ વનવીરના દીકરા ભીમસિંહની દીકરી હતી. પુત્ર ન થવાથી તેણે તેની સાથે લગ્ન કરેલાં.

શ્રી નરોત્તમ પલાણના 'મત્સ્યેન્દ્રનાથ' લેખમાં 'અમદાવાદના માણેકચોકનું નામ માણેકનાથ ઉપરથી આવ્યાની માન્યતા પણ છે' એમ નોંધ્યું છે. ગુજરાતનાં અનેક શહેરો–ગામો તેમ જ મહોલ્લાઓ, શેરીઓ, પોળો ઇત્યાદિનાં નામ પાછળ કોઈક છૂપો ઇતિહાસ પડેલો છે. જેમ કે ઝુંઝા નામના રબારીએ વસાવેલું શહેર તે ઝીંઝુવાડા. અમારા વિરમગામમાં 'ગંગાસર તળાવ' ગંગુ નામના વણઝારાએ બંધાવ્યાની માન્યતા છે. આમ સ્થળનામોના અભ્યાસમાં ભાષાવિજ્ઞાન તેમ જ ઇતિહાસ ઉભયનો સમન્વય છે.

પારસીઓનું આગમન

એક જૂની વાત. વિ. સં. ૧૯૮૭ ભાદરવો સળંગ અંક ૯૩માં સુરેશ દીક્ષિત લિખિત 'ગુજરાત–સંસ્કાર અને સંસ્કૃતિ' એ લેખમાળામાં 'જ્યાં જાય ત્યાં દાવાનળ પ્રગટાવતી મુસલમાની સત્તાની જ્વાળામાંથી બચવા ઇરાનીઓ પવિત્ર અગ્નિના થોડા તણખા બચાવતા લગભગ સાતમી આઠમી સદીથી દીવ અને સંજાણને કિનારે આવી પહોંચ્યા હતા.' એમ દર્શાવ્યું છે. ત્યાર પછી ઈ. સ. ૧૯૩૬ના 'બુદ્ધિપ્રકાશ' (જુલાઈ-સપ્ટેમ્બર, અંક ૩)માં 'સંવત ૭૭૨ વર્ષે' શ્રાવણ શુદી ૯ વાર શુકે, રોજ ૨, માહે ૪, સને ૮૫ ઇયજદજરદી એવે દને શ્રી ખોરાસાથી વેહદીનાન શ્રી સંજાણ મધ્યે માહારાજ્ય શ્રી જાદિરાણાના વખતમાં આવેઆ' એવી એક જૂની જળવાએલી નોંધ મળે છે.

ઉપલબ્ધ પ્રકાશિત ગ્રંથોમાં જે તે ઇતિહાસ-

કારોએ પારસીઓના આગમનની સાલ આપી છે તે વિષે હવે નવું સંશોધન આવશ્યક છે. જૂની જળવાએલી નોંધનીસાલસાચી કે અન્ય? 'કુમાર'ના છેલ્લા કેટલાક અંકો પર દષ્ટિપાત કરતાં એ ફલિત થાય છે કે આજે નિઃશંક ઇતિહાસનો અભ્યાસ વધ્યો છે. અનેક તલસ્પર્શી અભ્યાસકો-શોધકો પણ ગુજરાતમાં છે ત્યારે જ્યોતિષ ને ઇતિહાસની દૃષ્ટિએ પારસીઓના આગમનની સાલ પરત્વે નૂતન દૃષ્ટિની અપેક્ષા વિદ્વાનો પાસે રખાય એ એટલું જ સ્વાભાવિક છે. આશા રાખું કે ગુજરાતના ઇતિહાસના અભ્યાસકો આ વિષે પોતાની નૂતન દૃષ્ટિ આપે.

(વિરમગામ) —પ્રફુલ્લ રાવલ

ડેડો અને હઠીલાનો ટીંબો

'કુમાર' છેક હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો ત્યારથી (એટલે કે ૧૯૬૦થી) રસપૂર્વક વાંચું છું. હાલમાં શિક્ષક છું ને એટલા જ રસથી વાંચું છું.

અંક ૬૧૧માં શ્રી ખોડીદાસે આપેલી વિગતમાં મને જરા શંકા છે. તેઓ જણાવે છે કે લાઠીકુળના મૂળપુરુષ સારંગજીના પૌત્ર ભીમજીના ત્રણ પુત્રોમાંના દુદોજી એક હતા. દુદાજીને સજા કરવા અમદાવાદના સુલતાને રા' માંડલિકને હુકમ આપ્યો. રા' માંડલિક અર્થિલા કે હાથીલા આવ્યા ને પોતાના સગા દુદાજીનો વધ કર્યો.

એ અર્થિલા-હાથીલા કે હઠીલા વિષે એવી માન્યતા છે કે તે હઠીસિંહ નામના રાજાએ વસાવ્યું અને પોતાના નામ ઉપરથી તેનું નામ 'હઠીલા' રાખ્યું. આ નગરી તેના જ રાજ્યકાળ દરમ્યાન ચારણના શાપથી નાશ પામી. તો પછી દુદોજી 'હઠીલા' આવ્યા કેવી રીતે? વળી એક માન્યતા એવી પણ છે કે હઠીસિંહ લાઠીના કુંવર હતા તો આ બાબતમાં કોઈ ઇતિહાસકાર પ્રકાશ પાડશે તો જાણવાનું મળશે.

આજે પણ આ નગરીનો ટીંબો હયાત છે, જેને 'હઠીલાનો ટીંબો' કહે છે. આ સ્થળ અહીં વંડા ગામથી લગભગ ત્રણ માઈલ દૂર છે અને તેની બાજુમાં ખાલપર નામનું નાનકડું ગામ આવેલું છે. આ સ્થળની મેં મુલાકાત લીધી છે. ત્યાં એક સુંદર વાવ છે. લગભગ એક માઈલના વિસ્તારમાં આ ટીંબો પથરાએલો છે.

વળી આજુબાજુનાં ત્રણ ગામો—વંડા, પ્યાવા તથા ખાલપરના નામકરણ સાથે પણ આ 'હઠીલા' નગર સંકળાએલું છે એમ માનવામાં આવે છે. જેમ કે વંડા ગામ હાલ છે ત્યાં આ નગરીનાં ઢોર બાંધવાના વંડા હતા, પ્યાવા ગામ છે ત્યાં આ નગરીનાં ઢોરને પાણી પીવા માટે પ્યાવો હતો અને ખાલપર ગામ છે ત્યાં ઢોરની ખાલ (ચામડી) ઉતારવામાં આવતી.

હઠીલા એક મહાન નગર હતું અને કહેવાય છે કે ત્યાં એક લાખ ચાખડીઓ પડતી. આજે ત્યાં ઘણા લોકોને ખોદકામ કરતાં પ્રાચીન સિક્કા તથા માટીનાં રમકડાં વગેરે મળે છે. જો શ્રી સાંકળિયા સાહેબ જેવા વિદ્વાનો ઉત્ખનન કરે તો મહત્ત્વના ઐતહાસિક અવશેષો મળી આવે, અને તો સોરાષ્ટ્રના ઇતિહાસની ખૂટતી કડીઓ તેમાંથી મળી આવે.


અત્રે એ નોંધવું યોગ્ય ગણાશે કે થોડા સમય પહેલાં જ અમારી હાઈસ્કૂલનો એક પ્રવાસ હઠીલા યોજાએલો ત્યારે એક વિદ્યાર્થીને થોડુંક ખોદતાં એક ત્રાંબાનો ચોરસ સિક્કો તથા રમકડાના બે ભગ્ન અવશેષ મળેલા. તો આ બાબતમાં વિદ્વાનો પ્રકાશ પાડે તેવું ઇચ્છું છું.

(વંડા-વાયા સાવરકુંડલા)—ખુમાનસિંહ લાઠિયા

બહાદુરશાહની કબર

અંક ૬૧૧માં 'આ માસ ઇતિહાસમાં'માં તા. ૨ઃ ૧૮૬૨ઈ.માં જણાવ્યું તે ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય-સંગ્રામના પ્રણેતા મુઘલ શહેનશાહ બહાદુરશાહ ઝફરના દેહાવશેષો રંગૂનથી હજી ય ભારત લાવી શકાયા નથી, એ કમનસીબ હકીકત પ્રત્યે ધ્યાન દોરવા અભિનંદન.

આનાથી વિશેષ કમનસીબી એ હતી કે એક બાજુ નવી દિલ્હીમાં લાલ કિલ્લામાં ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે સત્તાની ફેરબદલી વખતે એ કિલ્લાના માલિકને ભૂલી જવાયા હતા. રંગૂનમાં અમે ત્રણ મિત્રોએ તે જ દિવસે તેમને પુષ્પાંજલિ આપેલી તેનો યાદગાર ફોટો આ સાથે મોકલું છું. સવારના ૧૧ વાગ્યા સુધી અમે ત્યાં



હતા તે વખત સુધી, ન તો રાજદૂત ડૉ. મહમદ રઉફ અથવા તો હાઈ કમિશનના અન્ય કોઈ અધિકારી પણ ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવા આવેલા—તે દિવસે ડૉ. રઉફે હાઈ કમિશનના પ્રાંગણમાં ધ્વજવંદન અને સાંજે સત્કાર-સમારંભ યોજેલાં. ચિત્રમાં ડાબી બાજુથી શ્રી માધવજી કોટક (રંગુનમાં અગ્રગણ્ય ચોખાના વેપારી) તથા ભારતના ખાંડઉદ્યોગમાં અગ્રગણ્ય શ્રી કરમશી જેઠાભાઈ સોમૈયાનાં પુત્ર અને શ્રી આણંદજી ભોજરાજ (જેઓ પણ અગ્રગણ્ય ચોખાના વેપારી છે) જણાય છે.

'કુમાર'ના સમૃદ્ધ સંગ્રહાલયમાં આવો ફોટો હોય તો ઠીક છે, નહિ તો આપ વાચકોના રસ માટે ઉપયોગ કરી શકશો. ડાબી બાજુએ બહાદુરશાહ ઝફરની કબર અને તેની બાજુમાં બીજી કબર તે તેમની સેવા અર્થે સાથે આવેલી શાહઝાદીની છે. ભીંત ઉપરની છબીઓમાં કુરાનના કલમા છે. હું ૧૯૫૯ સુધી ત્યાં હતો ત્યાં સુધી તો તેની દેખભાળ બાદશાહ સાથે આવેલા કર્મચારીઓના વંશજો કરતા હોવાનું જણાયું હતું. પુષ્પાંજલિનાં ફૂલો આગળ ફૂલદાનીમાં દેખાય છે, તથા મોરપિંછ ગુચ્છ કબર ઉપર દેખાય છે. બીજી ફૂલદાની પાછળ દેખાય છે.

(જલગામ) —હરખચંદ મૂલજી શાહ

न त्वहं कामये...

માસિકોનાં પણ વાર્ષિક લવાજમો અનહદ વધવાથી અમારી સ્થાનિક લાયબ્રેરીમાંથી ઘણાં બંધ કર્યાં, પરંતુ આપનું માસિક ખૂબ સુંદર અને સમૃદ્ધ છે જેથી લવાજમ વધાર્યું હોવા છતાં ચાલુ રાખ્યું છે.

'ન ત્વહં કામયે'વાળા મહાત્મા ગાંધીજીની પ્રાર્થનામાં બોલાતા શ્લોક બાબત મેં પણ વડોદરામાં કેટલાક શાસ્ત્રીઓને પૂછ્યું; પણ તેઓ શ્રીમદ્ ભાગવત સ્કંધ ૯-૨૧-૧૨ રતિ દેવનો શ્લોક બતાવે છે. મેં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરના મદદનીશ સાથી શ્રી અમૃતલાલ નાણાવટીને આ બાબત પુછાવ્યું, તો તેમના તરફથી જવાબ મળ્યો કે એ શ્લોક કાકાસાહેબે જ પસંદ કર્યો છે, પરંતુ ક્યાંથી લીધો એ તેમને અત્યારે યાદ નથી.

(કરનાલી) —વિનાયક પંડ્યા

એપ્રિલ '૭૪ના અંકમાં આવેલા પેલા શ્લોકનો સ્વ. શ્રી કિશોરલાલજી મશરૂવાલાએ ભજનાવલિમાં હિંદીમાં ભાવાનુવાદ કર્યો છે. દેશનાં નાનાંમોટાં દવાખાનાંના મુખ્ય પ્રવેશદ્વારની એક બાજુ શ્લોક તથા બીજી બાજુ આ ભાવાનુવાદ લખાવ્યાં હોય તો? પીડાતી વ્યક્તિને આત્મબળ, સ્નેહીજનોને ત્યાગભાવના અને ડૉકટરો તથા પરિચારકોમાં કેટલી કેટલી સંવેદનશીલતા જન્માવશે?

(જલગાંવ) —હરખચંદ મૂલજી શાહ

ઉપાંગ રાગો

ડિસેમ્બર અંકમાં ઠાકુર જયદેવસિંહ અંગે મેં લખી મોકલાવેલ હકીકત છાપવા બદલ આભાર. ઉપાંગ રાગોની બાબતમાં ઠાકુર જયદેવસિંહે જે લાલબત્તી ધરી છે ત્યાં 'ઉપયોગ રાગો'નો છપાયું છે, તેથી લખાણનું અર્થઘટન બરાબર થતું નથી. 'ઉપાંગ' રાગોમાં એકબીજા રાગોનું અંગ જોડીને મારીમચડીને જે નવાં સ્વરૂપો ઊભાં કરાય છે તેની સામે શ્રી જયદેવસિંહે ખાસ લાલબત્તી ધરી છે.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

સરગવો

'કુમાર'ના ૬૧૦મા અંકમાં 'સરગવા'ના ઔષધિરૂપ ગુણદોષનો ઉલ્લેખ છે. તેના અનુસંધાનમાં જાણવામાં રસ પડશે કે પંડિતજી નેહરુ જ્યારે અવાડી કૉંગ્રેસમાં આવેલા 'હુમલા' પછી નાદુરસ્ત થયા ત્યારે ભારતના ઘણા આયુર્વેદાચાર્યોએ ભેગા મળી તેમને તપાસેલા અને તેમને પક્ષઘાતની અસર જણાઈ હતી, જેના નિવારણ અને ઉપચાર માટે 'જંગલીય પક્ષી'ના સૂપ તથા 'સજના ડટા'ની ભલામણ કરેલી.

સરગવાને હિંદીમાં 'Sajjana Datta' ઉપનામ આપે છે. જ્યારે અંગ્રેજીમાં 'Dram-Stick'—ઢોલ વગાડવાની લાકડી (દાંડી તેની આકૃતિ પરથી) નામ છે. આથી સરગવાનો પક્ષઘાત-નિવારણ ગુણ તેમાં રહેલા કોઈ ઉડ્ડયનશીલ volatile તેલને જ આભારી છે. કહે છે કે તેના બીમાંથી સૂકવીને કાઢેલું તેલ ઘડિયાળના ભાગોમાં lubricant–સુચાલન માટે વપરાય છે.

મદ્રાસીઓના 'સાંભાર'માં અચૂક સરગવો તો હોય જ. આમ સરગવામાં વાર્ધક્યની ધ્રૂજતી અવસ્થાનો નિવારણગુણ હોય, કદાચ લોહ પણ હોય તો કહેવાય નહિ.

(કલકત્તા) —ગિરધરલાલ ત્રિકમલાલ પારેખ

અશ્વત્થામા

'કુમાર'નો ૬૦૦મો અંક અપૂર્વ છે. આવા સુંદર પ્રકાશન બદલ અંતરનાં અભિનંદન.

'કુમાર' ૩૬૧થી ૫૪૦ અંક સુધી મને ૧૫ વર્ષ ગ્રાહક તરીકે મળતું રહ્યું. તે પછી બીજાં પત્રો જોવાની ઇચ્છાથી 'કુમાર' છોડયું–અલબત્ત, જ્યારે જ્યારે આવી મળ્યું ત્યારે ત્યારે તે ઉત્કટતાથી વાંચ્યું છે. ૬૦૦મો અંક જોવા કેટલી તાલાવેલી થઈ હશે તે આપ કલ્પી લેશો.

૬૦૦મા અંકની અપૂર્વ ચીજ છે એક નવી દૃષ્ટિએ આલેખેલું 'અશ્વત્થામા'નું ચિત્ર. અત્યંત હૃદયંગમ. એમાં આજના નૂતન જમાનાની વિકસેલી વિચારશીલતા જોઈ–અનુભવી શકાય છે. આજનો 'અશ્વત્થામા' આ જ રીતે વર્તે–અવશ્ય વર્તે. ભાઈ રવીન્દ્ર ભટ્ટનું સરનામું હોત તો તેમને અંગત રીતે પત્ર પાઠવીને અભિનંદન આપી શકત. હવે મારા વતી 'કુમાર' એ કરશે. આનંદ થશે.

કાવ્ય વિભાગ તો મારો પ્રિય વિષય. કયું કાવ્ય વિશેષ ગમ્યું? મને તો બધાં જ કાવ્યોમાં રસ પડયો. છતાં અંગત અનુભૂતિ જેવું અને મને પણ જે અનુભૂતિ થતી રહી તે શશિશિવમનું 'પિતાનો પત્ર' તેમજ નાજુક ઊર્મિ જેવું કિસન સોસાનું 'અંધાણી' વધુ ગમ્યાં.

ગમે તેમ 'કુમાર'નો ૬૦૦મો અંક મને મળ્યો એ મારું મહદ્‌ભાગ્ય લેખું છું.

'કુમાર' સો વર્ષ પૂરાં કરે એ ભાવના સહ.

(ઘાણી-સૂરત) —અનુપસિંહ પરમાર

મસાનો ઉપાય

મસાના ઉપાય માટે જણાતું કે 'અખંડઆનંદ'માં થોડો વખત પહેલાં શ્રી શાંતિલાલ પી. વોરાએ જણાવેલું કે તેમનાં બહેનને હાથની દસેય આંગળીએ નખ પાસે જાડા મસા હતા. તે ચામડીના નિષ્ણાતોને દેખાડતાં તે બાળ્યા વિના મટશે નહિ એવી સલાહ મળેલી. પણ તેમના મિત્રને કોઈ અરબ વૈદે સૂચવેલા આકડાના પાનના દૂધથી તે મટેલા. તેઓ તેમનાં બહેનને સાંજે પાંચ છ વાગ્યે આકડાના ઝાડ પાસે લઈ જઈ, આકડાનું એક પાન તોડી, પાનના દીંટિયામાંથી નીકળેલું દૂધ મસા ઉપર મૂકતા. રોજ સાંજે એક વખત આ પ્રયોગ તેઓ કરતા. આંગળાં મોઢામાં ન જાય તેની ખાસ કાળજી રાખવા ભલામણ છે, કારણ કે આકડાનું દૂધ ઝેરી છે. આંખને પણ ન અડે તે જરૂરી છે. પંદર દિવસમાં તો મસામાંથી કણી કણી છૂટી પડી ગઈ ને મસાનો નાશ થએલો; આંગળાં સુંદર બની ગએલાં અને બે વર્ષ થયાં મસા દેખાયા નથી.

'ન ત્વહં કામયે રાજ્યં...' શ્લોક મહાભારતમાં યુધિષ્ઠિર બોલે છે તેમ મને જાણ થઈ છે.

(મલાડ) —વલ્લભદાસ નાનજીભાઈ સચદે

શબ્દ-ચર્ચા

કોઇ વ્યક્તિની ખૂબી-ખામી દર્શાવવા નહિ પણ માત્ર વિદ્યા-વિનોદ અર્થે 'વાચકો લખે છે'-માં 'શબ્દ-ચર્ચા' ગોઠવવી જોઈએ. જેમકે જૂન '૭૪ અંકની શબ્દકથા 'અખિયાણી'માં ઊંડાણ લાવવું હોય તો 'આખાણી' કચ્છી ભાષામાં 'વાર્તા'ના પર્યાય તરીકે વપરાય છે તે શબ્દ, અને 'અક્ખરિકા' ઈ. સ. પૂર્વે પાંચમી સદીના બૌદ્ધ ગ્રંથમાં 'અક્ષર ઓળખવાની રમત' લેખે ઉલ્લેખ પામે છે તે શબ્દના ઉલ્લેખો થવા જોઇએ. 'શબ્દકથા'માં વ્યાપ અને ઊંડાણ સાથે રસિકતા પણ આનાથી સિદ્ધ થાય.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

કપાસીની દવાઓ

અંક ૬૦૪ વાચકો લખે છે વિભાગમાં ડૉ. એચ. જે. સંઘોરાવાલા (મુંબાઇ)ના પત્રમાં એમણે પત્રને અંતે છેલ્લી ત્રણ લીટીઓમાં કૉર્ન (કપાસી) પર ઉપયોગી એવી દવાઓનો જે ઉલ્લેખ કર્યો છે તેમાં મુદ્રણદોષ છે. દા. ત. પ્રથમ ખરેખર Trichloro Acetic Acid હોવી જોઇએ, જ્યારે બીજી દવા ખરેખર Monochloro Acetic Acid જોઈએ.

(વડોદરા) —યોગેન્દ્ર જાની

(અનુસંધાન પૃષ્ઠ ૩૫)

મનને કહું– / વ્રજલાલ દવે

· ગાન ·

મનને કહું હાલ્ય માણીગર!
અસલ ગતમાં મહાલ.

નોખનોખા કૈંક મારગ છો ને ડાબા-જમણી જાય;
તરભેટાઓ તરસ્યું ભાંગે, વાવમાં આપણુ વ્હાલ.

ખોબા જેવડી ખોઈ ભલે હો, વહોરશું સો ટચ માલ;
કસ્તુરી શી ચીજના સંગે નરવા થઈશું, ન્યાલ.

આપ રૂડેરો આભનો માલમ જાય હંકારી વ્હાણ–
એ પહેલાં તો ક્ષણમાં કાચી, સૌરભ પીએં લાલ!

લે! / અમૃત ઘાયલ

· ગઝલ ·

એવી જ છે ઇચ્છા તો મેં આ ઘૂંટ ભર્યો, લે!
છોડચો જ હતો કિન્તુ ફરી મીઠો કર્યો, લે!

લઈ પાંખ મહીં એને ઉગારી લે પવનથી,
સળગે છે હજુ દીપ નથી સાવ ઠર્યો, લે.

તક આવી નિમજ્જનની પછીથી તો મળે ક્યાં?
લે આંખ કરી બંધ અતિ ઊંડે સર્યો, લે.

મરવાની અણી પર છું છતાં જીવી શકું છું,
સંદેહ તને હોય તો આ પડખું ફર્યો, લે!

સાચે જ તમાચાઓથી ટેવાઈ ગયો છું,
અજમાવવો છે હાથ તો આ ગાલ ધર્યો, લે!

કેમે ય કરી ડૂબ્યો નહિ જીવ અમારો
ડૂબ્યો તો ફરી થઈ અને પરપોટો તર્યો, લે.

'ઘાયલ'ને પ્રભુ જાણે ગયું કોણ ઉગારી,
મૃત્યુ ય ગયું સૂંઘી પરંતુ ન મર્યો, લે!


ક્યાં સુધી?

ક્યાં સુધી આ પ્હાડને
ફરહાદ કે,
પાંપણથી ખોતરતો રહું?
આ જિંદગીના જળ ઉપર
હું ક્યાં સુધી
એ નામ કોતરતો રહું?

ફકીરમહંમદ મનસૂરી

II. મનને કહું : આ કાવ્યમાં પોતાના મનને માણીગર-પ્રિયજન ગણીને જીવનગોષ્ઠિ માંડી છે ને તેને અસલ ગતમાં-સાચી રીતે જીવન જોગવવા—ભોગવવા કહે છે. જગતમાં જુદાજુદા માર્ગે જનારા, ડાબા-જમણી જનારા પણ, વિવિધ જનો હોય છે, છતાં એ માર્ગોના તરભેટા ઉપર આવેલી વાવનું પાણી તો એકસરખા વહાલથી સૌની તરસ ઠારે છે તેમ તું એ ગતને વળગી રહેજે—સારાં ખોટાં સૌને માટે સરખું વહાલ રાખજે. તારી ખોઈ ભલે ખોબા જેવડી હોય—શક્તિ ભલે મર્યાદિત હોય, છતાં આંતરિક સતની ઝંખના વડે સો ટચનો માલ—મૂલ્યવાન સંપદા મેળવી શકાય છે. એ કસ્તુરી શી ચીજ છે: પ્રમાણમાં ભલે નાની પણ ગુણ શક્તિએ કરીને ન્યાલ કરી દે એવી. 'આપ રૂડેરો આભનો માલમ'—સૂર્ય (સમયનું પ્રતીક) આ વહાણ હંકારી જાય—જીવનવેળા વીતી જાય એ પહેલાં કાચી ક્ષણમાં—તત્કાલ, તત્ક્ષણ, જેમ બને તેમ વહેલી આ જીવનની સૌરભ માણી લઈએ. **II. લે :** નિજતા તો એ જ—અસલ ગઝલનો જ, પણ અભિવ્યક્તિ 'ઘાયલ'ને જેબ આપે એવી જુદી જ તરાહની ચોટદાર.

સાગરમાર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા તો અગાઉ પણ થએલી. મૅગેલન, સર ફ્રાન્સિસ ડ્રેઈક ને પછી કૅપ્ટન કૂકે તો ત્રણત્રણ વાર એવી જોખમી સાગરખેડ ખેડેલી. આપણા આજના ભૂગોળના જ્ઞાનમાં આવા સાહસિકોની ઘણી મોટી દેણગી છે. આજે પૃથ્વીની પ્રદક્ષિણા તો સૌકોઇને માટે શક્ય બની ગઈ છે, પણ સાગરની ભયાનકતા તો સદીઓ પહેલાં હતી એ જ આજે યે છે. અને એટલે જ સમગ્ર પૃથ્વીને આવરી લેતા એના દીર્ઘાતિશય પટ પર એની બધી ભયંકરતાઓ અને કુદરતની બીજી બધી પ્રતિકૂળતાઓ સામે, કેવળ એક નાની નૌકામાં, પાંસઠ વર્ષની વયે, માત્ર મોજ ખાતર એકલે પંડે નીકળી પડવાનું સર ચિચેસ્ટરનું સાગરસાહસ માનવીના ખમીર અને ખુમારીની એક ચિરંજીવ યાદ આંકી જાય છે. માનવીની દઢ સંકલ્પશક્તિ અને પ્રખર વિજિગીષાનું એ એક પ્રેરક દષ્ટાંત છે. આત્માના સ્વત્વને કાટ ચડાવતી કે એને ખોટી દિશામાં નિરર્થક વહાવી દેતી આજની જુવાનીને આ જૈફ માણસે જે દષ્ટાંત પૂરું પાડચું છે તે એની કથા આ પછીનાં પાનાં પર જોતાં સમજાશે. પ્રેરણા લેવાની હોય તો આવાં જીવનમાંથી લેવી ઘટે. ઉત્સાહ, ધૈર્ય, હિમ્મત, કે સાહસની વૃત્તિને માણસ કેટલે સુધી કેળવી શકે તેનું આ ઉદાહરણ છે. અનુસરણ એનું હોય..............▷




પાંસઠ વર્ષની પ્રૌઢ વયે દુનિયાભરના દરિયા ખેડી વળોટી એકલે પંડે પૃથ્વી-પ્રદક્ષિણા કરનાર સાગરખેડુ સાહસવીર

સર ફ્રાન્સિસ ચિચેસ્ટર

• લેખક : ધીરુભાઈ પરીખ •

નીચે : 'જિપ્સી મોથ' ને (ઉપર) એનું એકલે હાથે સંચાલન કરતા ચિચેસ્ટર



અનેક શારીરિક પ્રતિકૂળતાઓ છતાં

ઈ. ૧૯૬૭ના મેની ૨૮મીનો દિવસ છે. સાંજ ઢળી ચૂકી છે. બ્રિટનના પ્રસિદ્ધ પ્લીમથ બંદરે લગભગ અઢી લાખ હર્ષઘેલાં માનવીઓની ભારે ઠઠ જામી છે. સમુદ્રમાં અનેક નૌકાઓ ધીરેધીરે આમતેમ ઘૂમી રહી છે. સ્વાગતઘેલો માનવમહેરામણ તળેઉપર થઈ રહ્યો છે.

'કોનું સ્વાગત?' આ પ્રશ્નને તમે ન ખાળી શક્યા ને? ક્યાંથી ખાળી શકો? હજારો અંગ્રેજો જો પોતાનો અદમ્ય ઉત્સાહ ન ખાળી શકતા હોય તો પછી પ્રસ્તુત પ્રસંગથી અનભિજ્ઞ એવા તમે તો આતુરતાજન્યો આ પ્રશ્ન ક્યાંથી જ ટાળી શકો! ઠીક, ત્યારે હવે એ સ્વાગતની મૂળ વાત પર જ આવીએ.

ઘડિયાળમાં આઠ ઉપર છપ્પન મિનિટ થઈ અને શાહી તોપખાનાએ દસ તોપોની સલામી આપી. સ્ત્રીપુરુષોનાં હૃદય ધડકી ઊઠયાં, પગ નાચી ઊઠયા ને ગળાં ગૂંજી ઊઠયાં : 'ચિચેસ્ટર ઘણું જીવો'ના હર્ષનાદોથી વાતાવરણ ઊભરાઈ ઊઠયું. બ્રિટન માટે આ એક અભૂતપૂર્વ દશ્ય હતું. આમ, હર્ષોન્માદથી હેલે ચડેલા વાતાવરણ વચ્ચે ફ્રાન્સિસ ચિચેસ્ટરે પોતાની મોટરબોટ દ્વારા બંદરમાં પ્રવેશ કર્યો અને તેમનાં પત્ની શૈલા ચિચેસ્ટરે એક હેતાળ ચુંબનથી એમનું પ્રથમ સ્વાગત કર્યું.

ફ્રાન્સિસ ચિચેસ્ટરનું આવું જાહેર સ્વાગત થયું તેના બે દિવસ અગાઉથી પ્લીમથ બંદરની એક નાનકડી ટેકરી પર અગ્નિ પ્રજ્જ્વલી રહ્યો હતો. મધ્ય યુગમાં નાવિકોને દૂરથી બંદરની બાતમી મળી રહે તે માટે આમ અગ્નિ પેટાવાતો. આજે તો આવી કોઈ મધ્યયુગીન પ્રણાલીની જરૂર નહોતી, પણ ચિચેસ્ટરના આધુનિક સાહસને મધ્યયુગીન વધામણાંથી નવાજી લોકોએ પોતાનાં હૈયાંના હરખને પ્રગટ કરવાની સાથે સાથે સાગરવીર ચિચેસ્ટરની પરાક્રમયાત્રાને અદકેરો ઓપ આપ્યો.

હા, આ ચિચેસ્ટરને કેમ 'સાગરવીર' કહ્યા ને એની 'પરાક્રમ યાત્રા' કઈ તે જાણવાની તમારી ઉત્કંઠાને હવે ઝાઝો સમય નહિ રૂંધી રાખું. આમ તો વાસ્કો દ ગામા, ક્રિસ્ટોફર કોલમ્બસ, મૅગેલન અને કૅપ્ટન કૂક, નેલ્સન અને સર ફ્રાન્સિસ ડ્રેઈક પણ સાગરનાં સાહસોમાં નામના કાઢેલી જ છે. ચિચેસ્ટર આવા સાહસવીરોમાંના એક. એમની વિશિષ્ટ મહાનતા છે એમણે 'એકલે હાથે' ખેડેલાં દરિયાઈ સાહસોમાં.

આપણે ત્યાં તો 'વનપ્રવેશ'ની ઉજવણી જાણે નિવૃત્તિનું નજરાણું બની જાય છે. ત્યારે ૬૫ વર્ષના આ પાકટ જૈફે ભલભલા જુવાનને પણ શરમાવે તેવી સાહસપ્રીતિ અને પરાક્રમરીતિ દાખવી હતી. ઇંગ્લૅન્ડના ડેવન પરગણામાં બાર્નસ્ટૅપલ ખાતે શર્વેલ (Shirwell)ના પાદરી ચાર્લ્સ ચિચેસ્ટરને ત્યાં ઈ. ૧૯૦૧ના સપ્ટેમ્બરની ૧૭મી તારીખે જન્મેલા આ બાળકે પ્રાથમિક શિક્ષણ ત્યાંની જ શાળામાં લીધું, અને પછી 'ઇન્ડિયન સિવિલ સર્વિસ' માટે તૈયાર થવા સારુ ઑક્સફર્ડ કે કેમ્બ્રિજમાં જોડાવાના ઈરાદાથી માલબરો ગયો. વિદ્યાર્થી તરીકે પ્રતિભાવંત વ્યક્તિત્વ ધરાવતા ફ્રાંસિસનો આત્મા એ ઘરેડિયા શાળામાં ગૂંગળાવા લાગ્યો. આમ, તે વખતના એ શિક્ષણમાં રસ ન પડવાથી એણે સત્તર વર્ષની વયે ન્યૂ ઝીલૅન્ડ જવા માટે શાળા છોડી દીધી! પિતાએ એને એ સફર માટે માત્ર દસ પાઉંડ આપ્યા. આ નાનકડી રકમમાં એને મુસાફરી કરવાની હતી!

કેવળ મોજ ખાતર કપરાં સાહસો સામે બાથ ભીડી વિજયનાં ઉત્તુંગ શિખરો સર કરનાર જૈફ જવાંમર્દ


એણે રસ્તો વિચારી કાઢયો. બોટમાં ફાયરમૅન તરીકે રહી એણે ૧૯૧૯માં ન્યૂ ઝીલૅન્ડ તરફ પ્રયાણ કર્યું. આ પ્રવાસ દરમિયાન એણે પ્રતિજ્ઞા કરી કે ૨૦,૦૦૦ પાઉંડની બચત કર્યા વગર વતન પાછો ફરીશ નહિ.. આ ધ્યેયને પહોંચી વળવા એણે ખાણિયા તરીકે માટીમાંથી સોનું ગાળવાનું કામ કર્યું, ખેતરો ખેડયાં, સામયિકો વેચ્યાં અને છેવટે પોતાના એક મિત્રના ભાઈ સાથે સ્થાવર મિલકતનો ધંધો પણ કર્યો. ઉપરાંત મોટા વિસ્તારમાં લાખો વૃક્ષો વાવ્યાં અને ઉછેર્યાં. આમ, પુરુષાર્થથી એણે પાંગળા પ્રારબ્ધને એવું તો પલોટયું કે ૨૬ વર્ષની ઉમરે પહોંચ્યો ત્યારે તો એ વાર્ષિક ૧૦,૦૦૦ પાઉંડની આવક કરતો થઈ ગયો. હવે એણે વતનની મુલાકાત લેવાનો મનસૂબો પાકો કર્યો, ને તદનુસાર ૧૯૨૯માં રજાઓ ગાળવા એ ઈંગ્લૅન્ડ આવ્યો.

હવે એમણે જીવનદિશા બદલી. ઉડ્ડયનોની તાલીમ લીધી. આ જ વર્ષે 'જિપ્સી મૉથ' (Gipsy Moth) નામનું હવાઈ જહાજ ખરીદ્યું અને એકલે હાથે ઈંગ્લૅન્ડથી ઑસ્ટ્રેલિયાનાં એકાકી અને ઐતિહાસિક ઉડ્ડયનો કર્યાં. આ ઉડ્ડયનો કરનાર એ બીજો (પહેલો હતો બર્ટ હિંકકર) સાહસિક પુરુષ હતો. આમ, એમણે સાહસિક કારકિર્દીના શ્રી ગણેશ માંડયા. વતનમાં થોડો સમય ગાળી એ ન્યૂ ઝીલૅન્ડ પાછા ફર્યા. પરંતુ એ ગાળામાં વિશ્વભરમાં મંદીનું મોજું વ્યાપી વળ્યું હતું. આ મોજાએ ફ્રાન્સિસના વ્યવસાયને પણ અસર પહોંચાડી. આમદાનીમાં મોટાં ગાબડાં પડયાં, ને એ આર્થિક વિટંબણામાં અટવાઈ પડયા. એક તરફથી આવા પ્રતિકૂળ સંજોગોની ભીંસનો જુવાળ તો બીજી તરફથી સાહસવૃત્તિનો અદમ્ય ઉછાળ! સહેજ પણ નાસીપાસ થયા વગર સાહસવૃત્તિને એમણે સત્કારીને ઉડ્ડયનો જારી રાખવાનો દઢ નિર્ધાર કર્યો. ઈ. સ. ૧૯૩૧માં ન્યૂ ઝીલૅન્ડથી ઑસ્ટ્રેલિયા સુધીનો વિશાળ ટાસમન સમુદ્ર ઊડીને ઓળંગનાર એ પ્રથમ ઉડ્ડયનવીર હતા.

હવે એમણે એ જૂના હવાઈ જહાજને ઉછીના લીધેલા તરાપાઓથી જળ-જહાજમાં પલટાવી નાખ્યું અને એમાં એકલપંડે એ સાગર ખેડતાં ખેડતાં લૉર્ડ હોવ (Lord Howe) ટાપુ પર પહોંચ્યા ત્યાં તો ભયંકર તોફાન ઊઠયું, જહાજ ઊંધું વળી ગયું અને ડૂબવા લાગ્યું. પણ ત્યાંના ટાપુવાસીઓએ એને ઉગાર્યું અને સમું કરવામાં મદદ કરી. આમ છતાં ય ફ્રાન્સિસ હિમ્મત હાર્યા નહિ. ઊલટું એમણે આ જ રીતે એકલેપંડે 'આખા જગતની' દરિયાઈ મુસાફરી કરવાનો નિરધાર કર્યો.

પ્રથમ એમણે ઉડ્ડયન શરૂ તો કર્યું. પણ જપાન સુધી પહોંચતાં જ દુર્ઘટના બની. કાત્સુરા (Katsura) બંદરમાં ટેલિફોનના તાર સાથે વિમાન અથડાયું અને મોટા ધડાકા સાથે નીચે પડયું. આ અકસ્માતમાં એ એટલા બધા ઘાયલ થયા કે બચવાની કોઈ આશા રહી નહિ. પણ કુદરતની કરામત અજબ છે. ફ્રાન્સિસ એ અકસ્માતમાંથી ઊભા થયા: જાણે વધુ હિમ્મત એકઠી કરીને ઊભા થયા.

ત્યાં તો બીજા વિશ્વયુદ્ધની નોબતો ગગડી ઊઠી. સાહસો માટે થનગનતો એમનો આત્મા, ઉડ્ડયનોની લીધેલી તાલીમને સહારે, હવાઈ દળમાં જોડાવા ઝંખી રહ્યો, અને સક્રિય પ્રયત્ન કર્યો. પણ રૉયલ એર ફોર્સે એમને ત્રણત્રણ વાર નાપાસ કર્યા, કારણ કે એમની આંખો નબળી હતી.



સર ફ્રાન્સિસ ચિચેસ્ટર


થયું! એક નવું વ્યવધાન! હા, પણ આવાં વ્યવધાનો તો એમને વિનષ્ટોત્સાહ કરવાને બદલે વીરતાનો કેફ ચડાવતા. એટલે હવાઈ સાહસોને પડતાં મૂકી સાગર સાહસો તરફ એમણે પોતાનું ચિત્ત વળ્યું એમણે નક્કી કર્યું કે સાગર ખૂંદવો અને એ એકલે હાથે; મારા એક નાના હાથવગા હોડકાથી પણ પૃથ્વીની પ્રદક્ષિણા તો કરવી જ. નબળી આંખોની નિરાશાને એમણે ભાવિનાં સફળ સાહસોમાં કામે લગાડી દીધી.

ઈ. ૧૯૫૩માં 'જિપ્સી મૉથ-૨' નામક હોડી એમણે ખરીદી ને એમાં સાગર ખૂંદી એ અચ્છા ખલાસી બની ગયા. તોફાની સાગરોને પાર કરવાની મહેચ્છા હવે વધુ ને વધુ ઉત્કટ બનતી ગઈ. પણ વળી પાછું એક નવું વ્યવધાન! ઈ. ૧૯૫૯નું એ વર્ષ. ફ્રાન્સિસ બીમાર પડયા. એક પછી એક ડૉકટરોએ નિદાન કર્યું: ફેફસાનું કૅન્સર છે!

'કૅન્સર?!' હા, આવો ઉદ્‌ગાર તમારાથી નીકળી જાય તે સ્વાભાવિક છે. પણ જીવલેણ દર્દના આ નિદાને ફ્રાન્સિસનું રુંવાડું યે ફરકયું નહિ. ડૉકટરોએ સલાહ આપી કે બચવા માટે શસ્ત્રક્રિયા સિવાય બીજો કોઈ માર્ગ નથી. આમ છતાં ય ફ્રાન્સિસે, ખાસ કરીને તો પત્નીની સલાહથી, એ માર્ગ જતો કર્યો અને નિસર્ગોપચારનો માર્ગ અપનાવ્યો. દર્દનું જોર ધીમેધીમે નબળું પડતું ગયું.

ચૌદ-પંદર મહિના આમ વીત્યા હશે ત્યાં રૉયલ એશિયા રેઇસિંગ કલબના નોટિસ બોર્ડ પરની એક જાહેરાત પર ફ્રાંસિસની નજર પડી. એ હતી એકલ પંડે એક હોડીમાં ઍટલાન્ટિક પાર કરવાની હરીફાઈ! વાંચતાં જ ફ્રાન્સિસનો પ્રાણ ઊછળી ઊઠયો અને એ સ્પર્ધામાં ભાગ લેવાના પોતાના નિર્ણયની એમણે જાહેરાત કરી. એ સાંભળી સ્નેહીઓ ચોંકી ઊઠયા: પ્લીમથથી ન્યૂ યૉર્ક સુધીનો ત્રણ હજાર માઈલનો તોફાની દરિયો

સાગર-માર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર પ્રથમ અંગ્રેજ ફ્રાન્સિસ ડ્રેકને ઈંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથ પહેલાંએ 'નાઈટહૂડ'નો ખિતાબ આપ્યો હતો. ચારસો વર્ષ પછી એ જ દેશના એ જ નામના ફ્રાન્સિસ ચિચેસ્ટરનું રાણી ઇલિઝાબેથ બીજાંએ એ જ ખિતાબ આપી એવા જ. સાગરસાહસને બિરદાવ્યું.

સર ફ્રાન્સિસ ચિચેસ્ટરે પોતાની સાહસભૂખ સંતોષવા પ્રથમ વિમાની ઉડ્ડયનોથી આરંભ કર્યો. ઈ. ૧૯૨૯માં એમણે એક વિમાન ખરીદ્યું ને નામ 'જિપ્સી મૅાથ'. (આ નામ એમને બહુ પ્રિય લાગે છે. એમનાં વહાણોને પણ એમણે એ જ નામ આપેલાં.) એકલે પંડે ઇંગ્લૅન્ડથી ઑસ્ટ્રેલિયા સુધી એમાં ઊડીને એમને બર્ટ હિન્કલેરનો ૧૫½ દિવસમાં ૧૦,૦૦૦ માઈલના ઉડ્ડયનનો વિક્રમ તોડવો હતો. જો કે એ વિક્રમ તો ન તૂટયો, પણ હિન્કલેર પછી આવી હામ ભીડનાર ત્યારે તો તેઓ જ એકમાત્ર હતા. ફરી ઈ. ૧૯૩૧માં એમણે આટલાંટિક મહાસાગરના ⅔ ભાગ જેવડા ટાસ્માન સમુદ્ર પરથી ઊડીને ન્યૂ ઝીલૅન્ડથી ઑસ્ટ્રેલિયા જવાનો નિરધાર કર્યો. ઉછીનાં લીધેલાં સાધનો વડે એમણે પોતાના વિમાનને દરિયાઈ વિમાનમાં પલટાવ્યું. (જુઓ વચ્ચેનું ચિત્ર.) આ ઉડ્ડયનમાં વચ્ચે લૉર્ડ હોવ ટાપુ પાસે એમનું વિમાન તૂટી પડ્યું. ટાપુવાસીઓની સહાયથી મરામત કરી સફર પૂરી કરી. એમની યોજના તો પછી સિડનીથી ઊડીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની હતી, પણ જાપાનના કાત્સુઉરા બંદરે ફરી અકસ્માત નડયો ને એમનું વિમાન બંદરના ધક્કા સાથે જઈ અથડાયું (જમણી બાજુ). આ અકસ્માતમાં એમને પણ સારી પેઠે ઈજા થઈ. આ પછી બીજા વિશ્વયુદ્ધને કારણે શાહી વિમાની દળમાં જોડાવાના નિષ્ફળ પ્રયાસો બાદ એમણે પોતાની સાહસવૃત્તિ જહાજી સાહસો પ્રતિ વાળી.

કૅન્સરનો ભોગ બનેલો આ દરદી એકલે હાથે મછવામાં કઈ રીતે પાર કરશે? કેટલાંક સંબંધીઓએ ફ્રાન્સિસનાં પત્નીને સમજાવ્યાં કે આવા નાદુરસ્ત માણસને આવી સ્પર્ધામાં ભાગ લેવાની તમારે મંજૂરી ના આપવી જોઇએ. એ મહિલાનો જવાબ તમારે સાંભળવો છે? શૈલા પણ વીર પતિની વીર પત્ની હતી. એણે હેરત પમાડે તેવો પ્રત્યુત્તર આપ્યો: 'આ હરીફાઈ તો એમની સારવારનો એક ભાગ જ છે!' લાગે છે કે સૌ સ્નેહી-સંબંધીઓનાં મોં સિવાઈ ગયાં હશે.

અને ફ્રાન્સિસે એ સ્પર્ધામાં ઝંપલાવ્યું. મોટીમોટી હિમશિલાઓ સાથે અથડાઈ જવાનો ભય સતત તોળાએલો હતો, પ્રચંડ ફૂંકાતાં તોફાનો સંતાપતાં હતાં, અને છતાંય એ અડગ ધૈર્યથી હોડીમાં બેઠાબેઠા પોતાની સાથે લીધેલું આંગ્લ નાટયકાર શેક્સપીઅરનું નાટક 'ટૅમ્પેસ્ટ' વાંચતા હતા! ન્યૂ યૉર્ક બંદરે એમણે પગ મૂકયો ત્યારે એમની સાહસયાત્રાને કીર્તિકળશ ચડ્યું. ઈ. ૧૯૬૦નું એ યશસ્વી વર્ષ. ત્રણ હજાર માઈલનો તોફાની સાગર 'જિપ્સી મૅાથ-૩' નામે હોડીમાં એમણે ૪૦ દિવસમાં પાર કર્યો, અને ઇંગ્લૅન્ડના જાણીતા સાપ્તાહિક 'ઑબ્ઝર્વર' દ્વારા યોજાએલી એ સ્પર્ધામાં એઓ પ્રથમ આવ્યા. આથી ઉત્તેજિત થઈ ૧૯૬૨માં એ જ સ્પર્ધામાં એમણે ફરી ભાગ લીધો. અને અગાઉના પોતાના વિક્રમ કરતાં આ વખતે એ યાત્રા સાત દિવસ વહેલી પૂરી કરી ફરી પારિતોષિક પ્રાપ્ત કર્યું. ન્યૂ યૉર્કમાં પ્રવેશતા ઉતારુ જહાજ 'ક્વીન એલિઝાબેથે' ત્યારે ત્રણ વાર સાયરન વગાડી એમનું સ્વાગત કર્યું. જો કે ફ્રાન્સિસે આ વખતે એ યાત્રા ૩૦ જ દિવસમાં પૂરી કરવી ધારી હતી; તેના બદલે ત્રણ દિવસ વધુ નીકળી ગયા. આથી હતાશ થવાને બદલે એમણે પ્રતિભાવ આપ્યો: 'If I had succeeded I should have been deprived of the immense sport, anticipation, hope and excitement of trying again.' (જો હું સફળ થયો હોત તો મારો જબરો ખેલાનંદ, પૂર્વધારણા, આશા અને ફરી પ્રયત્ન કરવાની ઉત્તેજના છિનવાઈ ગયાં હોત.) એમના પ્રત્યેક આશાભંગે એમને સાહસ માટે વધુ ને વધુ ઉદ્દીપ્ત કર્યા છે. એમાં વળી તે વખતના અમેરિકાના પ્રમુખ જૉન કેનેડીના અભિવાદને ચાર ફૂલડાં ઉમેરી હશે. ઈ. ૧૯૬૨ની ૪થી જુલાઇએ ફ્રાન્સિસે ન્યૂ યૉર્કના બારામાં પ્રવેશ કર્યો ત્યારે એમના હાથમાં જૉન કેનેડીનો તાર મૂકવામાં આવ્યો:

'વિશ્વવિક્રમ સ્થાપતા તમારા આ નવા પ્રવાસ માટે હાર્દિક અભિનંદન! નાવિક તરીકેની તમારી કુશળતા ને બહાદુરી તો જગખ્યાત છે, પરંતુ તમારી આ નવી સિદ્ધિ તમારી કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે.'

'સર્વોચ્ચ શિખર?' ના; સર્વોચ્ચ શિખર આવવાને તો હજુ વાર હતી. પણ એની કયાંથી કેનેડી કે ફ્રાન્સિસને ખબર હોય? ઈ. ૧૯૬૪માં ઍટલાંટિક પાર કરવાની એક વધુ સ્પર્ધા યોજાઈ. ફ્રાન્સિસે એમાં ઝુકાવ્યું. આ વખતે એ પ્રથમ ના આવ્યા. પ્રથમ આવનાર તો હતા ફ્રાન્સના એરિક ટેબર્લી. ફ્રાન્સિસનું સ્થાન દ્વિતીય રહ્યું; કારણ કે એમની પાસે એરિક જેટલી વિશાળ અને ઝડપી નૌકા નહોતી. પણ નિરાશ થાય એ બીજા. હજી પણ એમની નસોમાં તો સાહસનું સંગીત સતત ચાલુ જ હતું. અને નવરા બેસી રહે તે ફ્રાન્સિસ નહિ. ઈ. ૧૯૬૬માં એમણે હવે નવું નિશાન તાકયું અને એકલે હાથે હોડી દ્વારા પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનો આત્મનિર્ણય કર્યો. આમ તો આવો પ્રથમ પ્રયાસ ફિરંગી નાવિક ફર્ડિનાન્ડ મૅગેલને (Ferdinand Magellan) ઈ. ૧૫૧૯માં પોતાના સાથીઓ સાથે કરેલો ખરો; પરંતુ તે પાછો ફરેલો જ નહિ! પછી રાણી એલિઝાબેથ પહેલીના સમયમાં ઈ. ૧૫૭૭ના ડિસેમ્બરમાં આ ચરિત્રનાયકના નામેરી નૌકા સેનાપતિ ફ્રાન્સિસ ડ્રેઇકે એ જ પ્લીમથ બંદરેથી પાંચ વહાણ અને ૧૬૬ સાથીઓ સાથે પૃથ્વીની પરકમ્મા આરંભી હતી. પણ જ્યારે ૧૫૮૦ના સપ્ટેમ્બર માસમાં એ પાછા ફર્યો ત્યારે પાંચમાંથી એક જ વહાણ અને માત્ર સાઠ સાથીદારો જ બચ્યાં હતાં!


ફરી લગભગ ચારસો વર્ષ બાદ એ જ પ્લીમથ બંદરેથી પૃથ્વીની પરકમ્માએ નીકળનાર ફ્રાન્સિસ ચિચેસ્ટરના પ્રવાસની વિશેષતા એ હતી કે એઓ પોતે 'એકલા જ' સાગર ખેડવાના હતા. પોતાના આ ઐતિહાસિક અને વીરત્વભર્યા પ્રવાસ માટે એમણે નવો મછવો તૈયાર કર્યો. એ મછવો તે 'જિપ્સી મૅાથ-૪'. ત્રેપન ફૂટની આ સ્વયંસંચાલિત મોટરબોટમાં પૂરતી ખાદ્ય સામગ્રી, પીવાનું પૂરતું પાણી, મનોરંજન માટે પુત્ર ગાઈલ્સ અને પત્ની શૈલાએ તૈયાર કરેલી સંગીતની ટેઇપો, પૂરતી વાચનસામગ્રી વગેરે લાદીને ફ્રાન્સિસે ઈ. ૧૯૬૬ના ઑગસ્ટની ૨૭મી તારીખે એ અપ્રતિમ જલયાત્રાનો આરંભ કર્યો.—અને એમાં પોતાની સાહસવૃત્તિને સંતોષવા એમણે તોફાની જલમાર્ગ જ પસંદ કર્યો!

ધસમસતી ગતિએ મછવો માર્ગ કાપતો હતો. ત્યાં તો ૧૫મી નવે-

એક અજોડ બાલેશાળામાં

બાલેના દેશમાં-૬

લેખક · સુનીલ કોઠારી







△ શ્રી નાજદા સાથે સુનીલ કોઠારી. જમણીબાજુ મથાળે બાલેની તાલીમ લેતા વિદ્યાર્થીઓ અને નીચે 'આંપીરૂએત' બાલેની એક મુવમેન્ટ સમજાવતા પ્રો. ત્રિમિકિન

પણ આપણું તીર્થયાત્રા-ધામ છે લેનિનગ્રાડની બાલે સ્કૂલ. દુનિયાની એ જૂનામાં જૂની બાલેશાળા. તેની શરૂઆત થઈ આશરે ઈ. સ. ૧૭૩૦માં. થએલું એવું કે નાચ-કૂદ-ખેલ કરનારાઓની એક મંડળી ઈટાલીથી અહીંના રાજદરબારમાં મુજરો કરવા આવી. રાણી ઍન તેનાથી અતિ પ્રભાવિત થઈ અને એણે ફતવો કાઢયો કે આવી જ તાલીમ આપીને આપણી એક મંડળી ઊભી કરો. ત્યારથી ઇમ્પિરીઅલ કૅડેટ ઍકેડેમીના છોકરાઓને તાલીમ આપવા ક્રિશ્ચિયનવેર્મેન નામે એક વ્યાયામશિક્ષકે કમ્મર કસી. પણ વ્યાયામ શિક્ષકથી કામ કેમ સરે? એટલે પકડયા એક ફ્રેંચ બાલે નર્તક મસ્યુ લાંદેને. રાણી ઍનનો સૂરજ આથમ્યો અને રાણી ઇલિઝાબેથે આ પ્રણાલિ વિકસાવી. પછી આવી કૅથેરીન ધ ગ્રેઈટ. તેણે 'લપિક' નામે ફ્રેંચ અને એન્જિલીઓની નામે ઈટાલીઅન નૃત્ય-શિક્ષકોને બધો કારભાર સોંપ્યો. પછી તો ગાડું ગબડયું. ફ્રાંસથી નામાંકિતો પધાર્યા: દીદેલો, પેરો, સાં લેઑં ને પેટિપા; સ્વીડનથી આવ્યા જોહાનસેન અને ઈટાલીથી કેચેતી. આ ધુરંધરોએ રશિયાની નિજી કહી શકાય તેવી બાલે પદ્ધતિ વિકસાવી. પરિણામે જે ટેકનિક વિકસી તેણે આજે વિશ્વભરમાં નામ કાઢયું છે. આ બધા મહાનુભાવો પાસે શીખનાર રશિયન નર્તકોની એક પેઢી તૈયાર થઈ, જેમાંના પ્રીઓબ્રાજેન્સ્કા, ચેસીન્સ્કાયા, ફોકીન, લીગાત અને વાગોનાવાનાં નામો બોલીએ તો મારા વા'લા રશિયનો આપણા આશક થઈ જાય. આ ગુરુવર્યોએ બાલે પદ્ધતિને ઓપ આપ્યો, રંગ આપ્યો ને વિશિષ્ટતા આપી.

શાળા શરૂ થઈ ત્યારે તો રાજદરબારની અંગત માલિકીની 'ઇમ્પિરીઅલ બાલે સ્કૂલ' હોઈ બધા અર્થમાં રાજારાણીની મુનસફી પર નભનારી. ત્યાં ફાવે તે ભણવા શીખવા જઈ શકે જ નહિ. રાજારાણી કે કો'ક લાગવગ ધરાવનાર ઉમરાવની મહેરબાની ઊતરે તો જ ત્યાં પ્રવેશ મળે. પહેલાં તો તેના વર્ગો વિન્ટર પૅલેસમાં લેવાતા, પણ ઈ. ૧૮૨૫માં તેનું સ્વતંત્ર મકાન થયું ને ત્યારથી માંડીને તે હજી ત્યાં જ વર્ગો લેવાય છે. તે બાંધનારો સ્થપતિ તે આર્કિટેક્ટ ચાર્લ્સ રોસી. એ તો મૂળે ઈટાલીનો. તેની માતા ગર્ટ્રુડ પોતે જાણીતી બૅલેરિના. રોસીનું પૂતળું રશિયન મ્યૂઝિયમ પાસે ઊભું છે. રોકોકો (Rococo) શૈલીમાં આ ઉસ્તાદે કંઈક ઈમારતો ઊભી કરી છે. માઇકેલ પૅલેસ ને વિન્ટર પૅલેસ સર્કસ ને ઍલેક્ઝાન્ડ્રિસ્કી થીએટર—એક જોઈએ તો બીજું ભૂલીએ, એવું એનું સ્થાપત્ય.

થીએટર સ્ટ્રીટમાં જતાં પહેલાં નેવસ્કી પ્રોસ્પેક્ટ આવવું પડે. જમણી બાજુ સલ્ટીકોવ પબ્લિક લાયબ્રેરી. તેની સુંદર સ્તંભાવલિની શોભા જોતાં આગળ વધીએ કે આવે ઍલેક્ઝાંન્ડ્રી થીએટર. હવે તે પુશ્કિન થીએટર તરીકે ઓળખાય છે. ત્યાંથી ડાબે વળતાં થીએટર સ્ટ્રીટ. એની રચના એવી કરેલી છે કે બન્ને બાજુ સરખાં બારી, બારણાં, સ્તંભો, કમાન, ને માપ-પ્રમાણ બરાબર. પુશ્કિન થીએટરનો પાછલો ભાગ ત્યાં દેખાય અને પર્સ્પેક્ટિવ જોતાં જાણે સુંદર ચિતરામણ કરેલો થીએટરનો બૅક-ડ્રોપ! એટલી સપ્રમાણતા. ત્યાં બારણે એક નાનું શું બોર્ડ-પાટિયું. રશિયનમાં લાંબું લચક નામ લખેલું છે: 'ધ લેનિનગ્રાડ સ્ટેઈટ કોરીઓગ્રાફિક સ્કૂલ, ઍવાર્ડેડ એ રેડ બૅનર ઑર્ડર નેઈમ્ડ આફ્ટર વાગાનોવા.' અહીં પાછા અમુક મહત્ત્વની ઈમારતોને ય માનચાંદ આપે!


આ વાગાનોવા તે બારેની વખણાએલી શિક્ષિકા. તેણે માયાપ્લીસેત્સ્કાયાને ખાસ તૈયાર કરેલી. વાગાનોવાની ટ્રેઈનિંગ એટલે અજોડ. તે એટલી હદે કે હવે તો તેના નામે જ એ શૈલી ઓળખાય છે. તમે યુરોપભરની બૅલે શાળામાં જાઓ તો ક્યાંક ને ક્યાંક આ વાગાનોવા સ્કૂલ (શૈલી)નાં શિક્ષકશિક્ષિકા મળી આવવાનાં. તેની પાસે મહિનો માસ બે મહિના કે છ મહિના જે કોઈને શીખવા મળ્યું હોય તે બધાંને તેની ટેકનિકનો જાદુઈ સ્પર્શ. તે સૌએ આદર્શ પ્રણાલિને શિસ્તપૂર્વક દૃઢ રીતે વફાદાર રહે. આજથી બાવીસેક વર્ષ પર વાગાનોવાનું અવસાન થયું. તેણે 'ફંડામેન્ટલ્સ ઑવ ધી ક્લાસિકલ ડાન્સ' નામે ગ્રંથ લખ્યો છે. તે ગ્રંથ આધારભૂત ગણાઈ ને બૅલેની દુનિયામાં ગીતા જેમ વંચાય ને પ્રમાણાય છે.

રશિયામાં અને યુરોપમાં પણ આ દરેક બાલે શાળા જોડે ત્યાંના મુખ્ય ઑપેરા હાઉસનો ઘનિષ્ઠ સંબંધ; કારણ આ શાળામાંથી ઉત્તીર્ણ થનાર કલાકારો પછી તે તે ઓપેરા હાઉસોની મંડળીમાં જોડાય. આમ આ બે સંસ્થાઓ અરસપરસ સમજણપૂર્વક કામ કરે. લેનિનગ્રાડનું કિરોવ ઓપેરા હાઉસ પૂર્વે રાણી મેરીના નામ પરથી મારિન્સ્કી થીએટર નામે ઓળખાતું. રશિયાની જાહોજલાલીના કાળનું આ થીએટર બસો વર્ષથી ઉત્તમોત્તમ કલાકારોની રંગભૂમિ ગણાયું છે. દુનિયાભરની મીટ તેના પર મંડાએલી રહે છે. નીજિન્સ્કી, પાવલોવા, ચેસિન્સ્કાયા, ગાલિના ઉલાનોવા કાર્સાવિના એ બધાંએ ત્યાંનો તખતો ગજાવેલો અને દંતકથાનાં પાત્રો જેટલી ઉજ્જવળ કીર્તિ સંપાદિત કરેલી. રશિય માં ક્રાંતિ થઈ ગયા પછી તેનું નામ લેનિનગ્રાડના વિખ્યાત બૉલશેવિક નેતા સર્ગેઈ કિરોવની યાદી અમર કરવા માટે કિરોવ થીએટર પાડવામાં આવ્યું છે અને ત્યાંની મંડળી તે કિરોવ કમ્પની. આજે સર્વત્ર ચકચાર જગવનાર ને રશિયા છોડીને ગએલા પુરુષ નર્તક ન્યુરેવ અને નર્તકી મૅકારોવા તે આ બાલે સ્કૂલ અને થીએટરનાં જ ફરજંદ. આજે ત્યાં દુદિન્સ્કાયા અને સર્જેયેવ બે જણા સરકારની નિગાહ હેઠળ બધો વહીવટ સંભાળે છે. તેમાં યે જુવાન ફૂટડી નર્તકીઓ અલ્લા સિઝોવા અને અલ્લા ઑસિપેન્કોને જોવી કે ઇરિના કોલ્પાકોવાને તેની બારે મૂઝવણ થયા કરે.

કોણ ચડિયાતી તેનો નિર્ણય ન તો શિક્ષકો કરી શકે કે ન તો પ્રેક્ષકો, એવી એકએકથી ચડિયાતી નર્તકીઓનો ફાલ અહીં ઊતરે! અને એટલું જ મહત્ત્વ પુરુષ નર્તકનું. તેમની ટ્રેઇનિંગ વળી વધુ કડક. તેમના સુદૃઢ બાંધા, પુરુષાતનભર્યા છટાદાર અંગમરોડ, સિંહફાળ, સ્તબ્ધ કરી મૂકે તેવાં અવકાશમાંનાં ઉત્પ્લવનો બધું જોઇએ તો આ આખીય વિશિષ્ટ નર્તન પ્રણાલિનો કંઈક અણસાર મળે. પેપીબાઈ, સ્ત્રૈણ, માયકાંગલા, નખરાળા કે નમાલા નર્તકનો પડછાયો અહીં જોવા મળે નહિ. અને પુરુષ નર્તકોનું માન પણ ભારે. કોઈ તેમને જોઇને નાકનું ટીચકું ચડાવે નહિ. યુરોપમાં અન્યત્ર હજી યે પુરુષ નર્તકો પરત્વે કંઈક હીણપતના ભાવથી જોવામાં આવે છે તેવું વલણ રશિયામાં ક્યાંય નજરે ચડે નહિ.

કિરોવ ઓપેરા હાઉસની સામે જ કોરીઓગ્રાફિક કૉન્ઝર્વેટવાર–નૃત્ય સંકલના–માટે અલાયદી શાળા. ત્યાં વિશ્વભરના નૃત્ય દિગ્દર્શકો 'કોર્સ' અભ્યાસક્રમ માટે આવે. ત્યાંની વરિષ્ઠ શિક્ષિકા માદામ નીના મારી-માનોવાને મિ. ગુસેવે ટ્રંક કૉલ દ્વારા મારા આગમન વિષે કહી રાખેલું. હું પહોંચ્યો ત્યારે મને લેવા અને નૃત્યવર્ગોમાં લઈ જવા બારણે એક વિદ્યાર્થી હાજર. પરીક્ષાઓ નજીક હોવાથી કેટલાંક બાલેનાં રીહર્સલ ચાલતાં હતાં. એ બધી કોરીઓગ્રાફીના કોર્સમાં પરદેશથી ઉત્તીર્ણ થવા આવેલા સંકલનકારોની રચનાઓ હતી. બારસોએક જણા માઈ શકે તેવા ઑાડિટોરિયમમાં અંધારામાં પ્રવેશ્યો. એક મધ્યમ કદની સ્ત્રીએ બહુ ઉત્સાહપૂર્વક આવકાર્યો. સ્ટેજ પર બાલે ચાલતાં હતાં. પાંચથી સાત નર્તકો જુદાં જુદાં વર્તુળો રચી કોઈ ઍબસ્ટ્રેક્ટ બાલેનું રીહર્સલ કરતા હતા. માદામ નીનાએ બાજુમાં બેઠેલા પ્રોફેસર સ્તુપ્નીકોવનો પરિચય કરાવ્યો. તે મિ. ગુસેવના પરમ મિત્ર અને લેનિનગ્રાડના વિખ્યાત બાલે ક્રિટિક ઉપરાંત લેનિનગ્રાડ યુનિવર્સિટીમાં ફાઈલૉલૉજીના પ્રાધ્યાપક, ઊંચા, સશક્ત બાંધાના, રીમ ગોલ્ડની ફ્રેઈમનાં ચશ્માંવાળા અને હસ-મુખા માયાળુ. સરસ અંગ્રેજી જાણે. તેમને મિ. ગુસેવે વિશેષ ભલામણ કરી હોવી જોઈએ તેથી ખાસ સમય કાઢીને આવ્યા હતા. તે એટલા તો સંમાન્ય વિદ્વાન હશે તેની તો મોસ્કો પાછા ફર્યા બાદ જ મને ખબર પડી પરંતુ તેમની મૈત્રીની ફોરમ ક્યારે ય ભુલાશે નહિ. તેમણે કોરી-ઓગ્રાફિક સ્કૂલનું મહત્ત્વ, મિ. ગુસેવનું યુગવર્તી કાર્ય, લેનિનગ્રાડની સર્વોચ્ચ નૃત્યશાળા વગેરેનો વિગતવાર પરિચય આપ્યો. અમે જોયાં તે રીહર્સલ વખતે માલી થીએટર (માલી એટલે નાનું)ના કળાકારો આ-વેલા. તેમને બાલે રચવાની ખાસ સગવડ આપવામાં આવેલી. બાલેનું નામ હતું 'થ્રી કૉર્નર્ડ હેટ' આ ક્લાસિકલ બાલે ન હોઈ મને નવાઈ લાગી કે રૂઢિ પ્રણાલિનું આગ્રહી માનસ નવતર પ્રયોગો કરવા ઉદ્યુક્ત થયું કે કેમ? માદામે જણાવ્યું કે આવાં એબસ્ટ્રેક્ટ રીતિના પ્રયોગો પણ હવે આવકાર્ય છે. જો કે એ પ્રયોગ રૂપે જ અહીં ભજવાશે.

કિરોવની વાત નીકળી. કહે કે એમાં ૨૨૦ નર્તકોનું વૃંદ છે. જ્યારે



પુશ્કિન (જૂનું ઍલેક્ઝાંડ્રીઅન) થીએટર (ફોટો · સુ. કોઠારી)

મોસ્કો ખાતે ૪૪૦નું. કિરોવ કમ્પનીના બાલે સતત ભજવાય. પ્રવાસે હોય ત્યારે ય લેનિનગ્રાડમાં બાલે ભજવાય. ત્યાં કામકાજ બંધ નથી રહેતું. તેવી પ્રણાલિ, રીતરસમ, તેવાં શક્તિસંપન્ન કળાકારો નૃત્યશાળા પ્રતિવર્ષ તૈયાર કરે જ. આ કોરીઓગ્રાફીક—નૃત્યસંકલનના અભ્યાસ-ક્રમમાં ચાર કોર્સમાં દરેકમાં વીસ વીસ જણાંને લીધેલાં. એટલે ૮૦ જણાં પરદેશથી અહીં ભણવા, ભણાવવા, નવું જોવા, બતાવવા અને આમ કળા જગતના સીમાડા વિસ્તારવા આવેલાં. તે ઉપરાંત રશિયા-ના નૃત્ય દિગ્દર્શકો—સંકલનકારો પણ ખરા. સોવિયેત રીપબ્લિકના આવડા મોટા દેશમાં દરેક વિભાગમાં મોટાં શહેરોમાં બાલેશાળાઓ, બાલે થીએટરો, બાલે કમ્પનીઓ. લેનિનગ્રાડ-મોસ્કોમાં ભણી તૈયાર થઈ આખા રીપબ્લિકમાં તેઓ વહેંચાઈ જાય જેથી એક સમતોલ સ-પ્રમાણ અને ઉચ્ચ ધોરણ સમગ્ર રાષ્ટ્ર માટે જળવાઈ રહે. લગભગ તેવી ૩૩ કમ્પનીઓ આખાય રશિયામાં છે.

આ બધી માહિતી મેળવતાં, બધું જોતાં પ્રત્યક્ષ અનુભવતાં સારી પેઠે પ્રભાવિત થયો. આપણે ત્યાં હવે પ્રમુખતયા સાત શાસ્ત્રીય નૃત્ય-શૈલીઓ સ્થિર થઈ છે. તેમાં પાછા પ્રભેદો છે, છતાં સર્વમાન્ય ભરત-નાટ્યમ્, કથકલી, કથક મણિપુરી, કુચીપુડી, ઓડિસ્સી અને મોહિની આટ્ટમ વિશે હજી એક સુનિશ્ચિત ધોરણની વ્યવસ્થા રાષ્ટ્રીય ધોરણે નથી થઈ શકી. માત્ર કેરળ કલામણ્ડલમ્ કથકલી માટે અને કલાક્ષેત્ર મદ્રાસ ખાતે ભરતનાટ્યમ્ માટે ઉત્તમ સગવડો અને ઉચ્ચ શિક્ષણનો આગ્રહ કેળવે છે. પરંતુ એક રાષ્ટ્રીયગૌરવ તરીકે તેના પ્રસારણની જેવી રશિયામાં સગવડો છે તેવી તેવા પાયા પર આપણે ત્યાં નથી. તેવી ભૂ-મિકા જો ઘડાય તો આપણા સાંસ્કૃતિક વારસાની ઉત્તમ જાળવણી થાય.

રીહર્સલ પ્રત્યે મને થીએટર બતાવવામાં આવ્યું. અહીં જ ભા-રતનાં નર્તક નર્તકીઓ સાંસ્કૃતિક વિનિમય કરાર અન્વયે આવે ત્યારે કાર્યક્રમો આપે છે તે જાણી આનંદ થયો. અગાઉ ત્યાં ઈન્દ્રાણી રહેમાન, ઝવેરી બહેનો, બિરજુ મહારાજ, કુમુદિની લાખિયા, મૃણાલિની સારા-ભાઈ વગેરેએ કાર્યક્રમો આપ્યા છે જાણી પ્રસન્નતા થઈ. માદામે પછી અન્ય વર્ગો, સંગીતના વર્ગો, કૉન્ફરન્સરૂમ બધું બતાવ્યું. સંગીતકારો-ની સ્મૃતિમાં તે તે સંગીતકારોનાં નામો તે તે ખંડોવર્ગો જોડે સાં-કળ્યાં છે. ત્યાં તેમની પ્રતિમાઓ ગોઠવી છે. આવાં આદરભક્તિ જોઈ ધન્યતા અનુભવી.

પૂરા બે અઢી કલાક ત્યાં ગાળી પ્રોફેસર સ્તુપ્નીકોવે લેનિનગ્રાડ કોરીઓગ્રાફિક સ્કૂલની મુખ્ય બાલે-શાળાએ જવાનો પ્રસ્તાવ મૂક્યો. માદામે ફરી જ્યારે પણ તેમની શાળામાં આવવું હોય ત્યારે આવવાનું નિમંત્રણ આપ્યું અને હું તથા પ્રોફેસર રોસી સ્ટ્રીટ તરફ વળ્યા. ☐

આજીવન લવાજમ વિષે


'કુમાર'નું આજીવન લવાજમ જે હાલ રૂ. ૩૦૦ છે તે, વધતી જતી મોંઘવારીના સંદર્ભમાં, ૧લી માર્ચ ૧૯૭૫થી વધારીને રૂ. ૪૦૦ કરવામાં આ-વશે. આગામી ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં જૂના દરે નોંધાવાની હજી તક છે. —સંચાલક

સૂર્ય અને ચંદ્ર પછીનો સૌથી વધુ તેજસ્વી દેખાતો પિંડ

સૂર્યમાળાના ગ્રહો-૨

શુક્ર

લેખક · ડૉ. યશવંત ગુ. નાયક



વાદળછાયા શુક્રનું 'મરીનર-૧૦' દ્વારા ૭,૨૪,૫૦૦ કિ.મી. (૪,૫૦,૦૦૦ મા.) દૂરથી દર્શન. એમાં દેખાતાં વાદળો એ ત્યાંના વાતાવરણમાં સમાએલા ૯૫ ટકા જેટલા કાર્બન ડાયોક્સાઈડના કારણે છે. આપણાં વાદળો સોળેક કિ.મી. જેટલે ઊંચે પણ માંડ પહોંચે છે, જ્યારે શુક્રનાં આ વાદળોનો સ્તર ૫૬ કિ.મી.થી યે વધુ ઊંચે સુધી વિસ્તરેલો છે. શુક્રના આ ઘટ્ટ વાતાવરણને કારણે તેના ભૂપૃષ્ઠ પર ભયંકર ગરમી હશે અને એ વાતાવરણનું દબાણ પણ આપણા કરતાં સો ગણું વધુ હશે, જે ૦·૮૦૫ કિ.મી. ઊંડે દરિયાના પાણીમાં હોય એટલું લગભગ થાય, અને એથી એમાંથી પસાર થતાં અવકાશયાનો ત્યાંની ભૂમિ પર ઊતરતાં પહેલાં જ નાશ પામે. આવા ઘટ્ટ વાતાવરણને કારણે શુક્રના વિષુવવૃત્ત પરની ભયંકર ગરમીમાં ધાતુઓ પણ પીગળી જાય તો અત્યંત પ્રતિકૂળ સ્થિતિમાં યે ટકી શકે એવાં ક્ષાર સરોવરો કે ઊકળતા પાણીનાં ઝરણાં પણ ક્યાંથી ટકે? અને જળતત્ત્વને જીવસૃષ્ટિની ઉત્પત્તિનો આધાર ગણીએ તો શુક્ર પર એની કોઈ શક્યતા નથી. છતાં એવો યે મત છે કે અન્ય ગ્રહ પર જીવોત્પત્તિ માટે પૃથ્વી પર છે તેવી સ્થિતિની જરૂર ન યે હોય અને ત્યાંની આગવી સ્થિતિને અનુરૂપ જીવવિકાસ પણ સંભવી શકે. વળી શુક્રના વાતાવરણના ઉપરના સ્તરની ઠંડી અને ભૂપૃષ્ઠ નજીકની ભયંકર ગરમી વચ્ચે ક્યાંક અનુકૂળ ઉષ્ણતામાનમાં કોઈ સૂક્ષ્મ જીવ સંભવી પણ શકે. પણ આ તો એક સૈદ્ધાંતિક કલ્પના છે.

પૂર્વાકાશમાં સૂર્યોદય પહેલાં અને પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી દેખાતો આ ગ્રહ સૌથી તેજસ્વી છે. આકાશમાં ચંદ્ર પછી સૌથી તેજવાન આ ગ્રહ દરેકનું ધ્યાન દોરે છે. પુરાતન કાળથી આ ગ્રહને માનવી જોતા આવ્યો છે છતાં એના વિષે આજ સુધી બહુ માહિતી પ્રાપ્ત થઈ ન હતી. પૂર્વમાં અને પશ્ચિમમાં દેખાતો આ ગ્રહ કદાચ બે જુદા તારા હશે એમ પશ્ચિમના દેશોમાં શરૂમાં તો માનવામાં આવતું હતું અને તેથી આશરે ઈ. સ. પૂર્વે ૫૦૦ની સાલ પહેલાં પૂર્વનો તારો ફૉસ્ફરસ અને પશ્ચિમનો હેસ્પરસ નામે ઓળખાતો હતો. પરંતુ એક મહાન ગ્રીક ગણિતશાસ્ત્રીએ પ્રતિપાદિત કર્યું કે આ બંને તારા એક જ છે. ભારતમાં તો પુરાતન કાળથી પૂર્વ ને પશ્ચિમનો આ તારો એક જ છે ને તે સૂર્યનો ગ્રહ છે એવી માન્યતા હોવાની માહિતી જ્યોતિષશાસ્ત્રમાંથી મળે છે.

સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતા ગ્રહોમાં શુક્ર આપણી પૃથ્વીની ઘણો નજીક છે અને બુધ પછીનો બીજો ગ્રહ છે. સૂર્યથી એનું સરેરાશ અંતર આશરે ૧૦,૮૧,૯૨,૦૦૦ કિ. મી. (૬,૭૨,૦૦,૦૦૦ મા.) જેટલું છે. એની કક્ષા લગભગ પૂર્ણ વર્તુલાકાર હોવાથી સૂર્યથી એના અંતરમાં નોંધપાત્ર ફેરફાર થતો નથી. શુક્રનું કદ લગભગ પૃથ્વીના જેવડું જ છે અને એનો વ્યાસ ૧૨,૩૯૭ કિ. મી. (૭૭૦૦ મા.) છે. જ્યારે પૃથ્વીનો ૧૨૭૫૧·૨ કિ. મી. (૭૯૨૦ મા.)નો છે.

ચંદ્ર અને બુધની પેઠે શુક્રની પણ કળા દેખાય છે. ગૅલિલિયોએ પહેલવહેલું દૂરબીન બનાવ્યું તેના વડે શુક્રની કળાનું તેણે અવલોકન કર્યું હતું અને આ રીતે ગ્રહો સૂર્યની ફરતે પરિભ્રમણ કરે છે એ કેપ્લરના વાદને પૂર્તિ આપી હતી. પૃથ્વીની કક્ષા લંબવર્તુલ છે અને તેથી શુક્ર અને પૃથ્વીની યુતિ થાય છે ત્યારે એ બે ગ્રહો વચ્ચે લઘુતમ અંતર હોય છે, જે ૪,૧૮,૬૦,૦૦૦ કિ. મી. (૨,૬૦,૦૦,૦૦૦ મા.) જેટલું હોય છે. બહિર્યુતિ વખતે આ અંતર વધીને ૨૫·૭૬ કરોડ કિ. મી. (૧૬ કરોડ મા.) જેટલું થાય છે. આને કારણે શુક્રના દેખીતા કદમાં પણ દૂરબીન મારફતે ઘણો તફાવત સ્પષ્ટપણે જોવા મળે છે.

શુક્રનો સૂર્યની આસપાસ ફરવાનો પરિક્રમણ કાળ આપણા ૨૨૫ દિવસ જેટલો થાય છે. આથી પૃથ્વી ઉપરનો ૧૫ વર્ષનો છોકરો શુક્ર ઉપર- (ત્યાં માનવી હોય તો!) તે ૨૪ વર્ષનો ગણાય, કારણ કે ત્યાંનું વર્ષ આપણા કરતાં ઘણું ટૂંકું છે.

શુક્રનું કદ અને એના દ્રવ્યની ઘનતા લગભગ પૃથ્વીના જેટલાં હોવાને કારણે એનું ગુરુત્વાકર્ષણ બળ પણ લગભગ પૃથ્વીના જેટલું જ છે. આ કારણથી જેમ પૃથ્વી ઉપર વાતાવરણના વાયુના અણુઓની ગતિ પૃથ્વીને છોડવાના વિમોચન વેગ (escape velocity) કરતાં ઓછી હોવાથી પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળને કારણે તેની સાથે બદ્ધ થઈ જળવાઈ રહે છે તેવી જ રીતે શુક્રનું વાતાવરણ પણ તેની ફરતે જળવાઈ રહ્યું છે.

બધા ગ્રહોમાં શુક્ર એક જ એવો ગ્રહ છે કે જેની સપાટી નજરે પડતી નથી. એની ફરતે સફેદ અને ઘટ્ટ અંગારવાયુ (કાર્બન ડાયૉક્સાઈડ)નાં વાદળો છે અને તેથી તેના ભૂપૃષ્ઠનું દર્શન થઈ શકતું નથી. આ સફેદ વાદળોમાંથી સૂર્યનો પ્રકાશ પરાવર્તન પામવાથી તે અત્યંત તેજસ્વી લાગે છે. આ ઉપરથી સાબિત થાય છે કે શુક્રના વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડ વાયુનું પ્રમાણ બહુ મોટું છે, બલ્કે વાતાવરણનો એ એક મુખ્ય ભાગ છે. આ વાદળોને કારણે શુક્રની ભૂમિ ઉપરનું ઉષ્ણતામાન જળવાઈ રહે છે અને તે સૂર્ય તરફની બાજુએ ૧૪૦° ફેરનહાઈટ જેટલું અને બીજી અંધારી બાજુએ —૪° ફેરનહાઈટ જેટલું હોય છે.

કાર્બન ડાયૉક્સાઈડ વાયુના આટલા મોટા પ્રમાણને કારણે શુક્રની સપાટી પર કોઈ જીવન શક્ય નથી. વનસ્પતિસૃષ્ટિ પણ હોઈ ન શકે, કારણ કે જો તે હોય તો કાર્બન ડાયૉક્સાઈડને તે શોષી લે અને એથી વાતાવરણમાં ઑક્સિજન વાયુ ભેગો થાય. પચાસ કરોડ વર્ષ પહેલાં કૅમ્બ્રિયન કાળમાં પૃથ્વી પર પણ વાતાવરણમાં શુક્રની પેઠે મોટા પ્રમાણમાં કાર્બન ડાયૉક્સાઈડ હતો એમ મનાય છે. આથી હવે પછી બીજાં ૫૦ કરોડ વર્ષ બાદ શુક્ર ઉપર પણ જીવનની શરૂઆત થાય તેમ માની શકાય.

પૃથ્વીની પેઠે શુક્ર પોતાની ધરી ઉપર આશરે ૨૨ થી ૩૦ કલાકમાં એક ચક્ર પૂરું કરે છે તેમ મનાય છે.

ગયા ફેબ્રુઆરીમાં 'મરીનર-૧૦' નામનું અમેરિકન અવકાશયાન શુક્રની નજીકથી પસાર થયું ત્યારે તેના દ્વારા શુક્રની સપાટીની આશરે ૩૫૦૦ જેટલી છબીઓ પ્રાપ્ત થઈ હતી. આ ફોટોચિત્રો પરથી જે કેટલીક માહિતીઓ ઉપલબ્ધ થઈ છે તેમાંથી મુખ્યત્વે ૧) શુક્રના વાતાવરણમાં રહેલા કાર્બન ડાયૉક્સાઈડનાં વાદળો તેની ચક્રગતિથી ૬૦ ગણી ઝડપે

શુક્ર વિષે અન્ય ગ્રહોની સરખામણીમાં આપણે ઓછું જાણીએ છીએ ત્યાંના ઘટ્ટ વાતાવરણને કારણે દૂરબીન દ્વારા એના ભૂપૃષ્ઠનું અવલોકન અશક્ય છે. અતિ શક્તિશાળી રાડાર તથા રશિયાનાં 'વેનેરા' અને અમેરિકાનાં 'મરીનર' યાનો દ્વારા મળેલી માહિતી ને એમાંથી તારવેલાં સૈદ્ધાંતિક તથ્યો ઉપરાંત નિશ્ચિતપણે શુક્ર વિષે બહુ ઓછું જ્ઞાન આપણી પાસે છે. શુક્ર પર ઊતરવાની બધી જ પ્રતિકૂળતાઓ પાર કરીને યે જો તેની ભૂમિ પર પહોંચીએ તો એ વાતાવરણની ઘટ્ટતાને કારણે ચોપાસ ધુમ્મસ જેવું જ લાગે અને કંઈ દેખાય નહિ. વળી, ત્યાંના વાતાવરણની ઘટ્ટતામાં વક્રીભવન પામતાં પ્રકાશકિરણોને કારણે આપણે જાણે ખાડામાં ઊભા હોઈએ ને ચોપાસની ધરતી અધ્ધર હોય તેવું. દેખાય—અલબત્ત, જો દેખાય તો જ. વક્રીભવન પામી પ્રકાશ ચોપાસ ફેલાઈ જવાનો સિદ્ધાંત સ્વીકારીને કલ્પનાનો તરંગ લંબાવીએ તો, જો ત્યાંનું વાતાવરણ પારદર્શક બની જાય તો આંખ ફેરવ્યા વિના યે આપણે ચારે પાસનું દશ્ય જોઈ શકીએ. વિપુલ પ્રમાણમાં કાર્બન ડાયૉક્સાઈડ હોવા ઉપરાંત શુક્રના વાતાવરણમાં બીજું શું શું છે તે નિશ્ચિત નથી. પણ શુક્રની લાક્ષણિક પીળાશ પરથી મનાય છે કે તેના વાતાવરણમાં પારાનાં મિશ્રણો ને લોહક્ષાર વગેરે કદાચ હશે. જો કે નરી આંખે તો શુક્ર નીલશ્વેત જ દેખાય છે. એના વાદળના સ્તર પરથી પરાવર્તિત થઈ આવતાં સૂર્યકિરણો એને આગવી તેજસ્વિતા અર્પે છે, જે છઠ્ઠા વર્ગના અતિ ઝાંખા તારા કરતાં ૧૦,૦૦૦ ગણી તેજ છે. વધુમાં વધુ તેજસ્વી દેખાય ત્યારે શુક્ર ગુરુ કરતાં છ ગણો તેજસ્વી લાગે છે, ને અંધારી રાતે પડછાયો પાડવા જેટલું તેજ પ્રસારે છે. આનું એક કારણ છે તેના પરનો કાર્બન ડાયૉક્સાઈડ. પૃથ્વી પર પણ લગભગ એટલો જ કાર્બન ડાયૉક્સાઈડ છે, પણ આપણા વાતાવરણમાં એમાંના એક ટકાથી યે ઓછો ભાગ ભળેલો છે, જ્યારે બાકીનો દરિયાના પાણીમાં, ચૂનાના પથ્થરો અને શંખ છીપલાં વગેરેમાં કૅલ્શ્યમ કાર્બોનેટ રૂપે ભળેલો છે. જો એ બધો છૂટો પડે તો અહીં પણ એનાં એવાં જ ઘટ્ટ વાદળો બંધાઈ જાય.

શુક્રની સપાટી તો જોઈ શકાતી નથી એટલે એના ધરી પર ફરવાના સમય વિષે ૨૨ કલાકથી માંડી ૩૬૫ દિવસ સુધીની માન્યતાઓ પ્રચલિત હતી. પણ હવે જણાયું છે કે, શુક્રની ધરતી આછા ઢાળ-ચઢાણવાળી છે. પોતાની ધરી પર એ દર ૨૪૩ દિવસે એક ચક્ર પૂરું કરે છે અને એની એ ગતિ પૃથ્વી કરતાં અવળી દિશાની છે. એની એ અતિ ધીરી ને અવળી ગતિ તથા સૂર્યની પ્રદક્ષિણાના એને લાગતા ૨૨૫ દિવસને કારણે ત્યાં આપણા દર ૧૧૭ દિવસે (આપણી દૃષ્ટિએ) પશ્ચિમમાં સૂર્યોદય થાય છે. સૂર્યની નજીક હોવાના કારણે પૃથ્વી કરતાં લગભગ બેવડો સૂર્યપ્રકાશ શુક્ર પર પડે છે. એની તેજસ્વિતાનું આ પણ એક કારણ છે, અને એથી દૂરબીનમાંથી શુક્રનો વેધ લેવો મુશ્કેલ પડે છે.

ચંદ્ર સૂર્યથી ૧૨° ઉપર જાય ત્યારે દેખાય છે, જ્યારે શુક્ર ૮° ઉપરથી. દિવસના અજવાળામાં એ એક જ ગ્રહ જોઈ શકાય છે. પૂર્વમાં પરોઢિયે અને સાંજે પશ્ચિમમાં એ લગભગ ૮॥ મહિના દેખાયા પછી અસ્ત થાય છે. તેર-ચૌદ મહિને ગુરુ અને શુક્રનો મેળાપ જોવા મળે છે. અંતર્યોગ (શુક્ર સૂર્ય ને પૃથ્વીની વચ્ચે) હોય કે બહિર્યોગ (શુક્ર સૂર્યની પાછળ) હોય ત્યારે શુક્ર જોઈ શકાતો નથી. ચંદ્ર ને શુક્રની કળાના વૃદ્ધિક્ષયનો નિયમ સરખો જ છે, પણ અંતર્યોગ વખતે શુક્રની અમાવાસ્યા ને બહિર્યોગ વખતે એની પૂર્ણિમા થાય છે, ત્યારે એનો અસ્ત હોઈ ચંદ્ર પેઠે શુક્રનું પૂર્ણબિંબ જોઈ શકાતું નથી. વદ બીજના ચંદ્ર જેવો દેખાવાથી માંડી અસ્ત થતાં પહેલાં વદ ચૌદશના ચંદ્ર જેવી એની કોર માત્ર દેખાય છે. શુક્ર અને પૃથ્વીની કક્ષાની સપાટી વિષમ હોઈએ જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે (અંતર્યોગ) હોય ત્યારે એ સૂર્યની આડે ન આવતાં સહેજ ઉત્તરે કે દક્ષિણે હોય છે. લગભગ ૨૪૩ વર્ષોમાં બે જ વાર સૂર્યબિંબ પરથી એનું અધિક્રમણ થતું જોવા મળે છે. એક અધિક્રમણ પછી ૧૦૫½, ૮, ૧૨૧½ અને ૮ વર્ષે એ ક્રમબદ્ધ થાય છે. એના આ અધિક્રમણની નિયમિતતા કૅપ્લરે શોધી હતી. તા. ૨૦મી જાન્યુઆરીએ પશ્ચિમ આકાશમાં સૂર્યાસ્ત પછી બુધ-શુક્ર યુતિ અને તા. ૧૭–૧૮મી ફેબ્રુઆરીએ વહેલી સાંજે ગુરુ અને શુક્રની યુતિ જોઈ શકાશે ગુરુ-શુક્ર જેવા તેજસ્વી ગ્રહોનું એક સાથે દર્શન પ્રેક્ષણીય છે.

જ્યોતિષીઓના મત પ્રમાણે શુક્રની પ્રકૃતિ વાત અને કફયુક્ત છે. વીર્યનો એ અધિપતિ છે. હડપચી, ગળું, ગાલ, શુક્રસ્થાન, યોનિ, રક્તવાહિની વગેરે પર એનો પ્રભાવ છે અને ગુપ્ત ભાગમાં કષ્ટ અને દરદો શુક્રના દોષથી થાય છે. —સંપાદકીય

ગતિ કરે છે, ૨) શુક્રના ધ્રુવપ્રદેશમાં આ વાદળો વધુ ઠંડાં અને ઘટ્ટ હતાં તથા ૩) શુક્રના વિષુવવૃત્ત ઉપરનાં વાદળોમાં ઠેર ઠેર મોટાં ગાબડાં હતાં એમ જાણવા મળ્યું છે. શુક્ર ઉપર પણ ચુંબકબળ છે અને તે પૃથ્વીના કરતાં પ્રમાણમાં વધુ પ્રબળ જણાયું છે.

પૃથ્વી અને સૂર્યની સીધી લીટીમાં જ્યારે શુક્ર પસાર થાય છે ત્યારે અધિક્રમણ થાય છે ને સૂર્ય ઉપર કાળો ગોળ ડાઘ મુસાફરી કરતો દેખાય છે. આવું અધિક્રમણ ઈ. સ. ૧૮૭૨ અને ઈ. સ. ૧૮૮૨માં થયું હતું. હવે પછી ઈ. સ. ૨૦૦૪ અને ઈ. સ. ૨૦૧૨માં એ ફરી જોવા મળશે.

આટલી બધી શોધ થવા છતાં શુક્રનું ભૂપૃષ્ઠ કેવું હશે, તેના ઉપર બધે જ ધૂળ અને ખડકો હશે કે પાણી, તેના ખડકોની રચનામાં ક્યાં તત્ત્વો હશે વગેરે વિષે હજી પણ સ્પષ્ટરીતે જાણી શકાયું નથી. આમ, સૌથી નજીકના ગ્રહ વિષે આપણે સૌથી ઓછી માહિતી મેળવી શક્યા છીએ! ભવિષ્યમાં આપણે જ્યારે શુક્ર ઉપર ચંદ્રની જેમ ઉતરાણ કરી શકીશું ત્યારે જ તેને વિષે વધુ માહિતી મળશે. દરમિયાન આકાશી પદાર્થોમાં ચંદ્ર પછી એ એક સૌથી વધુ તેજસ્વી અને ગેબી પિંડ પદાર્થ તરીકે જ આપણને આકર્ષતો રહેશે. □

અનુસંધાન] **પ્રાચીન સિક્કા** [પૃષ્ઠ ૧૫થી

ધાતુઓનો વિશેષ ઉપયોગ આભૂષણોમાં થતો. આથી શરૂઆતમાં નિષ્ક જેવાં આભૂષણ વિનિમયનાં માધ્યમ બન્યાં. આગળ જતાં ધાતુની ભૂકી તથા ધાતુના ગઠ્ઠાનો ઉપયોગ થયો.

પરંતુ આ પદ્ધતિમાં થોડી ઊણપ રહેલી હતી. ધાતુની શુદ્ધિની ખાતરી કરવી પડતી ને દર વખતે એનો તોલ કરવો પડતો. આથી ધાતુના શુદ્ધ ગઠ્ઠાનો મુકરર તોલનો 'સિક્કો' બનાવવાની પદ્ધતિ શોધાઈ. એની જવાબદારી અધિકૃત સંસ્થા અથવા વ્યક્તિ પર રહેતી ને એના પર એનું ચિહ્ન લગાવવામાં આવતું. આ ચિહ્નને લીધે સિક્કાની ધાતુની શુદ્ધતાની તથા તેના તોલની પ્રતીતિ થતી. આગળ જતાં એના સપ્રમાણ આકાર પણ નિશ્ચિત થયા તેમજ એના પર સિક્કા પડાવનાર સંસ્થા કે વ્યક્તિનું નામ પણ કોતરાવા લાગ્યું, પછીના સમયમાં ટંકશાળનું સ્થાન તથા સિક્કાનું મૂલ્ય પણ દર્શાવાવા લાગ્યું. ધાતુ, આકાર, તોલ, ચિહ્ન, મૂલ્ય વગેરેનું વૈવિધ્ય ધરાવતા નાનામોટા સિક્કાના અનેક પ્રકાર પ્રચલિત થયા, સિક્કો વિનિમયનું ઉત્તમ માધ્યમ બન્યો અને એને લઈને વેપારમાં આપલેના વ્યવહારની સરળતા વધી.

(ચાલુ)



આખી દુનિયાના દરિયા ખેડીને પૃથ્વીની પ્રદક્ષિણા તો સર ફ્રાન્સિસ ચિચેસ્ટરના સાહસ પહેલાં યે થએલી. સ્પેઈનનો ફર્ડિનાન્ડ મૅગેલન તેમાં સૌપ્રથમ હતો. ઈ. સ. ૧૫૧૯થી ૧૫૨૨ દરમિયાનના એના એ સાગરસાહસમાં ફિલિપાઈન્સ ટાપુઓમાં ત્યાંના આદિવાસીઓના હાથે એનું મૃત્યુ થયું (૬ઠ્ઠી માર્ચ ૧૫૨૧) અને બાકીની સફર એના સાથીઓએ પૂરી કરી. ઇંગ્લૅન્ડના સર ફ્રાન્સિસ ડ્રેઇકે ઈ. ૧૫૭૭થી ૧૫૮૭માં સાગર-માર્ગે દુનિયાની પ્રદક્ષિણા કરી. એમાં જીવતો પાછો ફરનાર એ પહેલો સાહસવીર. ઈ. ૧૭૬૯થી ૧૭૭૧માં અંગ્રેજ કૅપ્ટન કૂકે પણ આ સાહસ કર્યું, એટલું જ નહિ, પણ ત્યાર પછી યે ફરી બે વાર એણે આવાં જ સાહસ ખેડી અનેક નવી ભૌગોલિક શોધો પણ કરી. અને એ તો છેક દક્ષિણ ધ્રુવખંડ સુધી પણ પહોંચેલો. ત્રીજી સફરમાં હાવાઈ ટાપુઓ પર એનું ખૂન થએલું (ફેબ્રુ. ૧૪, ૧૭૭૯). પણ સર ચિચેસ્ટરનું સાહસ એ સૌથી અનોખું હતું. એક તો એ માત્ર શૉખ ખાતર હતું. વળી, ૬૫ વર્ષની પ્રૌઢ વયે દર્દાળ શરીરે, અનેક મુશ્કેલીઓ વેઠીને એમણે એકલે પંડે માત્ર ૨૨૬ દિવસમાં દુનિયાની પ્રદક્ષિણા કરી. નકશામાં આ સૌની સફરના માર્ગ દર્શાવ્યા છે.

ત્યારે એનું સ્વયંસંચાલન કરનાર ચક્ર તૂટયું. ફ્રાન્સિસ મૂંઝાયા. હજુ તો સિડની પણ પહોંચ્યા નહોતા; અને ૧૦૦ દિવસમાં ૧૪,૧૦૦ માઈલનો પ્રવાસ કરી ત્યાં પહોંચવાની એમની નેમ હતી. હવે? પણ હિમ્મત હારે તો ફ્રાન્સિસ શાના? એમણે મછવાની ગતિ ઘટાડી સલુકાઈથી કામ લીધું, પણ સાહસોત્સાહ સહેજ પણ ઘટાડયો નહિ. ધીમેધીમે એઓ સિડની તરફ આગળ વધતા ગયા. રસ્તામાં બાસની સામુદ્રધુનીમાં બીજો અકસ્માત થયો. એક મછવામાં છાપાવાળાઓ જતા હતા તે મછવા સાથે ફ્રાન્સિસનો મછવો અથડાયો. સારું થયું કે બહુ મોટું નુકસાન ના થયું, અને દીવાલો જેવડાં મોજાં ઉછાળતા અને ધુમ્મસથી ઘેરાએલા સાગરને પાર કરી એ આગળ વધ્યા. બરાબર ૧૦૭ દિવસે એ સફરના મધ્યબિંદુ ઑસ્ટ્રેલિયાના સિડની બંદરે ઊતર્યા. ત્યાં એમણે ૪૮ દિવસનો મુકામ કર્યો. આ રોકાણ દરમિયાન ૧૯૬૭ની ૨૭મી જાન્યુઆરીએ રાણી એલિઝાબેથે એમને 'નાઈટહૂડ'નો ઈલકાબ જાહેર કર્યો. (અને એ પાછા ફર્યા બાદ ૪૦૦ વર્ષ પૂર્વે પૂર્વોકત નાવિક ફ્રાન્સિસ ડ્રેઈકને રાણી ઇલિઝાબેથ પહેલાંએ જે તલવાર વડે 'નાઈટહૂડ'નો ઈલકાબ અર્પ્યો હતો તે જ તલવારથી ઇલિઝાબેથ બીજાંએ ફ્રાન્સિસ ચિચેસ્ટરને પણ 'નાઈટહૂડ' બક્ષ્યું. હવે એઓ 'સર' ફ્રાન્સિસ ચિચેસ્ટર બન્યા.

બે જ દિવસ બાદ ૨૯મી જાન્યુઆરીએ હવે એમણે સિડનીથી બ્રિટન તરફનો આગળ પ્રવાસ આરંભ્યો. ૩૧મી જાન્યુઆરીએ, હજી સિડની છોડયે માંડ બે જ દિવસ થયા ત્યાં જ, 'જિપ્સી મૉથ-૪'ને એક વિરાટ તોફાની મોજાએ સાગર સપાટીથી ૪૧ અંશના ખૂણે ઝુકાવી દીધું! પછીના દિવસે વરસાદ અને વાવાઝોડું! એ વિકરાળ વાતાવરણમાં યે સર ફ્રાન્સિસ શ્રદ્ધાથી આગળ વધતા હતા. એમ ને એમ મધરાત થઈ, ત્યાં ફરી એક રાક્ષસી મોજાએ 'જિપ્સી મૉથ-૪'ને ઉછાળ્યું! સારું થયું કે એ મછવો સપાટી પર સહી સ્થાને તો આવી પહોંચ્યો, પરંતુ તૂતકની આગળની ખિડકી તૂટી ગઈ, મછવામાં પાણી ભરાવા માંડયું, એમની ઓરડી અસ્તવ્યસ્ત થઈ ગઈ, કબાટો ધડાધડ તૂટી પડયાં અને ફૂટેલી શીશીઓ, કપડાં તથા ખોરાક ચારે બાજુ વેરણછેરણ થઇને પડયાં! ઉપરાંત તૂતક પરથી કેટલાંક દોરડાં, એક સઢ અને સુકાન-પૈડાના કેટલાક હાથા ગુમ થઈ ગયા. આ ઉગ્ર તોફાન વચ્ચે ફ્રાન્સિસને માત્ર હોઠ પર સહેજ ઈજા થઈ એટલું જ. શૂળીનું વિઘ્ન સોયે સર્યું.

આવી અનેક મુસીબતોને પાર કરતાં કરતાં એઓ દક્ષિણ અમેરિકાની કેઈપ હૉર્ન ભૂશિરની પ્રદક્ષિણા કરી ૨૨૬ દિવસે પાછા પ્લીમથ આવ્યા ત્યારે ત્યાં એમના સ્વાગતનું અદ્‌ભુત દશ્ય સર્જાયું હતું. તાજેતરમાં ચંદ્રયાન દ્વારા માનવીએ ચંદ્ર પર પ્રથમ પગ મૂકયો એટલો એ રોમાંચક અનુભવ અને પ્રસંગ હતો! આટલા ઓછા ગાળામાં, અપર્યાપ્ત સાધનથી અને એકલે હાથે પૃથ્વીની પરકમ્મા કરવાનો ફ્રાન્સિસનો આ વિશ્વવિક્રમ ઘણા દીર્ઘકાળ સુધી વણતૂટયો રહેશે! આ સફરનો શુભારંભ કર્યો તે પહેલાં થોડા સમયે જ એમને પગની ધમનીમાં ફાટ પડેલી. પરિણામે એમણે પગની સમતુલા ગુમાવેલી. આવા સંજોગોમાં પણ સફર મુલતવી રાખવાને બદલે એમણે બમણા ઉત્સાહથી એ આરંભેલી. એ વખતની પત્રકાર-પરિષદમાં એમણે જણાવેલું: 'I suppose there is no purpose in doing anything if there is no effort involved.' (હું ધારું છું કે જેમાં કશો પુરુષાર્થ જ ન રહેલો હોય તેવું કંઈ પણ કરવાનો કોઈ અર્થ નથી.)

પોતાની આ અભૂતપૂર્વ સફરનો આરંભ ભયની વૃત્તિમાંથી જન્મેલો એમ એઓ લખે છે: This voyage began because I was terrified of Cape Horn. I had read such terrible

શ્રી 'વનફૂલ' લિખિત અપરાજેય દર્પની એક કથા
અનુવાદક • સુકન્યા ઝવેરી

કંસારી ચૌધરી

કંસારી ચૌધરી પૂરું નામ. પણ બધા કહેતા 'ચૌધરી.' બહુ સમય પહેલાં ફક્ત એક વાર મેં ચૌધરીને જોયા હતા. પણ એ એક વારના જ દર્શનથી મનમાં જે એક ચિત્ર અંકાઈ ગયું હતું તે આજ પણ ભૂંસાયું નથી. મનમાં થયું'તું જાણે કોઈ સિંહ કે શાર્દૂલે માનવ છદ્મવેશ ધર્યો છે.

ઘનકૃષ્ણ મૂછ અને દાઢીથી આવૃત્ત ભરાવદાર ચહેરો. લાલઘૂમ જાજ્વલ્યમાન ચક્ષુઓ. બે ભ્રમર વચ્ચે લાલ સિંદૂરનું તિલક. ઘન વાંકડિયા ઓડિયા વાળ, વચ્ચે સેંથો. શક્તિવ્યંજક માંસલ હોઠ પર સ્પર્ધા-ક્રૂર નીરવ હાસ્ય ખેલતું રહેતું. હસતાં બોલતાં સફેદ દંતપંક્તિ ચકચકાટ કરી ઊઠતી; નાસિકા કાંપી ઊઠતી. લલાટ ભ્રુકુટિ-કુટિલ.

જોયા છે કેવળ એક વાર, પણ એમની વાતો સાંભળી છે અનેક. ખરું પૂછો તો એ અલ્પભાષી દુર્ધર્ષ વ્યક્તિ સંબંધે જાતજાતની વાતો ન સાંભળી હોય એવા માણસો વિરલ. બધી જ વાતોની મૂળ વાત એક: ચૌધરીને કોઈ, ક્યારે ય પણ, કોઈ પણ બાબતમાં હઠાવી હરાવી શકતું નહિ.

ચૌધરીનો જન્મ ગરીબ ઘરમાં, પરંતુ હાલમાં તેઓ પ્રબળ પ્રતાપશાળી જમીનદાર. 'મહામહિમ મહિમાર્ણવ શ્રીયુક્ત કંસારી ચૌધરી'—સરનામા સાથે અનેક આવેદન નિત્ય તેમના દરબારમાં આવી પહોંચતાં.

દુર્દાન્ત કર્મી—એ વિષયમાં સંદેહ નહિ. પરંતુ તેમના સંબંધે સર્વપ્રધાન કથા તો એ જ કે તેઓ અપરાજેય. ક્યારે ય કોઈની યે પાસે હાર માન્યા નથી. જાલ, જુગાર, લાંચ-રુશ્વત, ખુશામદ, બાહુબળ, અર્થબળ, બુદ્ધિબળ—કાર્યસિદ્ધિ માટે જ્યારે જે પણ જરૂરી હોય તે કામે લગાડયું છે. કોઈ રીતે ય ક્યારે ય પાછા પડે એ માંહ્યલા એ નહોતા. દારોગા, વકીલ, ડાક્તર, હાકેમ, બધા જ ચૌધરીના નામથી ડરતા. બધા જ એમના હાથમાં રમતા. ચૌધરી ક્યારેક વ્યંગ-તીક્ષ્ણ હાસ્ય હસી કહેતા: 'એ તો જોડો મારીને કામ કાઢી લેવાનું! ચામડાનો જોડો ન ચાલે તો ચાંદીનો જોડો પડચે બધાં જ ઠેકાણે આવી જાય એની મેળે!' અને સાચેસાચ બધું થઈ પણ જતું.

ચૌધરીએ શું શું નહોતું કર્યું? ગામમાં પિતાના નામે સ્કૂલની સ્થાપના, માતાને નામે અબળાઆશ્રમની પ્રતિષ્ઠા, વૃંદાવનમાં મંદિર, જલસત્ર, લૂંટફાટ, ખૂન, મોટામોટા કોર્ટના મામલા, નારી-ધર્ષણ, ગૃહદાહ—એ તો ઠીક, શિશુહત્યા પણ નહોતી બાકી રાખી! જ્યાં જેમાં હાથ નાખ્યો છે તે કાર્યમાં ચરમ સિદ્ધિ મેળવીને છોડયું છે. આ દેશમાં આવું અદમ્ય ચરિત્ર સાચે જ વિસ્મયકર. એક બળદગાડી જાણે મંત્રબળે મોટરની ગતિ પ્રાપ્ત કરી ચારે દિશામાં જ્ઞાનશૂન્ય વેગે ભાગી રહી હતી.

સૌને ખૂબ આશ્ચર્ય થતું: એ મરદ માણસે ક્યારે ય કોઈ પણ બાબતમાં હાર માની નહોતી! હાથીના મોઢામાં લગામ ન લગાડી શકાય—તેને નાથી ન શકાય તેથી જ ચૌધરી ક્યારેય હાથી પર સવારી કરતા નહિ!

અચાનક કાળચક્ર ફરી ગયું. ચૌધરી સહસા આંધળા થઈ ગયા!

ચારે દિશામાંથી મોટા મોટા ડાક્તર-વૈદ્ય-હકીમ આવ્યા. જોઈ તપાસીને અભિપ્રાય જણાવ્યો: નજર પાછી મળશે નહિ! દષ્ટિલાભ અશક્ય.

ભવાં ચડાવી ચૌધરીએ પૂછ્યું: 'કોઈ રીતે ય નહિ?' 'ના—.'

'લાખ લાખ રૂપિયા ખરચ્યે ય નહિ?' 'ના.'

તો ય એક પ્રિસ્ક્રિપ્શન લખી તેઓ બધા ચાલ્યા ગયા.

બધા જ ચાલ્યા ગયા પછી ચૌધરી પોતાના વિશ્વાસુ દીવાનને કહે: 'શું કહો છો, હેં? પરાધીન થઈને જીવવું પડશે? અંતે હાર માનવી પડી કાં?'

દીવાનજી ચૂપચાપ સાંભળી રહ્યા. ચારે તરફ સ્તબ્ધતા ઘેરી થઈ ઊઠી. સ્તબ્ધતા ભાંગતા ફરી ચૌધરી બોલ્યા: 'અચ્છા, જાઓ—તમે દવા લઈ આવો.'

દીવાનજી ચાલ્યા ગયા.

થોડી વારે પાછા આવી જુએ તો ઘરમાં તો ભારે ધમાલ મચી ગઈ હતી. ચૌધરીનો લોહીથી ખરડાએલો દેહ બિછાના પર રેળાઈ પડચો હતો. રિવૉલ્વરથી તેમણે આત્મહત્યા કરી લીધી હતી.

ગોળી આંખમાં જ મારી હતી. □

---

things about it by people who had made the passage; and it really worked on me, because I hate having a thing frighten me. If anything terrifies me, I must try to conquer it'. (મને કેઈપ હૉર્નનો ડર લાગતો હતો તેને લઇને જ આ સફર શરૂ થઈ હતી. જે લોકોએ ત્યાંનો પ્રવાસ ખેડચો હતો તેમનાં લખાણોમાં તેના વિષેની એવી ભયાનકતાઓ મેં વાંચી હતી; અને એની મારા પર ખરેખરની અસર થઈ, કારણ કે કોઈ વસ્તુ મને ડરાવે એ વાતને હું ધિક્કારું છું. જો કોઈ વસ્તુ મને બીવડાવે તો મારે તેના પર વિજય મેળવવાનો પ્રયાસ કરવો જ રહ્યો.) આમ, કેઈપ હૉર્ન પાસેના ઉન્માદી ઉદધિને નાથીને સર ફ્રાન્સિસ ચિચેસ્ટરે પોતાની દઢ સંકલ્પશક્તિ, તુમુલ સંઘર્ષશક્તિ અને પ્રખર વિજયાસક્તિનો પ્રસ્તુત સફળ જલયાત્રા દ્વારા જગતને પરિચય કરાવી આપ્યો.

પણ આમ વિજયશિખરને સર કરીને બેસી રહે તેવા સર ફ્રાન્સિસ નહોતા. બેસી રહેતાં જાણે એમને કીડીઓ ચડતી હતી. એટલે ફરી ઈ. ૧૯૭૧ના જાન્યુઆરીની ૧૪મી તારીખે પોર્ચ્યુગીઝ ગીની (Portugues Guinea)ના મુખ્ય બંદર બિસાઉ (Bissau)થી 'જિપ્સી મૉથ-૫'માં એમણે એકલા જ પ્રવાસ આરંભ્યો ને રોજના ૨૦૦ માઈલ લેખે ૨૦ દિવસમાં ૪૦૦૦ માઈલનું સુદીર્ઘ અંતર એકલે પંડે જ કાપવાનું નિરધાર્યું. પરંતુ એ અંતર કાપતાં એમને ૨૨ દિવસ અને આઠ કલાક લાગ્યા. જો કે આરંભના ૩૦૦૦ માઈલ તો એમણે દસથી પણ ઓછા દિવસોમાં કાપેલા. આ વખતે એમની ઉમર પૂરાં સિત્તેર વર્ષની!

તે પછીના વર્ષે ઇ. ૧૯૭૨માં જૂનની ૧૭મી તારીખે એમણે વળી ઍટલાન્ટિકની નૌકાસ્પર્ધામાં ફરી ઝંપલાવ્યું, પરંતુ માર્ગમાં જ તબિયત લથડતાં પાછા ફરવું પડયું. પ્લીમથની રૉયલ નૅવલ ઑસ્પિટલમાં એમને દાખલ કરવામાં આવ્યા. ત્યાં છેલ્લે છેલ્લે ન્યુમોનિયા લાગુ પડચો અને ૨૬મી ઑગસ્ટના રોજ બપોરે એમનું અવસાન થયું ત્યારે જાણે સદાય સ્પંદમાન સાહસવૃત્તિએ આંખ મીંચી દીધી!

આજે આપણે જોઈએ છીએ કે સુસજ્જ વિમાનો અને જલજહાજો દ્વારા પૃથ્વીની પ્રદક્ષિણા આસાન બની છે ત્યારે એકલેહાથે અર્ધસજ્જ મછવા દ્વારા પ્રચંડ સાગરો ખેડવાની ફ્રાન્સિની અપ્રતિમ સાહસવૃત્તિ દુનિયામાં કશુંક અવનવું કરી બતાવવાની એમની ઝંખનાની દ્યોતક છે. સુખસગવડ અને મોજશોખમાં ગળાબૂડ રહી આત્માના ખમીરને ગુમાવવા બેઠેલી આજની યુવા પેઢી સમક્ષ સાઠી વટાવી ચૂકેલા આ જૈફ જુવાનની મર્દાનગીભરી રોમાંચક પ્રવાસકથા લપસણી નવલકથાના વાચન કરતાં અનેકગણી પ્રમોદક અને પ્રબોધક છે, પ્રસન્નકર અને પ્રમાદહર છે, પ્રોત્સાહક અને પ્રભાવક છે. સફળ અને સબળ છે, (અનુસંધાન પૃષ્ઠ ૨૧)

રાષ્ટ્રીય ભાવના સાથે જ ગુજરાતમાં કલાપ્રવૃત્તિ વિકસી

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા-૧૪

ઈ. ૧૯૦૪માં હું અંગ્રેજી ચોથા ધોરણમાં હતો તે વખતે બંગભંગના સમાચારથી દેશમાં વિદેશી વસ્ત્રોનો બૉયકૉટ અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર શરૂ થઈ ગયો હતો. 'વંદેમાતરમ્'ના નાદ ગાજતા થયા હતા, પણ સાહિત્ય, કલા ને ભૂમિજાત સંસ્કૃતિ તરફ પ્રજાનું ધ્યાન ગયું નહોતું. માત્ર બંગાળના શ્રીમંત જાગીરદાર ટાગોર કુટુંબમાં ચિત્રકળા, સંગીત, કાવ્ય વગેરેમાં રાષ્ટ્રભાવનાનો ઉદય થયો હતો. તેની અસર ગુજરાત સુધી 'મૉડર્ન રિવ્યુ'ને લીધે ઈ. ૧૯૧૨માં ઝાંખી ઝાંખી દેખાઈ હતી.

ઈ. ૧૯૧૫માં સૂરત ખાતે સાહિત્ય પરિષદ ભરાઈ તે વખતે તેની સાથે ગુજરાતની કલા-સંસ્કૃતિનાં પણ દર્શન પ્રજાને થાય તે હેતુથી રણજિતરામ વાવાભાઈએ પરિષદ તરફથી જાહેરાત કરાવી હતી કે સમસ્ત ગુજરાતમાંથી જ્યાંથી કળાના નમૂના મળશે તે પ્રદર્શિત કરવામાં આવશે અને ઉત્તમ કૃતિઓને ઉત્તેજન આપવામાં આવશે. આ પ્રવૃત્તિને તેમણે 'ગુજરાતની અસ્મિતા'ની સભાનતા કરાવવા શરૂ કરાવી હતી. તે વખતે હું તો મુંબાઈની ચિત્રશાળાનો ત્રીજા વર્ષનો વિદ્યાર્થી હતો અને ઉનાળાની વૅકેશન ગુજારવા ભાવનગર ગયો હતો. ત્યાં તેમણે તેમના મિત્ર લાભશંકર પ્રભુરામ ભટ્ટને કહેવડાવ્યું કે પરિષદ પ્રદર્શન માટે રવિભાઈનાં ચિત્રો જરૂર લેતા આવો. લાભભાઈએ પત્ર મને વંચાવ્યો તેથી જાણે મને મોટું માન મળ્યું હોય એમ લાગ્યું અને થોડા કાગળો શોધી ૮×૧૦ ઈંચના માપનાં ત્રણ ચિત્રો કર્યાં.

ગુજરાતમાં પ્રથમ કલાપ્રદર્શન

પ્રદર્શન સાહિત્ય પરિષદ તરફથી થવાનું હતું એટલે મેં ઉચ્ચ કોટિનાં ગુજરાતી સાહિત્યસર્જનોના પ્રસંગો શોધી તેને ચિત્રરૂપમાં આલેખ્યાં. એક હતું કવિ નાનાલાલનું 'ગુર્જર સુંદરી'; બીજું હતું 'સરસ્વતીચંદ્ર'નો આરંભિક પ્રસંગ 'તળાવકાંઠાનો ઓટલો'—જેમાં છાતી પર ચોપડી રાખી સૂઈ ગએલો અજાણ્યો લાગતો સરસ્વતીચંદ્ર અને બાગમાં ફરવા આવેલી કુમુદ, કુસુમ અને વનલીલા નિરૂપ્યાં હતાં; ત્રીજામાં મારી સ્કેચબુકમાં સંઘરાએલા ગુજરાતનાં અનેકવિધ જાતિલક્ષણનાં માનવપાત્રોને તારવી એક સમૂહમાં દોરી તેને 'ગરવી ગુજરાત' નામ આપ્યું હતું.

એ સમયમાં કોઈ વિદ્વાન પણ પોતાની ભીંતો પર ચિત્રો મૂકતા નહિ. બજારમાં મળતાં ચિત્રો ભાવહીન અને મોટે ભાગે દેશકાળ કે લક્ષણરહિત, પુરાણોનાં દેવ-દેવીઓની તસવીરોનાં કે ભક્તિ-પ્રસંગોનાં હતાં, તેથી રસિકજનોને આકર્ષી શકતાં નહિ. એટલે મારાં ચિત્રો સૂરતમાં કંઈક પ્રશંસા તો પામ્યાં હશે, કારણ કે તેમાંનું 'ગુર્જર સુંદરી'વાળું ચિત્ર રૂ. ૩૦માં વેચાઈ ગયું હતું અને મને પ્રદર્શનનો રૌપ્ય ચંદ્રક મળ્યો હતો. એ વાત મેં બહુ પછીથી જાણી કેમ કે પરિષદમાં કોઈને સુવર્ણ ચંદ્રક કે બીજાં ઈનામો અપાયાં હોય અને તેનો અહેવાલ કે હકીકત પ્રકટ થયાં હોય તે જણાયું ન હતું, પણ રણજિતરામે પત્ર લખી મારા પિતાશ્રીને મારા વિષે ખૂબ આશા દર્શાવી હતી તે પરથી મેં જાણેલું.

મેં કરેલાં ચિત્રોમાં જરા યે હિંદી શૈલીની અસર નહોતી; માત્ર પાત્રો ને પ્રસંગો ગુજરાતી સાહિત્યમાંથી લીધેલાં હોઈ તેમાં દેશકાળ પ્રમાણે દશ્યો અને ભાવ લાવવાનો પૂરો પ્રયત્ન હતો. બંગાળની કલા ત્યારે માત્ર 'મૉડર્ન રિવ્યુ'નાં પાનાં ઉપર જોવા મળતી. એ માસિક આખા હિંદુસ્તાનમાં અંગ્રેજી ભણેલા વિદ્વાનો વાંચતા. પ્રથમ વર્ષે તેમાં પણ રાજા રવિવર્માનાં ચિત્રો અને થોડાં યુરોપી ચિત્રો પ્રકટ થયાં હતાં; પણ જેમ જેમ ટાગોર કુટુંબનાં નવસર્જન અને કલકત્તા કળાશાળાના પ્રિન્સિપલ હૅવેલે કરેલાં ચિત્રોનાં સંશોધનથી ભારતીયતાની શ્રેષ્ઠતા, માધુરી અને ભાવો સમજાતાં ગયાં, તેમ તેમ તે પ્રતિ કેટલાકમાં આકર્ષણ વધતું ગયું. કારણ કે તે ચિત્રોએ યુરોપની જટિલ રચના, છાયાપ્રકાશના નિયમો અને પર્સ્પેક્ટિવનું વ્યાકરણ દૂર રાખી ભાવ, કલ્પના અને સર્જકતાને છૂટો દોર આપ્યો હતો. યુરોપમાં પણ તે ચિત્રો આદર પામ્યાં કારણ કે યુરોપ પણ ત્યારે સૈકાંજૂની નવમા સૈકાની રેનેસાં અને સત્તરમા સૈકાની ફ્રાન્સની અકાદમી-શૈલીથી ઉબકે આવી ગયું હતું. પરિણામે ત્યાં તો અઢારમી સદીના અંતમાં કળામાં ક્રાન્તિ શરૂ થઈ ગઈ હતી અને જૂનાનવાનો વિગ્રહ ચાલતો હતો.

કલામાં ભારતીયતા

પરંતુ હિંદુસ્તાનમાં તો હજી પશ્ચિમની અકાદમી-કલાશૈલી નવીન તત્ત્વ હતી અને તેનાથી અંજાએલા પ્રજાજનો ને વિદ્વાનો પણ સૈકાજૂનાં રાજપૂત, મુઘલ કે અપભ્રંશ ચિત્રો વિષે અભાવ અનુભવતા તેને પસ્તીના ભાવે કાઢી નાખતા હતા. તેને બંગાળની અભિનવ શૈલીએ થંભાવ્યા. કલકત્તાની આર્ટ સ્કૂલના આચાર્ય ઈ. બી. હૅવેલને ભારતની પરંપરાગત કળા જોતાં ભાન થયું કે ઉત્કૃષ્ટ કોટિનાં આ ભારતીય ચિત્રો લોકોની નજરે પડે તો જ તેમને ખાતરી થાય કે ભારતની કલા ઘણી રીતે પશ્ચિમ કરતાં પરિપક્વ, કલ્પનાશીલ અને સિદ્ધ હથોટીવાળી છે. પણ તેના આવા નવોત્થાનના પ્રયત્નો સામે ખુદ બંગાળના અને બીજા પ્રાંતના પણ કેટલાક ચિત્રકારોએ વિરોધ કર્યો અને યુરોપિયનો આ બહાને તેમની ઉત્કૃષ્ટ ચિત્રવિદ્યા ભારતને આપવામાં દિલચોરી કરે છે એવો તેના પ્રયત્નોનો અર્થ ઘટાવી કેટલાકે તેને એક અડપલું ઠરાવ્યું.

તે વખતે મુંબાઈની સરકારી જે. જે. આર્ટ સ્કૂલ સૌથી વધુ પ્રસિદ્ધ હતી. તેના પ્રિન્સિપલ મિ. સેસિલ બર્ન્સે બંગાળી ચિત્રોને ચિત્રકામના નિયમોનો ભંગ કરનારી અણશિખાઉની કૃતિઓ ઠરાવી તિરસ્કાર બતાવ્યો, અને મુંબાઈના શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી તેમજ ધુરંધર આદિ પ્રસિદ્ધ ચિત્રકારોએ તેને અનુમોદન આપી કળાશિક્ષણમાં શેઈડલાઈટ, ફોટોગ્રાફ જેવી વાસ્તવિકતા વગેરે પર ભાર મૂક્યો. તેના પરિણામે તેમના કાળમાં એક પણ ભારતીય ભાવનાનું મૌલિક ચિત્રસર્જન ન થયું એમ ડૉ. આનંદ કુમારસ્વામીએ લખ્યું. તે પર મિ. બર્ન્સ અને તેમની વચ્ચે વિવાદ ચાલ્યો અને પરિણામે કુમારસ્વામીએ નવી ચિત્રશૈલીનાં ચિત્રો લઈ, યુરોપમાં તેનાં પ્રદર્શનો કરી, તે વિષે ઈંગ્લૅન્ડ તથા ફ્રાન્સના ચિત્રકારોનું સંયુક્ત નિવેદન (મેનીફેસ્ટો) જાહેર કર્યું કે ભારતની આ નવીન શૈલી પ્રાચીન શૈલીનો દોર શોધી રહી છે અને તેમાં કલાનાં મૂળ તત્ત્વો ભાવ, લક્ષણ, રૂપવિધાન, કોમળતા અને રંજકતા છે. આ વાત તેમના 'આર્ટ ઍન્ડ સ્વદેશી'ના લેખમાં વિસ્તારથી આપી છે.

મારો વિકાસ

મિ. બર્ન્સ મુંબાઈ કળાશાળાના પ્રિન્સિપલ હતા ત્યાં સુધી હું તે સ્કૂલનો વિદ્યાર્થી હતો. પણ પરેલમાં આવેલા મગનબાગમાં ભોંયતળિયે જ્યાં ઓરડી રાખી હાથે રાંધી ખાતો તેના ઉપરને માળે મહાદેવ દેસાઈ રહેતા. એ સરકારી ટ્રાન્સ્લેટર હતા તથા સાહિત્ય અને વાચનના શૉખીન હતા. તેમની પાસેથી મને 'મૉડર્ન રિવ્યુ'ની ફાઇલો તેના પ્રથમ અંકથી જોવા મળી. તેમાંથી ભારતીય ચિત્રકળાની શૈલીઓ, અવનીન્દ્રનાથનાં ચિત્રો, હૅવેલ, આનંદકુમારસ્વામી અને સિસ્ટર નિવેદિતાના કલાચર્ચાના

તથા બીજા લેખો જોયા-વાંચ્યા ને મારી આંખ ઊઘડી ગઈ! ત્યાર બાદ 'વીસમી સદી'ના તંત્રી હાજીમહમ્મદ પરિચય થતાં તેમની સમૃદ્ધ લાયબ્રેરીમાંથી યુરોપ–અમેરિકાના નામી કલાકારોની વિવિધ ચિત્ર-શૈલીઓવાળાં પુસ્તકો જોયાં, અને પછી 'વીસમી સદી' માટે ગુજરાતી લેખકો, કવિઓ, સાક્ષરોના લેખોનાં ચિત્રો કરતાં લોકજીવન નીરખ્યું. આથી મારી શૈલીમાં એતદ્દેશીય ભાવના અને પ્રતિબિંબ જણાતાં. હાજી-મહમ્મદના ઉત્તેજને મને વિશેષ વિકાસ અને પ્રસિદ્ધિ આપ્યાં. આર્ટ સ્કૂલના છેલ્લા વર્ષમાં શ્રેષ્ઠ નીવડવા માટેનો 'ગુણાનિશયસ્ય હેતોઃ' મુદ્રા-લેખવાળો સુવર્ણચન્દ્રક મેયો મેડલ મને મળ્યો. ને તે પછી તરત જ મુંબાઈના ટાઉન હૉલમાં વર્ષોવર્ષ થતા બૉમ્બે આર્ટ સોસાએટીના ઈ. ૧૯૧૭ના પ્રદર્શનની શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટેનો સુવર્ણચંદ્રક મળ્યો. મારા પહેલાં ગુજરાતના બે-ત્રણ વિદ્યાર્થીઓ સ્કૂલ ઑાવ આર્ટમાંથી પસાર થયા હતા. તેમણે શાળાના પાઠોમાં સારી પ્રવીણતા મેળવી હતી તેથી ધંધો સારો કરી શકયા હશે, પણ તેમનાં સર્જિત ચિત્રો આજે જોવા મળતાં નથી, તેમ તેમને કોઈ શાળા કે સંસ્થાએ નવાજ્યા હોવાનું જણાતું નથી. ધંધાથી બેશક તેઓ સારું કમાઈ શકતા અને તેથી મિ. મૂલર, ધુરંધર યા ત્રિન્દાદ જેવા ત્યારના પ્રવીણ ચિત્રકારો કરતાં વધુ આવક કરતા હશે. તેમાં વઢવાણના નાનાલાલ જાની, રાજકોટના છોટાલાલ તેજપાલ, કેશવરાવ કારખાનીસ, વઢવાણમાં વસેલા મિ. ઓક (હાલના બૅરિસ્ટર ઓકના પિતા) તેમજ જામનગરના શંભુપ્રસાદ અને વઢવાણ કૅમ્પના દેવશીભાઈ હતા. તેમાંના કોઈ યાદગાર ચિત્રકૃતિ આપી ગયા નથી.

અમદાવાદ-નિવાસ

મારી આવડત અને વૈવિધ્યપૂર્ણ કામે મને પ્રસિદ્ધિ અપાવી, પણ માંદગીએ મુંબાઈ છોડાવ્યું અને ઈ. ૧૯૧૯માં અમદાવાદમાં આવી મેં તેને મારું સ્થાયી કેન્દ્ર બનાવ્યું. પરંતુ ત્યાં એ વખતે શૂન્યાવકાશ હતો. સમસ્ત ગુજરાતી સાહિત્યમાં ચિત્રકળાને બિરદાવનાર 'વીસમી સદી'-ના તંત્રી હાજીમહમ્મદ સિવાય કોઈ નહોતું. એટલે તેમને આપણા કલા-સાહિત્યના પ્રથમ પ્રયાગ-સંગમ રૂપ કહીને યાદ કરી શકાય.

મારા અમદાવાદ-નિવાસને બીજે જ વર્ષે ગુજરાત સાહિત્ય સભાએ છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન અમદાવાદમાં ભરવા ઠરાવ્યું હતું. તેના મુખ્ય કાર્યકરોમાં મારા સ્વ. મિત્રો ડૉ. હરિપ્રસાદ અને શ્રી હીરાલાલ પારેખ (હાલના હ. કા. કૉલેજના આચાર્ય મધુસૂદન પારેખના પિતા) હતા. એમને આનંદ થયો કે સાહિત્યકારોમાં જાણીતો એક સં-સ્કારી ચિત્રકાર અમદાવાદમાં આવી વસ્યો છે, એટલે સૂરતને અનુસરી એમણે પરિષદ પ્રસંગે એક કલાપ્રદર્શન ભરવાનું ઠરાવી મને તેનો મંત્રી નીમ્યો. આમ ઓચિંતો જાહેરમાં ધકેલાવાથી હું ઘણો મૂંઝાયો, એટલે મારી વિનંતીથી ડૉ. હરિપ્રસાદને પ્રદર્શનના મુખ્ય મંત્રી બનાવી અમારા બંનેના નામથી પત્રિકા છપાવી. એ સમયે 'વસંત-વિનોદી' નામથી જાણીતા કવિ શ્રી ચંદુલાલ દેસાઈ (પાછળથી રાજકીય ક્ષેત્રના છોટે સરદાર)એ મને ઘણી હિંમત આપી એક સહાયક સ્વયંસેવક ટુકડી આપી. તેના નેતા ડૉ. હરિપ્રસાદના સુપુત્ર ઈન્દુપ્રસાદ હતા.

પરિષદની સમિતિએ મારી સૂચનાથી પ્રદર્શનના ઉદ્‌ઘાટન માટે મુંબાઈથી સચિત્ર 'સુવર્ણમાળા'કાઢનારા શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીને નિમંત્ર્યા હતા. કલાજગતમાં વિદ્વાન કલારસિક શ્રીમંત તરીકે તે વખતે તેમનું જ નામ બોલાતું. તેમના ઘરમાં મુઘલ, રાજપૂત વગેરે કલાશલીનાં ઉત્તમ ચિત્રો અને વિરલ ગ્રંથોનો સંગ્રહ હતો, પણ મુંબાઈની મહા-રાષ્ટ્રીય અક્કડતામાં ભારતીય કલા સન્માન પામી નહોતી, એટલે મહા-રાષ્ટ્રીય કલાકારોના હાથે ચીતરાએલી 'સુવર્ણમાળા'નાં ચિત્રો યુરોપી કલાનો ઝાંખો પડછાયો જ રહેલાં, તેમાં પણ ભારતીય પૌરાણિક પ્રસંગો આલેખાયા હોઈ તે પ્રજાપ્રિય થઈ શકેલાં. આ દિશામાં શેઠ પુરુષોત્તમ-નો ઘણો ઉત્સાહ હતો. તેમણે 'સુવર્ણમાળા' છાપવા મુંબાઈમાં ચિત્રોના બ્લૉક બનાવવાનું ખાતું અને છાપખાનું ખાસ ખોલ્યાં હતાં અને એ કામ શીખવા તેમણે શ્રી હાટે નામના મહારાષ્ટ્રીયનને જર્મની મોકલેલા.

અમદાવાદની સાહિત્યપરિષદ

તેમણે આ પરિષદ માટે ઇજિપ્તથી માંડી આજ સુધીનું બધા દેશો-ની કલાનું સપ્રમાણ સાલવારીવાળું, લક્ષણો ચર્ચતું વ્યાખ્યાન આપ્યું તે આજે પણ ફરી પ્રકાશિત થાય તો ઉપયોગી અને અભ્યાસપૂર્ણ ગણાશે.

સાહિત્ય પરિષદનું સંમેલન ઈ. ૧૯૨૦ના ડિસેમ્બરમાં થયું હતું. તે પ્રસંગે પરિષદના પ્રમુખ વડોદરાના વયોવૃદ્ધ સાહિત્યકાર રાવ બહાદુર હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા હતા, અને સ્વાગત-પ્રમુખ આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ હતા. વળી સાહિત્ય કલાના ઉપાસક રવીન્દ્ર-નાથ ટાગોરને એમના 'ગીતાંજલિ' (અંગ્રેજી રૂપાંતર) ઉપર નોબેલ પારિતોષિક એ ગાળામાં મળેલું તેનું ભારતને ગૌરવ હતું, એટલે તેઓ આ સંમેલનમાં અતિથિ તરીકે હાજરી આપી ગુજરાતનું સન્માન સ્વી-કારે તો પરિષદ ખરેખર કૃતાર્થ થાય એમ અમારી સમિતિને લાગ્યું.

પણ સમિતિમાંથી કોઈને ટાગોરનો સંપર્ક નહિ, તેમજ બંગાળી ભાષા કોઈ જાણે નહિ. વળી ટાગોરની બરાબરીનું પ્રતિભાશાળી કોઈ સ-મિતિમાં નહોતું. એમને આમંત્રણ લખવાને લાયક કોણ ગણાય? ડૉ. હરિપ્રસાદે કહ્યું કે ગાંધીજી શાંતિનિકેતન જઈ આવ્યા છે અને ટાગોરે તેમનો સત્કાર કર્યો હતો, એટલે તેમની પાસે આમંત્રણનો પત્ર લખા-વીએ. સૌને આ પ્રસ્તાવ ગમ્યો. એ વખતે સાબરમતી આશ્રમ તૈયાર થઈ ગયો હતો. ત્યાં જઈ ગાંધીજીને બધી વાત કરી. તેમણે તો તરત જ હા કહી કાગળ લખી આપ્યો, ને સાથે જણાવ્યું કે 'જુઓ, ટાગોર તો રાજવી માણસ છે. તેમને ઘટે એવા સન્માન અને ઉતારાની ગોઠવણ કરજો.' એ વાત સમિતિમાં થતાં શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકોના શિક્ષક કરુણાશંકર માસ્તરે બીડું ઝડપ્યું કે શેઠ અંબાલાલના ઘરમાં મેં સંસ્કાર મૂકયા છે તેથી બિનવ્યાપારી અને સંસ્કારી કામમાં પણ શ્રીમતી સરલાદેવી અંબાલાલ પાછાં પડશે નહિ. પરિણામે ટાગોરનો ઉતારો તે-મને ત્યાં થઈ શકયો. પરિષદને અજવાળી ગએલી ટાગોર–પ્રતિભામાં જ્ઞાન-સાહિત્ય અને કલા–સૌન્દર્યનું અદ્‌ભુત મિલન હતું. (ચાલુ)

હરિઃ ૐ આશ્રમ તરફનાં
ડિસે. અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો
જીવનચરિત્ર 'લતા મંગેશકર' માટે
પ્રો. વસંત જોષીને
વ્યક્તિચિત્રો 'બે ભાઇઓ' માટે મુકુંદરાય પારાશર્યને


અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃષ્ઠ ૨૪થી

આ ત્રણે ટ્રૅજેડી કલ્પનાની ઉચ્ચતા અને ઊર્મિની ઉત્કટતાને કારણે વિશ્વ-ના નાટયસાહિત્યમાં સ્થાન પામી છે.

અંતિમ કાળનાં નાટકો (૧૬૦૮-૧૬૧૨)

'ઍન્ટની અને ક્લીઓપેટ્રા' (૧૬૦૮)માં નાટયકારની વસ્તુ પરની પકડ શિથિલ થઈ ગઈ જણાય છે. જો કે પાત્રચિત્રણમાં તે અગાઉની ટ્રૅજેડીની સાથે બેસી શકે તેમ છે. 'પેરીક્લસ' (૧૬૦૮) અને હેત્રી ૮મો (૧૬૧૨)એ અંશતઃ મહાન બની શકી છે. પરંતુ છેલ્લાં વર્ષોમાં શેકસ્પી-અર ફરી પાછો તેના અગાઉના પ્રિય નાટયપ્રકાર તરફ વળે છે અને 'સીમ્બેલીન' (૧૬૧૦), 'ધ ટૅમ્પેસ્ટ' (૧૬૧૧) અને 'ધ વિન્ટર્સ ટેઈલ' (૧૬૧૧) જેવી રોમૅન્ટિક પ્રેમની કૃતિઓ તેની પાસેથી મળે છે. (ચાલુ)

જ્યારે માણસનો પરિગ્રહ જીવનની અનિવાર્ય જરૂરિયાત પૂરતો જ હતો ત્યારે અરસ-પરસ ચીજોની અદલાબદલીથી એનું કામ નભતું. એ પછી, સાથેના લેખમાં દર્શાવ્યા પ્રમાણે વિનિમયના માધ્યમ તરીકે અનેક અવનવા પદાર્થોની અજમાયશ બાદ છેવટે લગભગ સર્વત્ર વિવિધ ધાતુઓનું મહત્ત્વ સ્વીકારાયું. ધીરેધીરે ધાતુનો રસ ઢાળીને કે એને ઘડીને અમુક ઘાટ પણ અપાયા અને તેમાંથી તેનાં કસબ કળા ખીલતાં જઈ આજના સિક્કાનો વૈવિધ્યપ્રચુર વિકાસ આરંભાયો. વિનિમયના માધ્યમ તરીકે સ્વીકૃત કિંમતનું જુદેજુદે રૂપે પ્રતીક બનવાથી વિશેષ એનું કોઈ મૂલ્ય નથી, પણ આ સિક્કાઓ દેશની ખનિજ-સમૃદ્ધિ આર્થિક પ્રગતિ અને કલાકસબ-ના પણ દ્યોતક છે. દેશના ઇતિહાસની ખોજમાં એ અનેક રીતે મહત્ત્વની કડી પૂરી પાડે છે. આ લેખમાળામાં ભારતના અને ખાસ કરીને ગુજરાતના સિક્કાની કથા વર્ણવાનો ખયાલ છે.



પ્રાચીન સિક્કા

૧ વિનિમય-માધ્યમ તરીકે સિક્કાની શોધ

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

માનવવિદ્યાના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે શરૂઆતમાં માનવ આરણ્યક અવસ્થામાં હતો ત્યારે કંદમૂલ તથા શિકારની શોધમાં એક અરણ્યમાંથી બીજામાં ભમ્યા કરતો; પરંતુ જ્યારે તેને કૃષિ તથા પશુપાલનનું જ્ઞાન થયું ત્યારે એ ભ્રમણશીલ જીવન તજી કુટીર બાંધી સ્થાયી જીવન ગાળતો થયો ને નાના સમૂહમાં રહેવા લાગ્યો. માનવ-સંસ્કૃતિની ઉત્ક્રાન્તિમાં આ પ્રથમ ક્રાંતિકારક પરિવર્તન હતું.


કુટીરોના સમૂહને 'ગ્રામ' કહે છે. ગ્રામવાસી માનવ–કુટુંબ શરૂઆ-તમાં લગભગ સ્વાવલંબી હતું. અન્ન, ઘર, વસ્ત્ર, વાસણ, ઓજાર, હથિ-યાર, આદિ જરૂરી ચીજોનું નિર્માણ દરેક કુટુંબના સભ્યો સાથે મળી જાતે કરી લેતા. પરંતુ જ્યારે માનવને ધાતુનું જ્ઞાન થયું ત્યારે એની જીવન ચર્યામાં બીજું પરિવર્તન આવ્યું. કાચી ધાતુના ગઠ્ઠા જ્યાં મળતા હોય ત્યાં જઇ ખાણમાંથી કાઢવા, તેને નદીતટે વસેલાં મોટાં ગામોમાં લઈ જવા અને ત્યાં એને શુદ્ધ કરી સખત તપાવી એમાંથી જરૂરી કદ તથા ઘાટની ચીજો ઘડવી—એ નવા હુન્નરઉદ્યોગો માટે વિશિષ્ટ ધંધાદારી વર્ગ ઊભા થયા ને ગ્રામજીવનમાં હવે સ્વાવલંબનના સ્થાને પરસ્પરાવલંબન-નો વ્યવહાર પ્રવર્ત્યો. માનવ હવે વિશેષતઃ સામાજિક પ્રાણી બન્યો. પછી તો ધીમે ધીમે ગામમાં ખેડૂત, વણકર, સુથાર સલાટ, કડિયા, કુંભાર, લુહાર વગેરે જુદાજુદા ધંધાદારી વર્ગ વિકસ્યા ને કેટલાંક ગામ વધુ વસતિ તથા વધુ હુન્નર–ઉદ્યોગ ધરાવતાં નગરોરૂપે વિકસ્યાં. નગર-સંસ્કૃતિમાં વિકસેલી આ માનવ-સંસ્કૃતિને 'સભ્યતા' કહે છે.

હવે માનવસમાજમાં માત્ર સંરક્ષણ માટે સમૂહમાં રહેવાને બદલે જીવનવ્યવહારની જરૂરી ચીજોના ઉત્પાદન અર્થે શ્રમવિભાજન તથા વસ્તુ-વિનિમયની પરસ્પરાવલંબી વૃત્તિ પ્રવર્તી. કોઈ લોકો ખેતી કરતા ને અન્ન પેદા કરતા, તો કોઈ પશુપાલન કરતા ને દૂધ, ઊન, ચામડું વગેરે મેળવતા; કોઈ સૂતર કાંતતા ને વસ્ત્ર બનાવતા, તો કોઈ કુટીર કે ઘર તૈયાર કરતા; કોઈ માટીનાં વાસણ ઘડતા ને પકવતા, તો કોઈ ધાતુનાં ઓજાર, હથિયાર ઘરેણાં ને વાસણ બનાવતા. પરંતુ હવે જે કુટુંબ જે ચીજ બનાવતું તે પોતાની જરૂરિયાત પૂરતું જ ન બનાવતાં બીજાઓને માટે વધારે પ્રમા-ણમાં બનાવતું. ખેડૂત ઘણું ધાન્ય ઉત્પન્ન કરતો, વણકર પાસેથી વસ્ત્ર લેતો, કુંભાર પાસેથી વાસણ લેતો, લુહાર પાસેથી ઓજાર લેતો, સુથાર અને કડિયા પાસે ઘર બનાવડાવતો, સોની પાસે ઘરેણાં ઘડાવતો ને એ સહુને તે તે વસ્તુના બદલામાં ધાન્ય આપતો. એવી રીતે વણકર, કુંભાર, સલાટ, સુથાર, કડિયા, સોની, કંસારા—એ સહુ વર્ગનાં કુટુંબ પોતપોતાની ચીજો આપીને પોતાની સર્વ અન્ય જરૂરી ચીજો મેળવી લેતું. આ પદ્ધતિને વિનિમય અર્થાત્ અદલાબદલાની કે આપલેની પદ્ધતિ કહે છે.

આજે પણ હજી ગામડાંમાં ખેડૂતનું કુટુંબ ઘણી ચીજો અનાજના બદલામાં ખરીદે છે. શહેરમાં ઘણાં કુટુંબ જૂનાં કપડાં આપી પ્યાલા-બરણીવાળા પાસેથી વાસણ લે છે. આ વિનિમય-પદ્ધતિ માનવસમાજ-ના પરસ્પર આર્થિક વ્યવહારનાં સાધનોમાં પ્રથમ સોપાન ગણાય છે.







ચિત્રવિચિત્ર સિક્કાઓ

વિનિમયના માધ્યમ માટે માણસે જે વિવિધ પદાર્થો અને આકારની અજમાયશ કરી તેના થોડા નમૂના. મધ્ય પાસિફિક સાગરના યાપ ટાપુનો (સિક્કો), ચીનના છ ધાતુના (સિક્કા) અને અમેરિકાનો લાકડાનો (સિક્કો).

આ પદ્ધતિમાં કેટલીક મુશ્કેલી રહેલી છે. અદલાબદલીની ચીજોનું સરખું ગણાય તેવું તે તે ચીજનું પ્રમાણ નક્કી કરવું ઘણી વાર મુશ્કેલ પડતું. વળી અનાજ જેવી ચીજનું વત્તુંઓછું પ્રમાણ ગોઠવવું સરળ છે, પરંતુ વસ્ત્ર, પશુ, આભૂષણ આદિ મોટી ચીજો તો આખી લેવી પડે ને આખી આપવી પડે—આખીની જરૂર ન હોય તો પણ.

આથી આગળ જતાં એક બીજી પદ્ધતિ પ્રયોજાઈ. દરેક બે ચીજોની સીધી અદલાબદલી ન કરતાં કોઈ ત્રીજી ચીજને વિનિમયનું માધ્યમ બ-નાવવામાં આવ્યું. કોઈ સમાજમાં અન્નનો, કોઈ સમાજમાં પથ્થરના હથિયારનો, કોઇ સમાજમાં પ્રાણીના ચામડાનો, તો કોઈ સમાજમાં ગાય બકરી કે ઘેટાનો વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. કોઈ સમાજમાં માછલી, નારિયેળ વગેરે અન્ય ચીજો પણ પ્ર-યોજાઈ. ભારતમાં ગાય તથા અન્ન વિનિમયના માધ્યમ તરીકે વપરાતાં. વિનિમય માધ્યમની આ પદ્ધતિમાં વેચાતી ચીજનું તેમજ ખરીદાતી ચીજનું મૂલ્ય અંકાતું ને એ મૂલ્યના આધારે જરૂરી ચીજોની આપલે થતી. આર્થિક વ્યવહારનાં સાધનોમાં આ બીજું સોપાન ગણાય છે.

ધાતુની શોધ તથા ધાતુકામના હુન્નરને લઈને નગરસંસ્કૃતિ વિકસી ત્યારે વિનિમય-માધ્યમ તરીકે ધાતુ વપરાવા લાગી. ભારતમાં કીમતી ચીજો માટે સુવર્ણનું માધ્યમ પ્રયોજાયું. સસ્તી ચીજો માટે તાંબાનો ઉપયોગ થતો. મધ્યમ મૂલ્યની ચીજો માટે ચાંદી વપરાતી. (અનુ પૃ. ૧૪)



'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' એ નામથી આજથી પચ્ચીસ વર્ષ પર ચાલતી લેખમાળાના જાન્યુઆરી (૧૯૫૦) અંકમાં, ડૉ. નરસિંહ મૂ. શાહે જંતુનાશક, દર્દનિવારક ને આરોગ્યદાયક વાયુ ઓઝોનનો પરિચય આપ્યો હતો. તે જોવો ઉપયોગી થઈ પડશે :

સમુદ્રકિનારે એક જાતની વાસ આવે છે એ તમારા ધ્યાનમાં છે? પર્વત ઉપર એક પ્રકારની તાજગી અનુભવાય છે એ તમે જોયું છે? વીજળીના કારખાનામાં ડાયનેમો ચાલી રહ્યો હોય તેની પાસે એક પ્રકારની ગંધ આવે છે એ તમે અનુભવી છે? ગંધ વાતાવરણમાંના એક નવા વાયુને આભારી છે, એ જર્મન રાસાયનિક શૅાનબાઇને ૧૮૪૦માં પુરવાર કરી બતાવ્યું, અને ગ્રીક શબ્દ 'ઓઝો' એટલે 'હું સૂંઘું છું' એ ઉપરથી તેનું નામ પાડ્યું ઓઝોન.

ઑક્સિજન પર અલ્ટ્રાવાયોલેટ કિરણોની પ્રક્રિયા થવાથી ઓઝોન પેદા થાય છે. દરિયાના પાણીનાં ફોરાંનું બાષ્પીભવન થવાથી દરિયાની હવામાં ઓઝોન ઉત્પન્ન થાય છે. વાતાવરણના ઉપલા થરોમાં પણ ઓઝોનનું અસ્તિત્વ પુરવાર થાય છે. જૂજ પ્રમાણમાં હોય તો તો ઓઝોન તાજગી આપે છે; પરંતુ તેનું પ્રમાણ વધી જાય તો ગળું ઝલાય છે અને અંદરની ચામડી ચરચરે છે તથા ઝેરી અસર થાય છે. પ્રવાહી ઑક્સિજનને અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં રાખવાથી તેનો રંગ ઘેરો વાદળી થાય છે, કારણ કે તેમાં પ્રવાહી ઓઝોન ઉત્પન્ન થાય છે. વીજળીનો પ્રચાર સામાન્ય થઈ ગયા પછી હવે ઓઝોનનો શ્વાસ લેવા માટે સમુદ્રકિનારે યા પર્વત પર જવાની જરૂર રહી નથી. શહેરમાં દીવાનખાનમાં બેઠાંબેઠાં પણ એક બટન દાબીને હવે ઓઝોન મેળવી શકાય છે!

ગંધક અને ફૉસ્ફરસની માફક ઑક્સિજન વાયુ પણ બહુરૂપતા દાખવે છે. ઓઝોન એનું એક એવું રૂપાંતર છે. ઑક્સિજનમાં વીજળિક ડિસ્ચાર્જ કરવાથી સામાન્ય ઑક્સિજન વાયુમાં એક અણુવિશેષ ઉમેરાય છે, એટલે ઓઝોન બને છે. ઑક્સિજનમાંથી આમ ઓઝોન બનાવવાનાં યંત્રોને ઓઝોનાઈઝર કહે છે. બ્રોડી અને સાઇમેનના ઓઝોનાઈઝરની રચના સાવ સાદી છે. સાઇમેન-ઓઝોનાઈઝરમાં બે કાચની નળીઓ હોય છે, જે નાના મોટા વ્યાસની હોવાથી એકબીજીની અંદર પેસાડી શકાય છે. બહારની મોટી નળીની ઉપર અને અંદરની નાની નળીની અંદર કલાઈનાં પતરાં ચોડેલાં હોય છે. પછી એ બે નળીઓની વચ્ચે જગ્યામાં હવા યા શુદ્ધ ઑક્સિજન પસાર કરવામાં આવે છે, અને ઊંચા વોલ્ટેજે તણખા ઝર્યા વિના વીજળીનો પ્રવાહ છોડવામાં આવે છે, આ રીતે ઑક્સિજનનું ઓઝોનમાં ૨૫ ટકા રૂપાંતર થઈ શકે છે. જો તણખા ઝરે તો ઓઝોનનું ઑક્સિજનમાં વિઘટન થાય છે. મોટા પાયા પર ઓઝોન બનાવવાનો સિદ્ધાંત પણ ઉપર મુજબ જ છે; માત્ર તેમાં ઓઝોનાઈઝરની રચના વિશાળ પાયા પર કરવામાં આવે છે.

ઓઝોન આછો વાદળી વાયુ છે ને ઑક્સિજન કરતાં દોઢ ગણો ભારે છે. એ ટર્પેન્ટાઈન તેલમાં શોષાઈ જાય છે એ તેની વિશિષ્ટતા છે.

આજે હવે ઓઝોન અજાયબીની વસ્તુ રહી નથી. તેના કેટલા યે મહત્ત્વપૂર્ણ ઉપયોગો થાય છે. તે ખૂબ પ્રક્રિયાશીલ હોવાથી જંતુઓને બાળી નાખે છે, તેથી તેનો ઉપયોગ પાણીના શુદ્ધીકરણમાં થાય છે. એક ઘન મીટર પાણી માટે લગભગ એક ગ્રામ ઓઝોન જોઈએ. ફ્રાંસ દેશ ક્લોરીનને બદલે આજે ઓઝોનનો ઉપયોગ કરી કૉલેરા, ટાઇફૉઈડ અને એવાં દર્દોમાંથી મુક્તિ મેળવી શક્યો છે. ત્યાંની સીન નદીના પાણીમાં એક ઘન સેન્ટીમીટરમાં ૧૨૭-૪૪૪ સૂક્ષ્મ જંતુઓની હાજરી નોંધવામાં આવી હતી. તે ઓઝોન વડે શુદ્ધ કરતાં એ પ્રમાણ લગભગ શૂન્ય—માત્ર બે જંતુઓ જેટલું તપાસતાં માલૂમ પડ્યું હતું. એક બીજા પ્રયોગમાં લગભગ ૪૪ લાખ સૂક્ષ્મ જંતુઓ પાણીમાં ઉમેરવામાં આવ્યાં અને પછી તેને ઓઝોન વડે શુદ્ધ કરવામાં આવ્યું. તો પરિણામ પ્રથમ મુજબ જ આવ્યું. આ ઉપરથી ઓઝોનની અસરકારકતા સિદ્ધ થઈ ચૂકી છે. જર્મની, રશિયા ને બીજા દેશોમાં પણ હવે ઓઝોન પાણીની શુદ્ધિ માટે વપરાય છે.

ચેપી રોગોની હૉસ્પિટલોમાં પણ હવે ઓઝોનનો ઉપયોગ થવા લાગ્યો છે. અમેરિકામાં ઓઝોન વેન્ટીલેશન માટે હવે પ્રચલિત થતું ચાલ્યું છે. લંડનની ભૂગર્ભ રેલવેમાં અંદરનું વાતાવરણ શુદ્ધ રાખવા માટે ઓઝોન વપરાય છે. ખાવાની ચીજો બગડી ન જાય એ માટે તેમને ઠંડીમાં રાખવામાં આવે છે. આ ઠંડી વખારોનું વાતાવરણ શુદ્ધ રાખવા માટે પણ ઓઝોન સંતોષકારક નીવડ્યું છે, એટલું નહિ પણ સંગ્રહેલી વસ્તુ પર તેથી ફૂગ થતી પણ અટકે છે.

ઓઝોન પ્રબળ જારણકર્તા (oxidising agent) છે. તેથી તેલ, ચરબી જેવા પ્રવાહીઓને સાફ કરવા માટે તેનો ઉપયોગ થાય છે. ઓઝોનમાં રૂપું કાળું પડી જાય છે અને તેની ભસ્મ બને છે. રબર ઉપર તે રાસાયણિક અસર કરે છે. વળી એ પોટાશ્યમ આયોડાઈડમાંથી આયોડીન છૂટું પાડી આપે છે.

દર્દનિવારણ માટે ઓઝોનનો ઉપયોગ હજી પ્રારંભિક દશામાં છે અને એ અંગે સંશોધન ચાલુ છે. પરંતુ એક સફળ પ્રયોગ તો અહીં નોંધી લઈએ : ઓલિવ તેલ અને કૉડલીવર તેલમાં ઓઝોન મેળવીને આપવાથી ક્ષય, ફેફસાંનાં દર્દો, ન્યૂમોનિયા અને ઈન્ફ્લુએન્ઝા જેવાં દર્દોમાં સરસ પરિણામ આવ્યું. આપણા દેશમાં ઓઝોનનો ઉપયોગ પાણીના શુદ્ધીકરણ માટે કરવાનું શરૂ થાય તો અત્યારે વધી રહેલું મરણપ્રમાણ નીચું આવે એમાં શંકા નથી. આપણે આશા રાખીએ કે પ્રજાકીય તંદુરસ્તી અંગે આપણી સરકાર મ્યુનિસિપાલિટીઓને આ દિશામાં યોગ્ય પગલાં લેવા પ્રેરે. □

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)ની સલાહ

૧ કરડી, સૂર્યમુખી અને સોયાબીનનાં તેલની ગુણવત્તા જણાવશો.

ઉ. તેલ માત્રમાં ચરબી હોય છે અને આપણે જે પ્રકારની ચરબી ખાઈએ તેની શરીરમાં 'કૉલેસ્ટેરોલ' બનાવવાની ભૂમિકા છે. લોહીમાં કૉલેસ્ટેરોલનું વધુ પડતું પ્રમાણ હૃદયરોગ થવાના ઘણા કારણોમાંનું એક કારણ છે. માખણ અને ઘી જેવી પ્રાણિજ ચરબીથી, કોપરેલ અને વનસ્પતિ ઘીની ચરબીથી લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે.

મગફળીના તેલથી કૉલેસ્ટેરોલ થોડુંક વધે છે. તલના તેલથી તેનું પ્રમાણ જળવાઈ રહે છે, જ્યારે કપાસિયા, મકાઈ, કરડી અને સૂર્યમુખીના તેલથી લોહીમાંના કૉલેસ્ટેરોલનું પ્રમાણ ઘટે છે.

લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ સામાન્ય રીતે હોય તેના કરતાં પણ નીચું રાખવું ઈચ્છનીય હોવાથી હાઈપરટેન્શન (લોહીનું ઊંચું દબાણ) અને હૃદયરોગની સ્થિતિ વખતે કરડીનું તેલ કે સૂર્યમુખીનું તેલ ખાવાની સલાહ આપવામાં આવે છે.

કરડીના તેલને અંગ્રેજીમાં સફ ફ્લાવર ઑઈલ અને તેના શુદ્ધ કરેલા તેલને સફોલા ઑઈલ કહેવામાં આવે છે. સૂર્યમુખીનું તેલ અંગ્રેજીમાં સનફ્લાવર ઑઈલ કહેવાય છે. સફોલા તેલમાં ૯૨ ટકા અસંતૃપ્ત સ્નેહામ્લો હોવાથી કોરોનરી હાર્ટ ડિસીઝના રોગી માટે તે ખૂબ પથ્ય છે.

૨ કૉલેસ્ટેરોલ એટલે શું? શરીરમાં તેની શી અસર પડે છે?

શરીરના દરેક કોષને ઉપયોગી સફેદ તથા સ્વાદ અને સોડમવિહીન એવું કૉલેસ્ટેરોલ કલેજામાં પેદા થાય છે. પિત્તામ્લો અને જાતીય હૉરમોનોના ઉત્પાદનમાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે, વિટામિન ડી અને કોર્ટિકલ હૉરમોનનું તે પૂર્વગામી છે. ૬૫ કિલો વજનના શરીરમાં તેનું કુલ પ્રમાણ લગભગ ૨૧૦ ગ્રામ હોય છે. લોહીમાં તેનું પ્રમાણ મોટા ભાગે ૧૫૦ થી ૨૨૫ મિ.ગ્રા. જેટલું છે. કોઈકમાં જ્ઞાનતંત્રની સતત તાણ નીચે તેનું પ્રમાણ વધે છે. ખોરાકમાં વધારે કૉલેસ્ટેરોલ હોય તો પણ તેનું પ્રમાણ વધે છે. માંસાહાર, દૂધ, મલાઈ, માખણ, ઘી, ઈંડાંમાં કૉલેસ્ટેરોલ રહેલું છે. વનસ્પતિ ખાદ્યોમાં કૉલેસ્ટેરોલ નથી હોતું, પણ જો પ્રાણિજ ચરબીથી એ રંધાય તો તેમાં થોડું કૉલેસ્ટેરોલ આવે છે.

લોહીમાં કૉલેસ્ટેરોલના વધારે પ્રમાણથી ધમનીઓની દીવાલમાં તે જમા થવાથી આર્ટરીઓ-સ્કલેરોસિસ થાય છે. પરિણામે ધમનીઓ કઠણ થવાથી હૃદયમાં એન્જાઈના અને મગજમાં સ્ટ્રોક વગેરે જોખમી રોગો થાય છે. લોહીમાં કૉલેસ્ટેરોલના વધુ પડતા પ્રમાણથી જીવનપ્રદ લોહીનું વહન કરનાર ધમનીઓ રોગિષ્ઠ બને છે અને માનવીને નાની ઉંમરે ઘડપણ શરૂ થાય છે.

કૉલેસ્ટેરોલનું પ્રમાણ ઘટાડનાર લેસિથીન છે, પણ તે વધવા ન પામે તે માટે તરુણો અને પુખ્ત વયની વ્યક્તિઓએ ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. ઓછી ચરબી ખાવાથી શરીરમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ સલામત સપાટીએ જળવાઈ રહે છે. અને મેદવૃદ્ધિ થતી નથી.

કૉલેસ્ટેરોલના પ્રમાણની ચિંતા મોટી ઉંમરે જ કરવાની નથી, બાળપણમાં અને તરુણવયથી જ શરીરની તંદુરસ્તીનો પાયો નખાય છે. એટલે નાની વયથી જ પ્રાણિજ ચરબી ખાવામાં સંયમ જાળવવાનો છે. વ્યક્તિને હાઈપરટેન્શન (લોહીનું ઊંચું દબાણ) અને ડાયાબિટીસ હોય ત્યારે કૉલેસ્ટેરોલનું વધુ પડતું પ્રમાણ જોખમી લેખાય છે. પ્રાણિજ ચરબી દૂધ મલાઈ માખણ ઘી ઈંડાં ને માંસાહારમાં સંતૃપ્ત ચરબી હોવાથી લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે. મકાઈ, કપાસિયાં, સૂર્યમુખી ને બીજાં અસંતૃપ્ત ચરબીવાળાં તેલ ખાવાથી લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ ઘટે છે. મગફળી અને ઑલિવ તેલથી કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધતું કે ઘટતું નથી. કોપરેલમાં સંતૃપ્ત ચરબી સમાએલી છે. મચ્છી તેમજ ઓછી ચરબીવાળું પનીર ખાવામાં વાંધો નથી. અઠવાડિયામાં બેત્રણ ઈંડાં પણ ખાઈ શકાય. આઈસક્રીમ, પેસ્ટ્રી ને તળેલી વાનીઓ મર્યાદિત પ્રમાણમાં ખાવાની છે.

ખોરાક ઉપરાંત બોજ, વધારે ખોરાક, ઓછો શારીરિક શ્રમ અને વારસાનુગતતાને કારણે કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધુ પડતું રહે છે. ઉંમર અને જાતિ પ્રમાણે પણ તેનું પ્રમાણ વધે છે. ઋતુનિવૃત્તિ બાદ સ્ત્રીઓમાં તેનું પ્રમાણ વધે છે.

પોષણદાયી મિતાહાર અને ખુલ્લામાં કસરત, કંઈ નહિ તો ચાલવાની કસરતથી કૉલેસ્ટેરોલનું પ્રમાણ અંકુશમાં રહે છે. ચણા ડુંગળી અને દહીંથી કૉલેસ્ટેરોલનું પ્રમાણ ઘટતું હોવાના સમાચાર જાણવા મળ્યા છે.

૩ મારી આઠ વર્ષની પુત્રી પાંચ વર્ષ થયાં ઊંઘમાં દાંત કચકચાવે છે. દેશી અને વિલાયતી દવાઓ કરી પણ તેમાં કંઈ ફેર પડતો નથી. કોઈ ઉપાય બતાવશો?

ઉ. બાળકો તો શું મોટા માણસો પણ રાતના દાંત કચકચાવે છે. નસકોરાં બોલવા પછી ઊંઘમાં દાંત કચકચાવવાની ટેવ રાતનાં બીજાઓને ખલેલ પાડનાર છે.

તમે માબાપ બાળકને વારંવાર ઠપકો કે એની કોઈ ટેવ સુધારવા માટે વારંવાર ટોકો છો ખરાં? તેને કોઈ બિનસલામતિની લાગણી સતાવે છે? અગર તે કોઈ માનસિક ખેંચતાણ નીચે રહેતી હોય એવું લાગે છે ખરું? તેનો ખોરાક કેવો?

તેને રોજ સાંજે વહેલાં વાળુ કરાવો. અને તેને આઠનવ કલાકની ઊંઘ મળે તેમ કરો. તેના સૂવાના ખંડમાં અંધારું રાખવું. વળી, તેને વાતવાતમાં ઠપકો ન આપવો કે ટોકવું નહિ. નિશાળનું લેસન કરવા માટે પણ વધારે પડતી કચકચ કરવી નહિ. છથી આઠ વર્ષનાં બાળકોને ભણતરની હરીફાઈ જીરવવી ભારે પડે છે.

બાળકને સારો ખોરાક આપવો. દૂધ ને શાકભાજી વિશેષ આપવાં. શાકભાજી ખાવાં ન ગમતાં હોય તો તેને તેમાં રુચિ પેદા કરવી. ઋતુઋતુનાં ફળ આપવાં. છતાંય નબળી તબિયત જણાય તો વૈદ્યદાક્તર સૂચવે તે શક્તિની દવા આપવી.

ઊંઘમાં દાંત કચકચાવવાનું રહસ્ય ઉકેલાયું નથી. પણ ભાવનાવશ કે જલ્દી ચીડાય એવાં બાળકોમાં તે થાય છે. દાક્તરની સૂચના હેઠળ મંદ ટ્રાન્કિવલાઈઝર ઔષધ આપવાથી ઘણી રાહત થશે.

૪ કૉલેજ જતી મારી પુત્રીના પગની પાનીઓ ખૂબ દુખે છે. તેનો શો ઈલાજ કરવો?

ઉ. આ દુખાવો વાના કારણે હોઈ શકે. ઊંચી એડીના બૂટ કે ચંપલ પહેરવાથી થતી ઈજાને કારણે તેમાં વધારો થવાનો સંભવ છે.

વાની દવા સાથે પેટ સાફ રહે એવા ઉપચાર થવા જોઈએ. ચપટી મીઠું કે સોડા-બાય-કાર્બ નાખેલા ગરમ પાણીમાં સવારસાંજ પા કલાક સુધી પાનીઓ બોળી રાખવાથી પણ રાહત થશે. જો આવા ઉપચારથી ફેર ન પડે તો પાનીનો એક્સ-રે લેવરાવી વધુ તપાસ કરાવવી–કદીક હાડકાને ફણગો ફૂટે છે; જે 'કૅલકેરીઆ સ્પર' કહેવાય છે. આ સ્થિતિ માટે શસ્ત્રક્રિયા કરાવવી પડે છે. □

આવાર્તા

લગભગ ત્રણેક દાયકા પર નૅશનલ સ્ટૂડિયોઝ માટે મેહબૂબ એક ફિલ્મ બનાવેલી: 'રોટી'. ચંદ્રમોહન, શેખમુખ્તાર અને સિતારાદેવી સાથે એમાં અખ્તરી ફૈઝાબાદીની પણ




બેગમ અખ્તર ઉત્તરાવસ્થામાં

મહૂમ બેગમ અખ્તર અબ્બાસી

એક ભૂમિકા હતી. અનિલ વિશ્વાસે સંગીતબદ્ધ કરેલી, સફદર આહ અને 'આરઝૂ' લખનવીએ લખેલી ગઝલોને એ ફિલ્મમાં અખ્તરીએ ગાએલી. પાછળથી એ ગઝલો ફિલ્મમાંથી કાઢી નખાએલી, પણ એના વિના પણ એનો અભિનય નોંધનીય રહ્યો હતો. 'પ્લૅબૅક'નો એ જમાનો નહોતો અને આ અખ્તરી ફૈઝાબાદી ઘણી સરસ રીતે ગાઈ શકતી હતી. અનેક ફિલ્મોમાં–ખાસ કરીને કલકત્તામાં ઊતરેલી ફિલ્મોમાં એણે પોતાનો કંઠ અને અભિનય આપેલાં, જેમાં ઈ. ૧૯૩૪માં કલકત્તાની 'કાલી ફિલ્મ્સ' દ્વારા ઊતરેલું 'અમીના' ચિત્ર કદાચ સૌથી જૂનું છે. અખ્તર નવાઝ, ઝરીના અને માહજબીન સાથે એમાં અખ્તરીએ કામ કરેલું. એ પછી મંઝૂરે ઉતારેલા ચિત્ર 'જવાની કા નશા'માં પણ એની નોંધનીય કામગીરી હતી. એ સમયના પ્રખ્યાત હીરો ખલિલ સામે એની ભૂમિકા હતી. ખલનાયકની પ્રેરી કથાના ભલા નાયકને અવગતિએ પહોંચાડનાર અને પછી એના જ પ્રેમમાં પડી પોતાનો જીવનમાર્ગ બદલી નાખનાર એક ગાનારીના પાત્રમાં એણે કેટલીક સુંદર ગઝલો ગાવા સાથે સરસ અભિનય આપેલો. ત્યાર બાદ કલકત્તાની 'મનોહર ફિલ્મ્સ' માટે દિગ્દર્શક પેસી કરાણીએ ઉતારેલા 'નસીબ કા ચક્કર'માં એણે અભિનય આપ્યો. પૈસે ટકે ઘસાઇને સંજોગોવશાત્ જેલમાં ગએલા પિતાની એક પુત્રી પોતાના સુંદર કંઠને કારણે ફિલ્મ ઉદ્યોગમાં સ્થાન પામી ઘર નિભાવે છે અને ગાયિકા તરીકે ઘણી પ્રતિષ્ઠા પામી છેવટ ફિલ્મના દિગ્દર્શક સાથે પરણે છે એની એમાં કથા હતી. બદનામ ગણાતા ફિલ્મઉદ્યોગમાં પણ સારા અંશોની શક્યતાનું એમાં નિરૂપણ હતું. એ પુત્રી તરીકે અખ્તરીના અભિનય સાથે એની ગઝલોનું પણ એ ફિલ્મમાં એક મુખ્ય આકર્ષણ હતું. છેલ્લે છેલ્લે સત્યજિત રાયે પોતાની ફિલ્મ 'જલસાઘર'માં એને એક ગાયિકાના રૂપમાં રજૂ કરેલી.

આ અખ્તરી ફૈઝાબાદી યા ટૂંકમાં અખ્તરી





રૂસી કલાકાર નિકોલાઈ રૅાયરિખ અને એમનું ચીતરેલું હિમાલયનું એક દૃશ્ય

'હું નિકોલસ રૅારિકનો જ્યારે પણ વિચાર કરું છું ત્યારે, એમની પ્રવૃત્તિઓ અને સર્જનાત્મક પ્રતિભાની વિપુલતા તથા બાહુલ્યથી ચકિત થઈ જાઉં છું. એક મહાન કળાકાર, વિદ્વાન, લેખક, પુરાતત્ત્વવિદ્ અને સંશોધક તરીકે એમણે માનવ-પ્રયાસોનાં સંખ્યાબંધ પાસાં પર પ્રકાશ રેલાવ્યો છે. એમની કૃતિઓની સંખ્યા દંગ કરી દે એટલી બધી—હજારોમાં છે અને તે પ્રત્યેક ચિત્રકળાનો એક મહાન નમૂનો છે. આપણે જ્યારે આ ચિત્રો–જેમાંનાં ઘણાં હિમાલય પર્વતનાં છે–નિહાળીએ છીએ ત્યારે, સદીઓથી ભારતનાં મેદાનો પર ઝળૂંબી રહેલા અને સૈકાઓથી રક્ષા-પ્રહરી બની રહેલા એ મહાન પર્વતોના અંતરતત્ત્વનો સ્પર્શ પામીએ છીએ. આ ચિત્રો આપણને આપણો ઇતિહાસ, આપણું ચિંતન, આપણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાની ઘણી બધી યાદ આપી જાય છે. ભારતની કેવળ પ્રાચીનતાની જ નહિ, એનાં સનાતન અને અમર એવાં કોઈક તત્ત્વોની પણ એવી યાદ કરાવે છે કે, પોતાના આ ભવ્ય ફલક પર એ તત્ત્વના પ્રત્યે ઊંડી કૃતકૃત્યતાની ભાવના અનુભવ્યા વગર આપણે રહી શકતા નથી.'

—જવાહરલાલ નેહરુ

હિમાલયની તળેટીમાં કુલુખીણની પ્રશાંત સૌંદર્યશ્રીથી મુગ્ધ બની ત્યાં જ કાયમી વાસ સ્વીકારનાર જગવિખ્યાત રૂસી ચિત્રકાર, ફિલસૂફ, કવિ, માનવતાવાદી લેખક અને પુરાતત્ત્વવિદ્ નિકોલાઈ રૅાયરિખની જન્મશતાબ્દી ગયા વર્ષમાં ઊજવાઈ. ભારતીય વિચારધારાને તેઓ ચાહતા. હિમાલયના સૌંદર્ય અને તેની પ્રકૃતિમાં પોતાને અભિપ્રેત તત્ત્વવિચારોને વ્યક્ત કરતાં એમનાં ૭૦૦૦ જેટલાં ચિત્રો, અમેરિકામાં એમણે સ્થાપેલી પ્રકાશન સંસ્થા અને 'રૅારિક મ્યૂઝિયમ', હિમાલય અને એની ભોમનાં કલાસંસ્કારતી ખોજ અર્થે કુલુ ખીણમાં સ્થાપેલા 'ઉરૂસ્વતી રિસર્ચ ઇન્સ્ટિ.' વગેરે સાથે એમના ચિંતનસમૃદ્ધ લેખો ઈત્યાદિનો બહુમૂલો વારસો એમણે દુનિયાને આપ્યો છે. તિબેટ, સિક્કીમ, મૉંગોલિયા, ચીનાઈ તુર્કસ્તાન ને અલ્તાઈ વગેરે એશિયાઈ દેશોની એમની સુદીર્ઘ શોધસફરોએ તે તે પ્રદેશોનાં ધર્મ, ભાષા અને સંસ્કૃતિ પર ઘણો નવો પ્રકાશ પાડયો છે. યુદ્ધકાળમાં પણ શૈક્ષણિક, વૈજ્ઞાનિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક સ્થાનોના સંરક્ષણના એમણે આપેલા વિચારને અનેક દેશોએ સ્વીકાર્યો હતો. ઈ. ૧૯૪૭માં આ કલામહર્ષિનું અવસાન થયું.



△ 'જવાની કા નશા' અને 'નસીબ કા ચક્કર'માં અખ્તરી ફૈઝાબાદી—એટલે કે બેગમ અખ્તર. એમની ફિલ્મ-કારકિર્દીના આરંભકાળમાં ગાયક અભિનેત્રી તરીકે.



તરીકે ઓળખાતી ગાયક કલાકાર તે જ હમણાં અમદાવાદમાં પોતાના કંઠનું રસપાન કરાવ્યા બાદ હૃદયરોગના હુમલાથી ગઈ ૩૦મી નવેમ્બરે અવસાન પામનાર, 'રૂહે ગઝલ' તરીકે વિખ્યાત બનેલાં બેગમ અખ્તર અબ્બાસી. ઈ. ૧૯૧૪-ની ૧૪મી ઑક્ટોબરે એમનો જન્મ. છેલ્લા ચારેક દાયકાથી ગઝલ-ઠુમરીની દુનિયામાં એક સામ્રાજ્ઞી સમ એમની પ્રતિષ્ઠા હતી. પંજાબના ઉસ્તાદ આતામોહમ્મદખાં અને કિરાણા ઘરાણાના ઉસ્તાદ અબ્દુલ વહીદખાંનાં એ શાગિર્દ. વર્ષોના રિયાઝથી કસાએલો એમનો કંઠ ગઝલ, ઠુમરી કે ટપ્પા, દાદરા યા છેવટ સાદા ભજનમાં પણ સંગીતના જ્ઞાત-અજ્ઞાત સૌ કોઈને ડોલવે તેવો મધુર હતો.

વિખ્યાત ગઝલકારોની ઉર્દૂ કૃતિઓની સંગીતમય રજૂઆતમાં પોતાની આગવી શૈલી વિકસાવીને એમણે તેમાં માનવીય લાગણીઓની અભિવ્યક્તિના ઉમેરણ સાથેનું એક અનોખું સંગીત પીરસનાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. એમની અદ્વિતીય રજૂઆતમાં ગઝલની ખરી કરુણતા પ્રકટ થતી. ગાલિબની ગઝલોને બેગમ અખ્તરે પોતાની કળા વડે અમરત્વ અર્પ્યું હતું. છેલ્લે છેલ્લે તો એમણે ગુજરાતી ગઝલોને પણ પોતાના સંગીતથી શોભાવી હતી. જીવનની અનેક ચડઊતરો અને સંગીતક્ષેત્રની અનેક કડવીમીઠીનો એમને અનુભવ હતો અને એથી કલાકારો ને સંગીતપ્રેમીઓ પ્રત્યે એમને ભાવ રહેતો. શેઅરો-શાયરી ને ગઝલોનો એ જીવતોજાગતો ખજાનો હતાં. અને એવાં જ હતાં એ વાતચીતોનાં ઉસ્તાદ. એમની સાથેનો વાર્તાલાપ પણ અનેક અનુભવો અને લાગણી તથા તમીજથી ભરપૂર રહેતો.

સ્વાતંત્ર્ય પછી ઈ. ૧૯૬૧માં પાકિસ્તાનમાં અને ૧૯૬૨માં અફઘાનિસ્તાનમાં પણ એમણે પોતાનું સંગીત રજૂ કર્યું હતું. ભારત સરકારે ઈ. ૧૯૬૮માં એમને 'પદ્મશ્રી'નું માન આપીને નવાજ્યાં હતાં.

હજારોનાં હૈયાં ડોલાવનારો એમનો કામણગારો કંઠ લગભગ ૩૦૦ જેટલી રૅકૉર્ડમાં સચવાયો છે. હજી હમણાં ત્રણેક વર્ષ પર ફિલ્મ ડિવિઝન દ્વારા એમનો અને એમની કલાનો પરિચય આપતું 'બેગમ અખ્તર' નામે એક દસ્તાવેજી ચિત્ર પણ તૈયાર થયું છે. 'હિઝ માસ્ટર્સ વૉઈસ' દ્વારા એમના ગાયનની એક લૉંગ પ્લેઈંગ રેકૉર્ડ પણ તૈયાર થઈ રહી હતી, જેમાં છેલ્લી એક જ ગઝલનું ઉમેરણ બાકી હતું ત્યાં એમનું અવસાન થતાં, એ રેકૉર્ડનું સંપાદન કરનાર શ્રી વિજય કિશોર દુબેના શબ્દોમાં કહીએ તો 'બેગમ અખ્તરના જવાથી હવે ગઝલના ગાયનનો એક સુંદર યુગ આથમી ગયો.'

એમની અંતિમ ઇચ્છાનુસાર એમના અવસાન બાદ અમદાવાદથી એમના નિવાસસ્થાન લખનૌ લઈ જઈ એમને ત્યાંના 'પસંદબાગ'ના કબ્રસ્તાનમાં એમની માતા મુસ્તરીબેગમની બાજુમાં દફનાવવામાં આવ્યાં ત્યારે એમની દત્તક પુત્રી આતિયાબાનુની સાથે એમનાં હજારો ચાહકોએ એમની સ્મશાનયાત્રામાં માનથી સાથ આપેલો. એમની ગાયકી ગઝલ-ઠુમરી જેવા હળવા સંગીતની ભલે હતી, પણ સંગીતક્ષેત્રે એમનું સ્થાન ઘણું ઊંચું હતું. આજે એ ગઝલ-ઠુમરીની અનેક ગાયિકાઓ ખ્યાત છે, પણ બેગમ અખ્તરનું સ્થાન પુરાવું સરળ નથી જ. □

કંકાવટી

કરકસરભરી જીવનરીતિ

● ગૅસ પેટાવવા માટે દીવાસળી કરતાં ગૅસ-લાઈટર સલામત અને સરવાળે સોંઘું છે.

● એક લેંઘા માટે બે-સવાબે મીટર કાપડ જોઈએ પણ ત્રણ લેંઘા માટે સળંગ ઓછું કાપડ જોઈએ. એ જ રીતે લાંબા કાપડમાંથી નાનાં-મોટાં બાળકોનાં કપડાંનો વેંત બેસાડી શકાય.

● જરૂર પૂરતા જ તેજ બલ્બ વાપરો. વીજળીનું વધુપડતું તેજ આંખ પણ બગાડે છે.

● ઘરમાં રસોઈનો દિવસવાર નિશ્ચિત કાર્યક્રમ રાખવો. વાનગી સાદી તથા પોષણની દૃષ્ટિએ પસંદ કરવી. આમાં તળેલી અને ગળી વાનગી મહિને કે પખવાડિયે જ ગોઠવી શકાય. વચ્ચે વચ્ચે એકટાણું-ઉપવાસ આરોગ્ય સુધારશે.

● ઢળી ગએલાં તેલ કેરોસિન લૂછેલા કાપડના ટુકડા સગડી પેટાવવા કામ લાગે.

● ખાંડ કરતાં ગોળનો ઉપયોગ વધારવો. ખાંડ શરીર માટે લાભકારી નથી જ.

● ઘરઆંગણે ફૂલછોડ વાવવાથી સુંદર તો લાગશે જ, ઉપરાંત પૂજા કે વેણી માટે ફૂલ મળશે.

● 'ફેવિકોલ' કે એવા પદાર્થોની ટ્યૂબ ઘરમાં રાખવાથી ઘણી તૂટેલી ચીજો ને રમકડાં સાંધી ફરી ઉપયોગમાં લઈ શકાશે.

● બીડી-તમાકુ-મસાલાની ગુલામી ન જ છૂટે તો એ ઘરમાં જ બનાવવાનું સસ્તું પડશે. એ જ રીતે મુખવાસ પણ ઘરમાં બનાવી શકાય.

● દૂધ બગડી જાય તો મેળવી દો: કઢી માટે છાશ મળશે. એ જ રીતે વધુ દૂધ વાપરતા હો તો એની મલાઈ કાઢી મેળવી દેવી. ચારપાંચ દિવસની મલાઈ વલોવી માખણ કાઢી ઉપયોગમાં લઈ શકો યા તાવીને ઘી પણ બનાવી શકો.

● ટિંક્ચર આયોડાઈન, મલમ, પાટા વગેરે જેવાં પ્રાથમિક સારવારનાં સાધનો ઘરમાં રાખવાં જ. એ તુરત કામ લાગે છે ને ડૉક્ટરને ત્યાંની દોડાદોડી અને મોટો ખર્ચ બચાવે છે.

● નિયમિત ફરવા જવું સારું છે, પણ બહાર જઈ જે તે કચરો પેટમાં ઓરવો બરાબર નથી. બહાર તૈયાર મળતા ખાદ્ય પદાર્થો બધા જ ઘરમાં બની શકે.

● અંબર ચરખો ઘરની કાપડની જરૂરિયાત પૂરી પાડવામાં ઘણો સહાયક બની શકે છે.

● પાકશાસ્ત્રના એકાદ સારા પુસ્તકનો ખર્ચ બજારુ ચીજોનો મોટો ખર્ચ બચાવશે.

—એ. આર. લાઠીગરા (સાવરકુંડલા)

આંગણાનાં ફૂલ-૪

ગુલછડી

લેખક · અમીલાલ ઢાંકી



ઘાસ જેવાં સીધાં લાંબાં પાતળાં પાન ને તેની વચ્ચે લાંબા પુષ્પદંડ પર એક યા વધુ શરણાઈ આકારનાં શ્વેતસુંદર સુગંધી ફૂલવાળા ગુલછડી (Tube-rose)ના છોડ તો ઘણાએ જોયા હશે. છોડ પર ત્રણચાર દિવસ એ ફૂલ ટકે છે, અને ફૂલદાનમાં કાપીને રાખ્યાં હોય તો એમાં યે જલદી કરમાતાં નથી. જાતફેર પ્રમાણે એક અને એથી વધુ ફૂલોવાળા એના છોડ બગીચાની કયારીમાં તેમજ ઘરઆંગણે કૂંડાંમાં પણ ઉગાડી શકાય છે. એની ત્રણ જાત જાણીતી છે: પુષ્પદંડ પર છ પાંખડીવાળા શરણાઈ જેવા આકારના એક જ ફૂલવાળી જાત, 'પર્લ' નામની બે ફૂલવાળી જાત અને ત્રીજી ઝીણી પીળી રેખાઓ સાથેનાં પાનવાળી જાત. આમાંની પહેલી જાત વધુ સુગંધી છે.

ભેજયુક્ત ગરમ આબોહવાવાળી, દરિયાકિનારા નજીકની ક્ષારથી મુક્ત એવી નિતારવાળી જમીન ગુલછડીને માફક આવે છે. કૂંડામાં વાવી હોય તો એને બે ભાગ માટી અને એક ભાગમાં સરખે હિસ્સે પાનસડેલને રેતી ભેળવેલું ખાતર અનુકૂળ થાય છે. છાણિયું ગળતિયું ખાતર કે વધુ કા પોટાશવાળું મિશ્ર રાસાયણિક ખાતર પણ માફક આવે છે. કયારામાં ગુલછડીની ગાંઠો થોડાથોડા અંતરે છૂટી છૂટી રોપાય છે. નાની ગાંઠ ૮-૧૦ દિવસમાં ને મોટી ૧૦-૧૫ દિવસમાં ફૂટી ત્રણેક માસે ગુલછડીનાં ફૂલ ખીલવા લાગે છે. પણ ગાંઠમાં ફૂટ આવે ત્યાં સુધી જમીન ને કૂંડાંમાં ભેજ રહે એ જરૂરી છે. દર ત્રીજે વર્ષે જમીનમાંની ગાંઠો ખોદી કાઢવી. એ વખતે બેચાર ગાંઠો જોડાએલી હશે. તેને અલગ પાડીને ફરી જુદે સ્થળે કે નવા ખાતરવાળાં કૂંડાંમાં રોપવી. ફૂલ ખીલે ત્યારે જો એ ઉતારી લેવાં હોય તો લાંબા પુષ્પદંડ સાથે જ લેવાં. છોડ પર જ ફૂલ રાખવું હોય તો એ કરમાઈ જાય ત્યારે પુષ્પદંડ કાપી નાખવો.

કયારેક ગુલછડીની કળીઓ ખીલ્યા વગર જ સુકાઈને ખરી પડે છે. આવું થાય તો રૉગૉર, બ્લિટૅક્સ કે મેલેથીઑન નામની દવાને સૂચવેલા પ્રમાણમાં પાણીમાં ભેળવીને છાંટવી.

ગુલછડીનું વાવેતર વ્યાવસાયિક ધોરણે પણ થઈ શકે. શોભા ઉપરાંત ગુલછડીનાં ફૂલ અત્તર-એસેન્સ વગેરે બનાવવામાં પણ વપરાય છે. □

યજમાન હો ત્યારે

રવિવારે કે દિવાળી-ઉનાળાની રજાઓમાં મિત્રો કે સગાંસંબંધી મહેમાન બને ત્યારે ઉભયને થતા ત્રાસ કે આનંદનો આધાર મુખ્યત્વે તો ગૃહિણીનું વર્તન જ હોય છે. જરા પણ ગભરાટ અનુભવ્યા સિવાય કોઈ પણ પરિસ્થિતિનો મુકાબલો કરવાની તૈયારી સાથેનું સ્વસ્થ ને સંતુલનવાળું માનસ ધરાવતી ગૃહિણી જ આદર્શ યજમાન બની શકે છે. આવું માનસ આમ તો કુદરતી સ્વભાવ પર જ અવલંબે; છતાં કેટલાંક સૂચનો એવા માનસઘડતરમાં સહાયક થઈ શકે:

મહેમાનોના આગમન પહેલાં, આપણી દૃષ્ટિએ સાવ સામાન્ય પણ એમને અત્યંત મધુર લાગે એવી, કેટલીક પૂર્વતૈયારીઓ કરી રાખવી જોઈએ. દા. ત. એમના ખંડમાં અલાયદી પાણીની માટલી ને સ્વચ્છ ગ્લાસ, ખાટલા પાસેના ટેબલ પર થોડાં સારાં પુસ્તકો ને તાજાં સામયિકો તથા ફૂલદાનમાં કે પ્યાલામાં યા છેવટે નાની રકાબીમાં થોડાં તાજાં ફૂલ.

મહેમાનોના આગમન સમયે કોઈ કારણસર તમે જો ચિડાએલાં, ઉદાસીન કે ગૂંચવાએલાં દેખાશો તો એમને ક્ષોભ થશે. ગમે તેવી સ્થિતિમાં પણ એમને સસ્મિત આવકારજો, જેથી પોતે બોજારૂપ થઈ પડયાનો એમને ખયાલ ન આવે. વળી લાંબી મુસાફરીએથી આવેલાં મહેમાનોને દીવાનખાનામાં વાતો કરતાં બેસાડી ન રાખવાં. એમનું ઉમળકાથી સ્વાગત કરી તરત જ એમને, (હોય તો), એમનો અલાયદો ખંડ તેમજ બાથરૂમ-જાજરૂ વગેરે બતાવી દો.

લાંબા સમય માટે રહેવાનાં હોય એવાં મહેમાનોને નાહવાના સમય વિષે ખાસ સૂચના આપી દો કે જેથી તમારા પતિને ઑફિસમાં કે બાળકોને શાળાએ જતાં મોડું થવાનો ભય ન રહે.

મહેમાનોને સમયસર ચા, નાસ્તો કે ભોજન મળી રહે એ માટે ખાસ તકેદારી રાખો.

ભોજનમાં રોજ મીઠાઈ ન હોય તો ચાલે, પણ ભોજન સ્વાદિષ્ટ બનાવવાની તેમ આસપાસ સ્વચ્છતા રાખવાની કાળજી ખસૂસ રાખવી; એમને બેસવાની જગ્યા પણ મુકરર કરી રાખવી.

મહેમાન સ્ત્રી જો તમને સાફસૂફીમાં મદદ કરવા ઇચ્છતી હોય તો સંજોગો અને સંબંધ જોઈ એનો સ્વીકાર કે અસ્વીકાર કરો. પણ બંને વખતે તમારી વાણી મિષ્ટ ને વિવેકપૂર્ણ હોવી જોઈએ.

ઘરમાં બાળકો હોય તો મહેમાનોની હાજરીમાં એમના પર ચિડાવું કે એમને મારપીટ કરવી એ મહેમાનોનું સૂક્ષ્મ અપમાન કરવા બરાબર છે. એ જ રીતે પતિ સાથે પણ તોછડાઈભર્યું વર્તન ન રાખતાં.

મહેમાનોને પસંદ હોય તો એમનાં ચા-નાસ્તો એમના ખંડમાં જ મોકલી આપો.

સરભરા એક કલા છે. પોતે આ ઘરના અતિથિવિશેષ છે એવો અનુભવ મહેમાનોને કરાવી શકનાર ગૃહિણી આદર્શ યજમાન ગણાય. જો કે એનો અર્થ એવો નહિ કે એણે મહેમાનો માટે દાંભિકતાભરી દોડધામ કરી મૂકવી. માત્ર નાનીનાની વિગતોની કાળજી રાખીને ઘણું કરી શકાય છે એ ધ્યાનમાં રાખવું. □

કાનનો દુખાવો

હું કૉલેજમાં અભ્યાસ કરતો હતો. મારા કાનમાં કંઈક દુખાવો થયો. એક પછી એક અનેક ડૉકટરો બદલ્યા, દવાઓ બદલી. આઠ દિવસ થયા પણ ફરક ન પડયો. ડૉકટરનો આખર અભિપ્રાય કાનના અંદરના પરદાનું ઑપરેશન કરવાનો મળ્યો. અમારો એક રસોયો હતો. તેણે પોતાના તરફથી એક પ્રયત્ન કરવાનું કહ્યું. ડૂબતો તરણું ઝાલે તેમ મેં હા કહી. તરત જ એણે લસણની એક જ કળી ફોલીને સરસિયામાં કકડાવીને સહેવાય તેવું એ તેલ કાનમાં નાખ્યું ઉપર કળી મૂકી અને તેલ તથા કળી નીકળી ન જાય તે માટે રૂનું પૂમડું ભરાવ્યું. હું ૮ દિવસથી ઊંઘ્યો ન હતો તે નીરાંતે ઘસઘસાટ ઊંઘી ગયો. બીજે દિવસે સવારે ઊઠયો તો મારું દર્દ ગાયબ થઈ ગયું હતું. એ વાતને આજે ૪૫ વર્ષ થઈ ગયાં: મને ફરી એ દર્દ થયું નથી.

(ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રીમન્નારાયણ)

દરેક પત્નીને પોતાના પતિની ચોકસાઈ માટે ભય, અને દરેક માતાને પોતાના પુત્રની ચોકસાઈ માટે આશ્ચર્ય લાગ્યા કરે છે.

કોઈ છોકરીના દોષ જાણવા હોય તો તેની સહિયર સામે તેની પ્રશંસા કરો. (ફ્રેન્ચ કહેવત)

પાણી અને માનવતાનું મૂલ સમજાવતી તરસ

લેખક · લલિતકુમાર શાસ્ત્રી

સત્યેન્દ્રનાથ ફર્સ્ટ ક્લાસના પ્રવાસી હતા..., કડક કૉલરનું સફેદ શર્ટ, પટ્ટાવાળું પાટલૂન, ટાલવાળું માથું અને લાલ ચહેરો એમની પાંસઠની ઉમરને પંચાવનની માનવા જરૂર પ્રેરે. પણ એમની આંખોમાં અનુભવના ઊંડાણની સાથે એક વિશેષ પ્રકારની તરસ હતી. જાણે તેઓ કશું શોધી રહ્યા ન હોય...

આમ તો તેઓ મોટે ભાગે વિમાન કે પોતાની કાર દ્વારા જ પ્રવાસ કરતા; પણ આ વખતે કોણ જાણે એમને શું સૂઝ્યું તે રેલવેમાં નીકળ્યા. રવિવાર હશે તેથી કે પછી ગમે તે કારણે પણ ડબ્બામાં એમના સિવાય કોઈ નહોતું. ત્યાં એક નાના સ્ટેશને ગાડી થોડું થોભી. અને તે ગતિમાં આવી તે સાથે જ એક ઉતારુ એમના ડબ્બામાં ચડી ગયો. મુફલિસ તો નહોતો; તેમજ કોઈ શ્રીમંત પણ નહોતો લાગતો.

સત્યેન્દ્રનાથ એકલા હતા એટલે પ્રથમ તો એમને થોડો ભય લાગ્યો, પણ જ્યારે એ પ્રવાસીએ વાત શરૂ કરી ત્યારે એમનો ભય ભાંગી ગયો: 'સાહેબ, આગલા સ્ટેશને ઊતરી જઈશ...આ તો ગાડી ચાલુ થઈ ગઈ એટલે ઉતાવળે આ ડબ્બામાં ચડી ગયો.'

સત્યેન્દ્રનાથ જવાબ આપવા ઈચ્છતા હતા, પણ શો જવાબ આપવો તે સૂઝતું નહોતું. સામાન્ય રીતે તેઓ આવા માણસ સાથે વાત કરવા ટેવાએલા જ નહોતા. છતાં આ માણસ અકારણ જ એમને ગમી ગયો પરંતુ પોતાનો ગમો યે તેઓ વ્યક્ત કરી શકતા નહોતા. એમના ગળામાં શોષ પડતો હતો. એમને ભારે તરસ લાગી હતી...ઠંડા પાણીથી ભરેલું થર્મોસ કૂલીની બેકાળજીથી તૂટી ગયું હતું...અને એથી એમની પાસે ટીપું ય પાણી નહોતું.

ઠંડા પાણી માટે સત્યેન્દ્રનાથ કોઈ મોટું સ્ટેશન આવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. પણ આ રન લાંબો લાગતો હતો. ગળામાં જાણે કાંટા ભોંકાતા હતા. ગાડીનો ખટ્ ખટાખટ અવાજ એમના મગજમાં હથોડા ઠોકી રહ્યો હતો. આ સ્થિતિમાં યે એમની આંખો અવારનવાર પેલા પ્રવાસી પર જતી હતી: શાંત, સ્વસ્થ, સંતોષી. જરા પણ ભય નહિ, જરા યે વિહ્વળતા નહિ.

પૂછવાનું મન તો થયું કે 'ભાઈ તું શું કરે છે?' પણ પેલો શોષ વાત કરવાની ઇચ્છાને છીનવી લેતો હતો. એમનો હાથ અવારનવાર ગળા પર ફરતો હતો. જિંદગીમાં ક્યારે ય એમણે આવી તરસ અનુભવી નહોતી. પાણીનું મૂલ્ય આજે એમને સમજાઈ રહ્યું.

થોડી વારે ગાડી ધીમી પડી...અને ઊભી રહી. સત્યેન્દ્રનાથે મોટી આશા સાથે ઠંડાં પીણાં વેચનારા માટે બારી બહાર જોયું, પણ આ તો ફ્લૅગ સ્ટેશન હતું. પાણીવાળાં ય દેખાતાં નહોતાં. જો કે સત્યેન્દ્રનાથે તો એવું અનહાઈજીનિક પાણી ક્યારે ય પીધું નહોતું. ગંદા છોકરાઓ દ્વારા વેચાતું પાણી પીવા તરફ એમને નફરત હતી. પણ આજે તો એ ય દેખાતું નહોતું. અને તરસ વધતી જતી હતી.

ત્યાં તો પેલો અજાણ્યો માણસ ક્યાંકથી માટીની કુલડીમાં ઠંડું પાણી લઈને આવ્યો ને સત્યેન્દ્રનાથને આપતાં બોલ્યો 'લ્યો...પાણી પીઓ...મને લાગ્યું કે આપને તરસ લાગી છે, એટલે લાવ્યો...'

સત્યેન્દ્રનાથે કંઈ પણ વધુ વિચાર કર્યા વિના કુલડી મોઢે માંડી... પછી આંખ મીંચી અને ઠંડી કુલડી આંખે અડાડી બોલ્યા: 'હાશ...'

ત્યાં તો ગાડી એક આંચકા સાથે ઊપડી...સત્યેન્દ્રનાથે આજુબાજુ નજર દોડાવી. પેલો માણસ દેખાતો નહોતો. ગાડી હવે ગતિમાં આવી ગઈ હતી. મૂળ સ્વભાવ ભૂલીને તેઓએ પેલા માણસને શોધવા આખા ડબ્બામાં નજર ફેરવી, પણ પેલો તો ડબ્બામાંથી ઊતરી ગયો હતો...

સત્યેન્દ્રનાથને હવે એ માણસની તરસ લાગી હતી. □

અનુસંધાન] **સર ફ્રાન્સિસ ચિચેસ્ટર** [પૃષ્ઠ ૮થી

નબળી આંખો, કૅન્સરની બીમારી, કરોડમાં સોજો, પગની ધમનીમાં ફાટ, સ્નાયુઓમાં તાણ—કેટકેટલી શારીરિક પ્રતિકૂળતાઓ! આમ છતાં એમનો આત્મા સાહસ માટે હમેશાં તલસતો રહ્યો હતો. આનો ખુલાસો આપતાં એઓ લખે છે: 'Restlessness was born in me.' (અજંપો તો મારી જન્મજાત વૃત્તિ હતી). આપણે જોયું કે શાળામાં ભણતા ત્યારથી જ કંઈક નવું કરવા એ ઝંખી રહ્યા હતા. કડક સ્વભાવના પિતા એની ધૂનને પારખી ગયા હશે તેથી એનો ઘેલો ઉત્સાહ એઓ પસંદ કરતા નહોતા! પણ સ્વાતંત્ર્યપ્રિય યુવાન ફ્રાન્સિસને એ બંધનો સાલવા માંડ્યાં, એથીસ્તો પિતાની આજ્ઞા ઉલ્લંઘીને માત્ર દસ પાઉંડ સાથે નસીબ અજમાવવા ન્યૂ ઝીલૅન્ડ ચાલી નીકળ્યા હતા ને! પછી તો એમણે એક પછી એક સાહસોને સાકાર કરવા માંડ્યાં. એટલું જ નહિ પણ જે ઉમરે આપણે ત્યાંનું વૃદ્ધત્વ નિષ્ક્રિય બની જાય છે તે સાઠ વર્ષ પછી જ એમણે જબરાં અને જીવસટોસટનાં સાહસો ખેલવા માંડ્યાં.

એમનાં આ અદમ્ય ઉત્સાહ, અપાર ધૈર્ય, અજબ હિમ્મત, અપૂર્વ સાહસવૃત્તિ અને અગાધ શ્રદ્ધાએ જ એમનાં સાહસોને ઉત્તરોત્તર વિજયશૃંગો પ્રાપ્ત કરાવ્યાં છે. કોઈને કદાચ જિદ લાગે એટલી હદ સુધીનું એમનું ધૂની વર્તન એમની સાહસિક વિજિગીષાનું જ પરિણામ હતું. બ્રિટનના એક અખબારે એટલે તો એમના વિષે લખેલું: 'He was an eccentric in the greatest English tradition.' (મહાન અંગ્રેજ પરંપરા અનુસારનો એ ધૂની આદમી હતો.) પણ પોતાની એ ધૂનને, આમ, અદ્ભુત પુરુષાર્થી અને પરાક્રમી પુરુષે વિજયધ્વજમાં પલટાવી નાખી. આથી જ ઈ. ૧૯૬૬ની એમની અભૂતપૂર્વ ઐતિહાસિક સાગરયાત્રાને બિરદાવતાં 'ધી ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂઝ' નામક પ્રસિદ્ધ સાપ્તાહિકે નોંધ્યું હતું કે 'Chichester must be rated one of the greatest adventurers of this time.' (ચિચેસ્ટરને આ સમયના સૌથી મહાન સાહસવીરોમાંના એક લેખવા જોઈએ.)

આમ, આ સદીમાં પોતાનાં પરાક્રમોથી માત્ર બ્રિટનમાં જ નહિ પણ વિશ્વભરમાં અમૂલ્ય કીર્તિ રળી જનાર, મક્કમ મનથી મુસીબતોને મહાત કરનાર, જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સાહસને સ્પંદમાન રાખનાર અને પ્રત્યેક પળે અજબ હિમ્મત દાખવનાર વીર સાગરખેડુ અને સદા જુવાન જેફ સર ફ્રાન્સિસ ચિચેસ્ટર સાહસના જાણે વિરલ અવતાર સમા હતા. એમની પરાક્રમશીલ જીવનકથા પ્રત્યેકના હૈયામાં નૂતન સાહસની ચિનગારી જગવે એમ સદાય પ્રજ્જ્વલિત રહેશે.

શતરંજના વિશ્વવિજેતાઓ : બૉબી ફિશર ને સ્પાસ્કીની દસમી રમત

આ પણે છેલ્લા બે અંકમાં ફિશર-સ્પાસ્કી આહ્વાન મૅચની બે-ત્રીજી અને છઠ્ઠી-રમતો જોઈ. છેલ્લે હવે આપણે તે મૅચની દસમી રમત જોઈશું. એમાં સફેદ મહોરાં ફિશરનાં અને કાળાં સ્પાસ્કીનાં છે.

રૅય લૉપેઝ

1 P-K4, P-K4; 2 N-KB3, N-QB3; 3 B-N5, P-QR3; 4 B-R4, N-B3; 5 O-O, B-K2; 6 R-K1, P-QN4; 7 B-N3, P-Q3; 8 P-B3, O-O; 9 P-KR3, N-N1. QBP ને QB4 પર જવા માટે રસ્તો ખુલ્લો કરવા અને Q2 પર રમવા માટે ઘોડાની આ પીછેહઠ Breyer Variation તરીકે ઓળખાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી એ ઘણી લોકપ્રિય બની છે.

10 P-Q4, QN-Q2; 11 QN-Q2, B-N2; 12 B-B2, R-K1; 13 P-QN4.

અહીં 13 P-QN3 કે 13 N-B1 વધુ રમાય છે. પણ ફિશર વજીર તરફનાં પ્યાદાંને અવરોધીને મધ્યમાં કે રાજા તરફ આક્રમણ કરવા ઇચ્છે છે.

13..., B-KB1, 14 P-QR4, N-N3; 15 P-R5, QN-Q2; 16 B-N2, Q-N1; 17 R-N1, P-B4.


વજીર તરફના આક્રમણ માટે સફેદે બ્લૉક કરેલાં પ્યાદાંની રચના તોડવા માટે 18 NP×P, QP×P; 19 P×KP, N(2)×P; 20 N×N, Q×N; 21 P-QB4, Q-B5; 22 B×N, Q×B; 23 P×P, KR-Q1; અહીં 23..., P×P; થી પ્યાદું પાછું મેળવવા જાય તો કાળાની સ્થિતિ વધુ ખરાબ થાય દા. ત. 24 R×P, B-B3; 25 R-N6, R×P; 26 P-K5, Q-K3; 27 N-K4, P-R3; 28 N-Q6, B×N; 29 R×B અને હવે કાળાનો બીજો ઊંટ પણ જાય અને સફેદ જીતે.

24 Q-B1! ઘોડાને અણીઉંઠમાંથી બચાવવા માટેની રક્ષણાત્મક લાગતી આ ચાલ આગળ ઉપર આક્રમક સાબિત થાય છે.

24..., Q-QB6; 25 N-B3, Q×P? અહીં 25..., P×P; 26 P×P, B-R3; અને પછી 27..., Q×P પછી રમત સરખી રહેત. અહીં ચલાએલી ચાલ પછી સફેદને પ્યાદાના ભોગે હુમલાની તક મળે છે. 26 B-N3, P×P; 27 Q-KB4, R-Q2; 28 N-K5, કાળાએ 23..., KR-Q1ને બદલે 23..., QR-Q1; ચાલ કરી હોત તો તે 27..., R-K2, રમી શકત ને ઘોડાનું તે હાથી પર આક્રમણ ન આવત.

28..., Q-B2; 29 QR-Q1! (જુઓ આકૃતિ).

સ્પાસ્કી



ફિશર

29 QR-Q 1 પછીની સ્થિતિ

હવે 29..., R×R? પછી સફેદ 30 B×Pch., K-R1; 31 N-N6ch., P×N; 32 Q-R4થી મ્હાત કરે છે. 29..., R(1)Q1થી હાથીનું રક્ષણ કરે તો પણ સફેદને 30 B×P ch., R×B; 31 Q×Rch., Q×Q; 32 N×Q, R×R; 33 R×R, B×P; 34 N-N5થી ઊંટના બદલામાં હાથી મળે છે અને એક પ્યાદું પણ મળશે અને તે જલદી જીતે છે માટે 29..., R-K2; 30 B×Pch., R×B; 31 Q×Rch., Q×Q; 32 N×Q, B×P અહીં 32..., K×N; પછી 33 R-Q7chથી સફેદને ઊંટ મળે તેમ છે તેથી કાળો તે પહેલાં એક પ્યાદું મળે છે તે લઈ લે છે. 33 R×B; K×N; 34 R-Q7ch., K-B3; 35 R-N7, R-R8ch.; 36 K-R2, B-Q3ch. સમયની ખેંચમાં હોવાથી શેહ આપીને સમય બચવવા.

37 P-N3, P-N5; હવે બન્ને પ્યાદાં ઊંટ જેવા રંગનાં ખાનાંમાં છે તેથી તે આગળ નહિ વધી શકે અને ઊંટનો રસ્તો પણ રોકશે. પણ આને બદલે પ્યાદાને 37..., R-QN8, રક્ષણ આપવા જાય તો સફેદ 38 R-N6, K-B4; 39 R-N4 ને પછી એક-બે ચાલમાં KNP જીતે.

38 K-N2, P-R4; 39 R-N6, R-Q8; 40 K-B3, K-B2; 41 K-K2, R-Q4; P42-B4, P-N3; 43 P-N4, P×P; 44 P×P, P-N.

કાળાનો હાથી તો ચાલી શકે તેમ જ નથી અને તેના ઊંટ કે રાજા પાસે પણ કોઈ સારી ચાલ હવે રહેતી નથી.

45P-B5, B-K4; 46R-N5, K-B3.

અહીં કાળો 46..., B-Q5થી QNPને બચાવી શકે, પણ તે પછી સફેદ 47 R-K6 રમીને KNP જીતી શકત અથવા QBP પર દબાણ લાવી શકત.

47 R(4)×P, B-Q5; 48 R-N6ch., K-K4; 49 K-B3, R-Q1 અહીં કાળો 45 P×R1, રમે તો 50, R-K6થી મ્હાત થઈ જાય તે વાચકોના ધ્યાન બહાર ન હોય.

50 R-N8, R-Q2; 51 R(4)-N7, R-Q3; 52 RN6, R-Q2; 53 R-N6, K-Q4, 54 R×P, B-K4; P-B6, K-Q5; 56, R-N1, Resings.

અહીં 56, B×P; પછી 57 R-Q1ch., K-B5; 58 R×R, B×R; અથવા તેથી યે સારું 57 R-B5, R-KB2(58, R-Q1ch., K-B5; 59 R×R ને 58 R×Bની બેવડી ધમકીથી બચવાની એકમાત્ર ચાલ); 58 P-N5થી સફેદ સહેલાઈથી જીતે છે.

આ રમતમાં સ્પાસ્કીનો બચાવ આપણે આગળ જોએલી રમત કરતાં સારો હતો તે જોતાં ફિશરની આ જીત ઘણી સારી ગણાય છે. આપણે અગાઉ જોયું છે તેમ આ મૅચમાં બીજી રમતને અંતે સ્કોર સ્પાસ્કીની તરફેણમાં ૨-૦ હતો. તે પછીની આઠ રમતમાંથી ફિશરે પાંચ જીતી અને ત્રણમાં ડ્રૉ મેળવીને ૬½ પૉઈન્ટ મેળવ્યા તેથી હવે સ્કોર ફિશરની તરફેણમાં ૬½—૩½ થયો. સ્પાસ્કીએ ૧૧મી રમત જીતીને ફિશરની સરસાઈ ત્રણમાંથી બે પૉઈન્ટ બનાવી, પણ ફિશર ૧૩-મી રમત જીતતાં ફરી ત્રણ પૉઈન્ટ આગળ થયા. તે પછી ઉપરાઉપરી સાત રમત ડ્રૉ થઈ અને છેલ્લી ૨૧મી રમત જીતી ચાર પૉઈન્ટની સરસાઈથી (૧૨½-૮½) ફિશરે વિશ્વવિજેતાપદ મેળવ્યું એની બધાંને જાણ છે. આ વર્ષે એપ્રિલ માસમાં તેમને તેમના વિશ્વવિજેતાપદના બચાવ માટે પહેલી આહ્વાન મૅચ ૨૩ વર્ષના યુવાન રશિયન મહાઉસ્તાદ એનાતોલી કાર્પોવ સામે રમવાની છે.

સુરેશ મોદી

વર્ણન, સંતતિના લાલન-પાલનની ખાસિયતો અને પ્રવાસગમન આદિની સવિગત સરસ માહિતીઓ આપી છે.

પંખીઓની આર્તવી યાત્રાઓ (પ્રવાસ ગમનો) વાચકો માટે ખૂબ મનોરંજન અને કુતૂહલના વિષયો છે. શીતકાલમાં લાખો પક્ષીઓ સાઇબીરિયા વગેરે પ્રદેશોથી ભારતમાં આવે છે અને ઉનાળો આવતાં પાછાં ફરે છે; ધ્રુવ પ્રદેશથી 'કુરરી' આ ઋતુયાત્રામાં લગભગ છત્રીસ હજાર કિલોમીટરની યાત્રા કરે છે; 'ગોલ્ડન પ્લોવર' નામનું એક બીજું પક્ષી લગભગ દસેક હજાર કિ. મી. દૂરથી આવે છે; કેટલાંક પંખીઓ સાતથી દસેક હજાર મીટર સુધી ઊંચે ઊડતાં વૈજ્ઞાનિકોએ જોયાં છે;–આવી તો અનેક જ્ઞાતવ્ય ને પ્રીતિકર માહિતીઓ લેખકે આ અધિકરણમાં આપી છે. પ્રસ્તાવનામાં છેલ્લે પરોપજીવી પંખીઓ—ખાસ કરીને કોયલ વિષે નવીનતમ શોધ પ્રમાણે માહિતી આપી છે. એ આખું પ્રકરણ ધ્યાનપૂર્વક વાંચવા જેવું છે. એમાં કોયલની અપત્ય-પાલન સમસ્યાનું બારીકાઈથી વિવેચન કર્યું છે.

ભારતમાં અંગ્રેજોના શાસન દરમિયાન નિસર્ગપ્રેમી પરદેશી વિદ્વાનો અને અમલદારોએ ભારતનાં પંખીઓ વિષે લખેલા શોધગ્રંથોની કાલક્રમ પ્રમાણે આપેલી માહિતી સ્વાધ્યાયશીલ જનો માટે ઉપકારક થશે. બહુ ઓછા લોકો જાણતા હશે કે ભારતીય કૉંગ્રેસના સંસ્થાપકોમાંના એક આગેવાન અંગ્રેજ શ્રી ઍલન ઑક્ટેવિયન હ્યૂમ (૧૮૨૯—૧૯૧૨) ઉચ્ચકોટિના પક્ષીશાસ્ત્રી પણ હતા. એમના 'ઇંડિયન બર્ડ્ઝ ઍન્ડ ધેર નેસ્ટ્સ'ના ત્રણે ખંડો આજેયે ખૂબ પ્રામાણિત મનાય છે. એ ઉપરાંત શ્રી હ્યૂમ પક્ષીશાસ્ત્ર વિષે 'સ્ટ્રે ફેધર્સ' નામે એક સામયિક પત્ર પણ ચલાવતા હતા.

ખૂબ ખંત અને પ્રેમથી તૈયાર કરેલા આ ઉપાદેય ગ્રંથનું અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ. શાળા, મહાશાળા (કૉલેજો) અને સાર્વજનિક ગ્રંથાલયોમાં આ સુંદર પુસ્તક જરૂર વસાવવા જેવું છે. ૧૪૫ રેખાચિત્રો તથા પાંચ રંગીન ચિત્રપ્લેટો સાથેની પુસ્તકની સાજસજ્જા અને સફાઈ ધ્યાનપાત્ર છે.*

[*લેખક: કાલાકાંકરવાસી પદ્મશ્રી કુંવર સુરેશસિંહજી. પ્રકાશક: હિંદી સમિતિ, મહાત્મા ગાંધી રોડ, લખનઉ (ઉ. પ્ર.) કિ. વીસ રૂપિયા.]

ભીતર: મધુકાન્ત વાઘેલા 'કલ્પિત'ની ગઝલો, ગીતો અને અછાંદસ્ રચનાઓનો પ્રથમ કાવ્યસંગ્રહ. (પ્રકા. રમેશ દા. શિલ્પી 'મધુકર', ૮૯, છોટુભાઈ હા. સોસા. ગીતામંદિર રોડ, છીપા કબ્રસ્તાન પાસે, અમદાવાદ-૨૨; કાચું પૂઠું, પૃ. ૪૧, રૂ. ૨)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૫૯]

કરાવનાર · જલન માતરી



'અબ્દ'

કચ્છની ધરતી ઉપર એક પણ માણસ એવો નહિ મળે કે જે કવિ 'અબ્દ' ઊર્ફે ભક્ત 'કડવાજી'ને ન ઓળખતો હોય. હાથમાં લાંબી લાકડી, લાંબા લાંબા કેશ, શરીર પર ખાદીનો લાંબો જભ્ભો અને લેંઘો પહેરીને કોઈ માનવીને ભુજ શહેરની ગલીઓમાંથી અથવા રસ્તા પરથી મસ્ત હાલતમાં પસાર થતો જુઓ તો જાણવું કે એ કવિ 'અબ્દ' છે. પોતાની ગઝલોમાં સીધીસાદી સરળ ભાષામાં વાત કરનારા આ કવિનું મૂળ નામ છે અબ્દુલ્લાહ સુલયમાન તુરિયા. તુરિયા એટલે શાળ ઉપર જે કાપડ વણે છે તે. શાળ ઉપર વણાતું કાપડ જે લાકડા ઉપર વીંટળાય છે તેને કચ્છી ભાષામાં 'તૂર' કહે છે. તે ઉપરથી 'તુરિયા'.

કચ્છના માંડવી ગામે તા. ૧૯-૫-૧૯૧૭ના રોજ જન્મેલા આ રાષ્ટ્રવાદી કવિ આઝાદીની ચળવળમાં અનેક વાર કારાવાસ વેઠી ચૂક્યા છે. આઝાદી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ન પરણવાનો એમણે નિશ્ચય કર્યો હતો; ને આઝાદી પછી જ ૧૯૪૮માં ૩૨ વરસની ઉંમરે લગ્ન કર્યાં. હાલ ભુજમાંથી પ્રગટ થતા આગેવાન દૈનિક 'કચ્છ-મિત્ર'ના તંત્રીમંડળમાં સેવા આપી રહ્યા છે.

આજ દિન સુધીમાં ત્રીસેક ઉપરાંત સ્વરચિત તેમજ અનુવાદિત પુસ્તકો લખ્યાં છે જેમાં કવિતા, નાટક, વૈદક, તત્ત્વજ્ઞાન, યોગ, હિપ્નૉટિઝમ-મેસ્મેરિઝમ, ઇતિહાસ, જીવનચરિત્ર, કચ્છી-ગુજરાતી શબ્દકોશ જેવા વિવિધ વિષયોનો સમાવેશ થાય છે;—અને આ બધાં જ પુસ્તકો અપ્રગટ અવસ્થામાં છે.

શ્રી 'શૂન્ય' પાલનપુરીએ ઉમર ખય્યામની રૂબાઈઆતનો ગુજરાતીમાં જે તરજૂમો કર્યો છે એના ઉપરથી કવિ 'અબ્દ'એ કચ્છી ભાષામાં એ રૂબાઈઆતને ઢાળી દીધી છે.

અધૂરી ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે જગતમાં ઘણી બધી હાડમારીઓ હોવા છતાંય મરીને ફરીથી જન્મ ધારણ કરવાની હિંમત રાખનારા આ શાયરના પ્રબોધક શે'રોનો રસ લઈએ:

શત્રુ પણ સ્નેહી બની નિજ પ્રાણ ન્યોછાવર કરે,
લક્ષ્મી કાજે મિત્ર પણ દુશ્મન થવા તૈયાર છે.

∞

તારકો! શાને અમારા પર હસો?
ચંદ્રને પણ દાગ લાગી જાય છે.

∞

એક પાંપણના ઈશારે માનવી,
કોઈ ડૂબે છે, તરી કો' જાય છે.

∞

સ્વયં નિજના વિધાતા, લેખ ભાવિ કેરા લખનારા,
અમે હાથે અમારી મૂર્તિ જીવનની કંડારી છે!

∞

જવાસા જેમ આ દુષ્કાળમાં પણ પાંગરી બેઠા,
પ્રજા ભૂખે મરે છે ને તમે તો ઘર ભરી બેઠા!
ભરોસે આપને મઝધાર નૈયા લાંગરી બેઠા,
ખબર ન્હોતી કિનારાથી તમે પાછા ફરી બેઠા.

∞

અમે તો મીટ માંડી ચાંદ, સૂરજ ને સિતારાથી,
અરે! ત્રાસી ગયા 'કડવા'! હવે પૃથ્વી-ઉતારાથી.
ગગનગામી, અલખનો પંથ ખેડી, મંઝિલે પ્હોંચી,
હવે તો બાંગ દેશું આભના ઊંચા મિનારાથી.

∞

ચંદ્રલેખા બીજની સમ જિંદગી,
કેટલો અર્પી જતી ગમ જિંદગી.
'અબ્દ' વિણચારિત્ર જીવન તુચ્છ છે;
સત્ય સાર્થક શીલ સંયમ જિંદગી.

ઓ ગુમાની! કાં હસે છે તારા યૌવન નાઝ પર?
જેમ જાશે કાળ, થાશે જિંદગી ખારી તને!

∞

ક્યાં ગઈ પહેલી મુહબ્બત?
ક્યાં ગયો પહેલો મિલાપ?
યા તો હું તે હું નથી,
યા આપનું તે દિલ નથી.

∞

કોઈને સુવર્ણ, હીરો જોઈએ,
આજ 'કડવા!' સૌને શીરો જોઈએ!
ઢાંકવાને લાજ સાડી ના ખપે;
દુપટ્ટાનો ફક્ત લીરો જોઈએ.
જોઈએ લાડી નટી સમ પુત્રને,
પુત્રીને વર ચિત્ર-હીરો જોઈએ.
હોય બુઢ્ઢ તોય 'કડવા!' ચાલશે;
મોવડી શ્રીમંત-નબીરો જોઈએ.

∞

બોલવાનું ભાન જેને કંઈ નથી,
રેડિયો પર ગીત ગાવા જાય છે;
આપને સમજે છે બૈજુ બાવરા,
જીભ જેની બોલતાં થથરાય છે.
ગાંડિયે હળદરના ગાંધી કંઈ થયા,
આજ એવા પાંચમાં પુછાય છે:
ઊઠ 'કડવા!' સ્વાંગ સજ ઉસ્તાદનો,
ચાલ, તું, વણઝાર ચાલી જાય છે!

નવી ટૂંકી વાર્તા

બહાદુરશાહ પંડિત

નવી વાર્તા લખવી એ 'ડાબા હાથનો ખેલ' છે. તમારે સૌ પ્રથમ એક શીર્ષક શોધી કાઢવું. તમને કદાચ આશ્ચર્ય થશે કે વાર્તા લખ્યા પહેલાં શીર્ષક કેવી રીતે શોધી શકાય? (પણ આરંભમાં જ તમે આમ આશ્ચર્યમાં પડી જશો એ નહિ ચાલે. આવાં તો ઘણાં આશ્ચર્યો હજી તમારા માર્ગમાં આવશે.) તો સમજી લો કે વાર્તા લખ્યા પહેલાં આપણે શીર્ષક શોધી કાઢવાનું છે. શક્ય હોય તો શીર્ષક માટે 'મીથ'નો—પુરાકલ્પનો આશ્રય લેવો દા. ત. 'અઘાસુર', 'કાલીયદમન', 'લંકાદહન', 'દેવાસુર સંગ્રામ' વગેરે. પણ હમેશાં આવાં જ શીર્ષક પસંદ કરવાં એવું નવા વાર્તાકારને માથે બંધન નથી. (આમે ય તે કોઈ બંધન સ્વીકારે એવી પ્રકૃતિનો માનવી નથી.) બીજા પ્રકારનાં શીર્ષકો પણ પસંદ કરી શકાય. પણ આવા પ્રકારનાં શીર્ષકો પસંદ કરતી વખતે ખાસ એ ધ્યાનમાં રાખવું કે એ કોઇને સમજાય એવાં સ્પષ્ટ ના હોવાં જોઇએ. દા. ત. 'ગધેડાના શીંગડા પર ફરતી કીડીની આંખોમાં છવાએલું મૌન', 'નપુંસકના પુત્રના જન્મની ખુશાલીમાં ભરાએલી શોકસભા'. આવાં શીર્ષકનો અર્થ સમજાય નહિ (તમને, વાર્તાકારને પણ!) તો ચિંતા ના કરશો, ઊલટા ખુશ થજો. નવી ટૂંકી વાર્તામાં શીર્ષક સમજવાનું નથી, માત્ર એનો ભાવ અનુભવવાનો છે, એવું તમારી આ વાર્તાનો વિવેચક વાચકોને તમારા વતી કહી દેશે.

શીર્ષક પસંદ કર્યા પછી વાર્તા શરૂ કરી દો. અહીં તમારે કોઈ ઘટના આલેખવાની જરૂર નથી. નવી વાર્તામાં ઘટનાનો લોપ થઈ ગયો છે. તમારે માથેથી પ્રસંગ આલેખવાનો મોટો બોજો દૂર થઈ ગયો છે, એટલે તમે વાર્તા ગમે તે રીતે શરૂ કરશો તો કંઈ વાંધો નહિ આવે. શું? પાત્ર વિષે પૂછો છો? હા, પાત્રની જરૂર ખરી, પણ એનું નામ શોધવાની જરૂર નથી. આપણા યુગનો માનવી અનામી છે. (નવી વાર્તાનો લેખક એનું પોતાનું નામ લખે છે, એ તો માત્ર જે માસિકમાં એ વાર્તા છપાય એના તંત્રીને પુરસ્કાર કોને મોકલવો એની મૂંઝવણમાંથી ઉગારવાના સ્તુત્ય હેતુથી જ.) એનું વ્યક્તિત્વ છિન્નભિન્ન થઈ ગયું છે. એ ટોળા વચ્ચે વિખૂટો પડી ગયો છે. એ નરી હતાશા, વ્યર્થતા અને અસહાયતામાં જીવે છે. એટલે નવી વાર્તાના નાયકને તમારે નામ આપવાનું નથી, એટલું જ નહિ પણ દર મિનિટે દસદસના હિસાબે એ જિંદગીની વ્યર્થતા વિષે બળાપા કાઢ્યા કરે એવું પ્રતીકાત્મકરીતે તમારે બતાવવાનું છે.

આમ, નવી વાર્તામાં ઘટના અને પાત્ર સુબદ્ધ રીતે આકારવાની તકલીફ લેવાને બદલે તમારે માત્ર લખ્યા કરવાનું છે. હા, વચ્ચે વચ્ચે તમારે વર્ણનો મૂકવાં પડશે. પણ એમાં ય વાર્તાના શીર્ષકની જેમ કોઇને કશી સમજ પડે એવું વર્ણન કરવાનો પુરુષાર્થ રખે કરતા. જૂનવાણી, ઘરેડુ લેખક બની જવું છે તમારે? દાખલા તરીકે તમે આ પ્રમાણે વાર્તાની શરૂઆત કરી શકો.

'એણે ઘરના ઉંબરા પર પગ મૂક્યો અને ઉંબરા પરની ધૂળના થોડા રજકણો ઊડીને ઘરના અંદરના ભાગમાં ગયા અને એ સાથે ઘરની અંદરનો તમામ અસબાબ અસ્તવ્યસ્ત થઈ ગયો. ખુરશી પર એની અનુપસ્થિતિમાં આસન જમાવી બેઠેલી હવાએ કોઈના આગમનનો અણસારો અનુભવ્યો. ટેબલના ત્રીજા પાયા પરથી નીચે ઊતરતા એક મંકોડાએ શિકારની શોધમાં નિષ્ફળ નીવડયાનો નિશ્વાસ મૂકી રૂમની હવાને ઉષ્મા આપી. સોફા પરથી કોઈ હમણાં જ ઊઠી ગયાના અવશેષનો છેલ્લો આકાર લુપ્ત થઈ ગયો.'

આવાં થોડાં વર્ણનો વાર્તા શરૂ કર્યા પછી તમારે વચ્ચે કરવાં પડશે. વર્ણનમાં ખાસ કરીને થીજી ગએલો સમય, ઘુવડની આંખમાં રહેલો અંધકાર, ભીંત પર ફરતી ગરોળી, ભૂખે અમળાતો અજગર, સ્ત્રીની જાંઘ, હબસીના માથાના વાળ ઇત્યાદિનો ઉલ્લેખ થાય એવો ખાસ પ્રયત્ન કરજો. ઉદાહરણ તરીકે તમારે એકાદ વખત આવું વર્ણન કરવું:

'અહીં પસાર થતા સમયનો પગરવ સરખો યે ક્યાં સંભળાતો હતો? અહીં તો સમય બરફની જેમ થીજી ગયો હતો; કોઈ સૂર્ય એને પીગાળી શકે તેમ નહોતો.' અથવા તમે આવું વર્ણન કરી શકો:

'ઘુવડની આંખમાંથી સ્રવતા અંધકારના મેરુ પર કોયલના ટહુકાની ધ્વજા રોપવી; પોપટના કાંઠલામાં કીડીના રાફડાને જગ્યા કરી આપવી; માતેલા સાંઢના પગમાં અટવાયેલા અજગરની આંખમાં ઘૂંટાએલી અસહાયતા દૂર કરવી; સ્ત્રીની બે જાંઘમાં ફરકતા પવનની દિશા નક્કી કરવી; હબસીના માથાના વાળમાં ગુંચવાએલા કાંસકાના દાંતાના ઉપયોગથી વેશ્યાના દાંતમાં ભરાએલી સોપારીની કરચ કાઢવી—કેટકેટલાં કામ કરવાનાં બાકી છે આપણે હજી?'

આ નવી વાર્તામાં અવારનવાર સંવાદો પણ તમે મૂકી શકો. સંવાદમાં બોલનાર પાત્રનું નામ ના મૂકશો. જો કે તમે વાર્તામાં પાત્રનું નામ આપ્યું જ નથી એટલે એવો ડર રાખવાની જરૂર નથી. સંવાદ બે વ્યક્તિઓ વચ્ચે થતો હશે, પણ એ બંને એકબીજાને સાંભળીને બોલતાં હોય એવો સંવાદ કરશો નહિ. એવા ધૂમકેતુશાઈ કે દ્વિરેફશાઈ સંવાદો નવી વાર્તામાં ના ચાલે. અહીં તો સંવાદ આ પ્રમાણે થવો જોઇએ:

—કેટલા વાગ્યા હશે?

—સમયની પાંખોની લંબાઈ કોણે માપી છે?

—પ્રેમમાં પડેલી વ્યક્તિઓના, બગીચાના એક ખૂણે થતા વાર્તાલાપને ઍલાર્મનો અવાજ સંભળાતો નથી.

—યુવાન છોકરીના સ્કર્ટના છેડે બેઠેલા પતંગિયાને કોણ પકડી શકે એમ છે?

—રાતોની લંબાઇને દિવસોની પહોળાઈ વડે ગુણવાથી સમયનું ક્ષેત્રફળ માપી શકાય એવું ગણિતના કોઈ શિક્ષકે શીખવાડયાનું યાદ નથી.

આ નવી ટૂંકી વાર્તાનો અંત લાવવા અંગે તમે ચિંતા ના કરશો. (વાચકની ધીરજ ખૂટી હશે તો એ ગમે ત્યારે અંત લાવી જ દેશે.) આરંભમાં તમે કોઈ વ્યક્તિને ઘરમાં પ્રવેશતી બતાવી હતી એને બહાર લાવવાની કે બીજી કોઈ પ્રવૃત્તિ કરતી બતાવવાની જવાબદારી તમે સ્વીકરી જ નથી. એટલે તમે વાર્તાનો અંત ગમે ત્યાં, ગમે ત્યારે લાવશો તો પ્રણ તમારી વાર્તાકલા માટે કોઈ કશો પ્રશ્ન ઉઠાવવાનું નથી.

આમ, નવી ટૂંકી વાર્તા લખવી એ સાવ સહેલું કામ છે. એમાં મુખ્ય બાબત એ ધ્યાનમાં રાખજો કે ક્યાંય, કોઇને કશું સમજાય એવું લખાણું ના જોઇએ. વધારે આધુનિક બનવું હોય તો વિરામચિહ્નો કાઢી નાખવાં, શક્ય એટલી ખોટી જોડણી લખવી. (શક્ય એટલી, એટલા માટે કે તમારી બધી ખોટી જોડણી છપાશે જ એવું નથી. કેટલીક ખોટી જોડણી તો કૉમ્પોઝિટર સુધારી કાઢશે.) અને પ્રાસાનુપ્રાસવાળું લયાત્મક ગદ્ય લખવું.


આ ઉપરાંત સ્ત્રીપુરુષના યૌન સંબંધો, યુવાન છોકરીના ગાલ, પુરુષની દાઢી, બસ-સ્ટૅન્ડની ભીડ, જંગલની ગીચતા, આકાશ, ચંદ્રનું બિહામણું તેજ, સૂર્યનો તડકો, ઑફિસની ટાઇપિસ્ટ ગર્લ, શહેરનાં ઊંચાં મકાનો, મશીનોના અવાજ ઇત્યાદિનો વારંવાર ઉલ્લેખ કરવાનો પ્રયત્ન કરવો.

આટલું કરશો—ને તમે નવા વર્તાકાર તરીકે દ્વિરેફ-ધૂમકેતુ ને પન્નાલાલ-પેટલીકરની પેઢીને ફાંસીએ લટકાવવાનો પરવાનો મેળવી શકશો.

સરહદપાર સુભાષ

એ નામનું કૉપીરાઈટ પુસ્તક ભારતી સાહિત્ય સંઘ તરફથી પ્રકટ થઈ ગએલું હોઇને હવે એ કથા અમે પ્રકટ કરી શકતા નથી તેની દિલગીરી છે.

વૃક્ષ-વેલ-પરિચય - ૨૯
ચીકુ



ચીકુનું વૃક્ષ મૂળ તો દક્ષિણ અમેરિકાનું, પણ હવે એ સર્વત્ર ઉગાડાય છે. બારે માસ લીલું ઘટાદાર રહેતું આ વૃક્ષ દસ-પંદર મીટર ઊંચું વધે છે. વૃક્ષની છાલ ખરબચડી ને ભૂખરી. કાપો પાડતાં એમાંથી અને કાચા ફળમાંથી દૂધ જેવો સફેદ ચીકણો રસ ઝરે છે.

એકાદ વેંત લાંબાં, દાંડીવાળાં, બંને બાજુ ચળકતાં ને બંને છેડે અણિયાળાં ચીકુનાં પાન કુમળાં હોય ત્યારે તેના પર (ને કુમળી શાખા-પર પણ) રુવાંટી હોય છે. ફૂલ નાનાં, સફેદ, આછી ગંધવાળાં, લાંબી દાંડી ને છ પાંખડી-વાળાં. મે-જૂનમાં કે વર્ષાને અંતે તે ખીલે છે.

લગભગ ગોળાકાર કે અંડાકાર, મેલી બદામી ખરબચડી પાતળી છાલ અને બદામી મીઠા ગર તથા તેમાં પાંચેક જેટલાં લાંબાં બીજવાળાં ચીકુનાં ફળ તો સૌએ ખાધાં જ હશે. સંશોધન-સંવર્ધન વડે લગભગ બીજ રહિત ને મોટા લાડવા જેવડાં ચીકુ પણ ઉપજાવવામાં આવ્યાં છે.

મહુડો, રાયણ વગેરેના વર્ગનું આ વૃક્ષ બીજ તેમજ કલમ વડે ઉગાડાય છે. દરિયાકાંઠાની લાલ જમીન એને વધુ માફક આવે. કલમી ચીકુ વધુ સારાં ફળ આપે છે. વળી, ચીકુના ઝાડને કાતરવાની જરૂર પડતી નથી તેમજ એને કોઈ રોગ પણ જલ્દી લાગતો નથી.

ચીકુનું લાકડું કઠણ અને ટકાઉ. વૃક્ષ છેદતાં નીકળતો રસ 'ચ્યૂઈંગ-ગમ' બનાવવામાં તથા અન્ય ઔદ્યોગિક કામમાં આવે છે, પણ વધુકો રસ લેતાં વૃક્ષની ફળ આપવાની શક્તિ ઘટે છે.

ચીકુની છાલ બાધક તેમ જ તાવનાશક મનાય છે. તાવ અને પિત્તપ્રકોપમાં ચીકુ ગુણકારી ગણાય છે. □



માધુકરી


કદી પણ તારી નિષ્ફળતાને નિષ્ફળતા સમજતો ના,
કે એને ભાગ્યનો પુરુષાર્થને પડકાર તું ગણજે;
ને ઈશ્વરને ય યાચીને, મળે જો જીત, તો એવા
વિજયને તારા પૌરુષની જ કેવળ હાર તું ગણજે !!

—'ચાતક'

સ્વર્ગસ્થ ડૉ. કાન્તિલાલ સોમપુરા

ડૉ. કાન્તિલાલ ફૂલચંદ સોમપુરાના અવસાનથી ગુજરાતમાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના એક પ્રકૃષ્ટ વિદ્વાનની ખોટ પડી છે. તેઓ મૂળ ખંભાતના. જન્મ ઈ. ૧૯૧૯ની ૯મી માર્ચે. ખંભાત, વીસનગર અને અમદાવાદમાં અભ્યાસ કરી ઈ. ૧૯૪૪માં તેઓ મુંબાઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષયમાં પ્રથમ વર્ગમાં બી. એ. (ઑનર્સ) થયા. તળ ગુજરાતની સોમપુરા જ્ઞાતિના તેઓ પ્રથમ સ્નાતક હતા. ત્યાર બાદ ઈ. ૧૯૪૬માં એમ. એ. અને ૧૯૫૩માં એલએલ. બી. થતાં ગુજરાતની સોમપુરા જ્ઞાતિએ માનપત્ર આપી એમનું બહુમાન કરેલું.

શિલ્પકલાની કુલપરંપરાગત અભિરુચિથી પ્રેરાઈ એમણે છેક ઈ. ૧૯૪૨થી પૈતૃક વ્યવસાય સંભાળેલો. એલએલ. બી. થયા પછી એમણે સાથેસાથે વકીલાત પણ શરૂ કરી, પરંતુ અધ્યયન-સંશોધન પ્રતિની અભિરુચિ સવિશેષ હોઈ એમણે ગુજરાતનાં પ્રાચીન સ્થાપત્યો વિષે સંશોધન પણ કરવા માંડેલું. ગુજરાતનાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય વિષેનાં બર્જેસ, કઝિન્સ, સાંકળિયા વગેરે વિદ્વાનોનાં લખાણોનો એમણે તલસ્પર્શી અભ્યાસ કરી દ્વારકા, પ્રભાસ, મહેસાણા, ઈડર વગેરેની આસપાસનાં ગામોમાં જાતે પ્રવાસ ખેડી અનેક પ્રાચીન મંદિરોના તલદર્શન તથા ઊર્ધ્વ-દર્શનના આલેખ તૈયાર કરવા સાથે ગુજરાતનાં ઉલ્લિખિત પ્રાચીન તથા મધ્યકાલીન મંદિરોની કાલક્રમિક સમીક્ષા કરીને વિદ્યમાન મંદિરોનાં નિર્માણમાં શિલ્પશાસ્ત્રના કયા ગ્રંથોના નિયમો લાગુ પડે છે તે શોધવાનો મૌલિક પ્રયત્ન કર્યો અને ગુજરાત યુનિવર્સિટીને એને લગતો મહાનિબંધ-'ધ સ્ટ્રકચરલ ટેમ્પલ્સ ઑવ ગુજરાત' ઈ. ૧૯૬૩માં સુપરત કર્યો. આ મહાનિબંધ તૈયાર કરવામાં તેમની જે જહેમત અને જાણકારી હતી તેનાથી તેમના સંશોધન-માર્ગદર્શક તરીકે આ લેખક જ નહિ, એ મહાનિબંધના બાહ્ય પરીક્ષક તરીકે ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા મહાન વિદ્વાન પણ પ્રભાવિત થએલા. ડૉ. અગ્રવાલના મતે છેલ્લાં પચીસ વર્ષોમાં પોતે તપાસેલા અનેક મહાનિબંધોમાં આ મહાનિબંધ ઉત્તમ લાગેલો. આ મહાનિબંધે એમને પીએચ. ડી.ની ઉપાધિ અપાવી અને સમસ્ત જ્ઞાતિમાં સહુપ્રથમ ડૉક્ટરેટ મેળવનાર તરીકે જ્ઞાતિએ એમનું બહુમાન કર્યું. ગુજરાત યુનિવર્સિટીએ ઈ. ૧૯૬૮માં આ મહાનિબંધ પ્રકાશિત કર્યો છે.




આ સંશોધનકાર્યે એમને અધ્યાપન-સંશોધનક્ષેત્રે સ્થિર કર્યા.૧૯૬૩-૬૪માં અમદાવાદના 'શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ વિદ્યાભવન'માં માનાર્હ અધ્યાપક તરીકે અને ઈ. ૧૯૬૪ થી ૧૯૭૧ સુધી હ. કા. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે સેવા આપી. તે પછી તેઓ ભો. જે. વિદ્યાભવનમાં ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક અધ્યાપક તથા સંશોધક તરીકે કામ કરતા હતા. સ્થાપત્ય-(વાસ્તુકલા) તથા શિલ્પકલા (વિશેષતઃ મૂર્તિવિધાન)નાં અધ્યયન-સંશોધનમાં ગુજરાતમાં તેમણે ઘણું ગણનાપાત્ર પ્રદાન કરેલું છે. 'ભારતીય સ્થાપત્ય અને શિલ્પ' (૧૯૬૫), 'ધ સન ટેમ્પલ ઍટ મોઢેરા' (જેનું પ્રકાશન પશ્ચિમનાં સુપ્રસિદ્ધ શિલ્પકલાકોવિદ ડૉ. સ્ટેલા ક્રેમરિશ

દ્વારા થવાનું છે),'ધી આર્કિટેકચરલ ટ્રીટમેન્ટ ઑવ ધી અજિતનાથ ટૅમ્પલ ઍટ તારંગા' (૧૯૭૧), 'બુદ્ધિસ્ટ મૉન્યુમેન્ટ્સ ઍન્ડ સ્કલ્પ્ચર્સ ઈન ગુજરાત' (૧૯૬૯) જેવાં તેમનાં બીજાં મોટાંનાનાં પુસ્તકો જાણીતાં છે. અનેક સામયિકોમાં પ્રગટ થએલા એમના સંખ્યાબંધ લેખો સ્થાપત્ય તથા શિલ્પના વિવિધ વિષયોની એમની તજ્જ્ઞતાની પ્રતીતિ કરાવે છે. ગુજરાતી સાહિત્યમાં એમણે કેટલુંક સર્જન તથા વિવેચન કરેલું છે. ગયે વર્ષે 'હિંદુ રાજ્ય-પદ્ધતિઓનો ઇતિહાસ' પ્રકાશિત થયો છે. કેટલીક કૉન્ફરન્સોનાં અધિવેશનો તથા સ્મૃતિગ્રંથોમાં, 'સૂર્યમંદિર' તથા 'પથિક'-ના વિશિષ્ટ અંકોમાં, ગુજરાતનાં ડિસ્ટ્રિક્ટ ગેઝેટીઅરોમાં અને ભો. જે. વિદ્યાભવનની 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ની ગ્રંથમાલામાં ડૉ. સોમપુરાનું પ્રદાન નોંધપાત્ર છે. ગુજરાત ઇતિહાસ પરિષદના તેઓ સક્રિય કાર્યકર હતા. દ્વારકામાં યોજાએલા એના છઠ્ઠા (૧૯-૭૧ના) અધિવેશનમાં મૂર્તિવિધાન વિષે શ્રેષ્ઠ નિબંધ લખનારને સ્વ. કનૈયાલાલ દવે રૌપ્યચંદ્રક આપવાનો આરંભ થયો ત્યારે 'ત્રિમૂર્તિ' વિષે લખેલા નિબંધ દ્વારા ડૉ. સોમપુરા તેના પ્રથમ વિજેતા બન્યા હતા. મંદિર-સ્થાપત્યના પ્રત્યેક અંગ-ઉપાંગના એ વિશેષજ્ઞ હતા.

'ગુજરાત સાહિત્ય સભા' માટે સ્વ. રત્નમણિરાવ લિખિત 'ગુજરાતનું પાટનગર: અમદાવાદ'ની સંશોધિત આવૃત્તિ તૈયાર કરવામાં ડૉ. સોમપુરાએ આ લેખકને સક્રિય સહાય કરેલી. અમદાવાદમાં પાંચકૂવા દરવાજા પાસેની 'અમૃતવર્ષિણી વાવ' વિષે 'કુમાર'માં લેખ લખેલો અને બ્રિટિશ અમલના એ દરવાજાથી યે વધુ પ્રાચીન આ વાવને તોડી ન પાડવા માટે કૉર્પોરેશનને સમજાવવામાં સક્રિય સાથ આપેલો. અમદાવાદમાં કૉંગ્રેસ હાઉસ પાસેના મહાગુજરાતની લોકલડતના શહીદોના સ્મારક માટે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની વિભાવના અનુસારના સ્મારકના રૂપાંકનના આયોજક પણ ડૉ. સોમપુરા હતા.

છેલ્લાં બેએક વર્ષથી એમનું શારીરિક સ્વાસ્થ્ય લથડયું હતું. છેલ્લે દોઢેક માસની ગંભીર માંદગી બાદ ૫૫ વર્ષની વયે ૨૩મી ડિસેંબરે તેઓ અકાળ અવસાન પામ્યા. એમના જવાથી ગુજરાતમાં શિલ્પ-સ્થાપત્ય-ના એક તજ્જ્ઞની ગંભીર ખોટ પડી છે. —હરિપ્રસાદ શાસ્ત્રી

વસતિ–ઉછાળો



ગયું ઈ. ૧૯૭૪નું વર્ષ 'અખિલ જગત વસ્તીવર્ષ' તરીકે મનાવીને દુનિયાભરની પ્રજામાં અતિ ઝડપે વધતી જતી વસ્તીની બિહામણી ગંભીરતા પ્રતિ લક્ષ દોરવાનો સંયુક્ત રાષ્ટ્રસંઘે નિર્ણય લીધેલો.

જાણો છો? દુનિયાની વસ્તી ઈ. ૧૯૭૩ના મધ્યમાં ૩,૮૯,૦૦,૦૦,૦૦૦ (ત્રણ અબજ ઍંશી કરોડ) જેટલી હતી. જો આ જ દરે, એટલે કે વર્ષે બે ટકાના દરે એ વધારો ચાલુ જ રહે તો આવતા ચારેક દાયકામાં એ આંકડો આઠ અબજ જેટલે પહોંચે. આજે જન્મેલા બાળકને ૭૦ની વયે પહોંચતાં ૧૫ અબજ ને એના પૌત્રને ૬૦ અબજ લોકોથી ખદબદતી પૃથ્વી પર જીવવું પડશે.

આજે દુનિયાના અર્ધાથી યે વધુ લોકો–લગભગ ૨,૧૦,૦૦,૦૦,-૦૦૦ લોકો એશિયામાં જ છે. રશિયા બાદ કરતાં યુરોપમાં ૩૫,૪૦,૦૦,-૦૦૦, ઉત્તર અમેરિકામાં ૩૨,૭૦,૦૦,૦૦૦, દક્ષિણ અમેરિકામાં ૧૦,૫૦,-૦૦૦, ઑશનિયા (પૅસિફિક મહાસાગર ને આસપાસના સમુદ્રોમાંના ઑ-સ્ટ્રેલિયા ને મલએશિયા સાથેના દેશો)માં ૨,૦૦,૦૦,૦૦૦ લોકો વસે છે.

ફેડરલ જર્મન પ્રજાસત્તાકમાં દર હજારે ૧૨·૮નું જન્મપ્રમાણ દુનિયા-ભરમાં ઓછામાં ઓછું છે. જ્યારે સ્વાઝીલૅન્ડમાં વધુમાં વધુ—દર હજારે ૫૨·૩નું છે. સૌથી વધુ વસ્તીવાળો દેશ ચીન છે. તે પછી અનુક્રમે ભારત, રશિયા, અમેરિકા અને ઈન્ડોનેશિયા આવે છે.

પવનચક્કીનો પ્રયોગ

બ્રિટનની રીડિંગ યુનિવર્સિટીએ એરો ડાયનેમિક્સના જ્ઞાનને પ્રયો-જીને પવનચક્કી વડે ચાલતા પાણી ખેંચવાના પંપ બનાવવાના સફળ પ્રયોગ કર્યા છે. એની બનાવટ અટપટી નથી, એટલે મોટા પાયે તેનું ઉત્પાદન અને દૂર દૂર સુધી તેને પહોંચાડવાનું પણ ઘણું સરળ બન્યું છે. નાઈજીરિયા ને કિન્યામાં આવા પંપ વપરાવા પણ માંડયા છે. આ-પણે ત્યાં પણ આવું કંઈક થઈ શકતું હોત તો થોડા સમય પર તેલના

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૯

સુવારોગ

પ્રસુતિ પછી સ્ત્રીઓમાં આ રોગ જોવા મળે છે. સુવાવડમાં (કે કસુવાવડ પછી) યોગ્ય કાળજીના અભાવથી, કે ગર્ભાશયનું શોધન બરાબર ન થવાથી, અથવા ગમે તેવો ખોરાક લેવાથી, યા અપૂરતા આરામથી, અથવા સંયમના અભાવે આ રોગ થાય છે.

આ રોગમાં તાવ સાથે શરીર તૂટે છે, અરુચિ થાય છે, ખોરાક પચતો નથી, માથું દુખે છે, પગમાં કળતર થાય છે, ઉધરસ આવે છે, ઊલટી અને ઝાડા પણ થઈ જાય છે.

ઉપચાર

જો કે આ ઉપચાર નથી. દરેક પ્રસૂતા સ્ત્રી જો આટલું કરે તો તેને કદી કોઈ રોગ થાય નહિ અને સુવાડમાંથી હેમખેમ-સાજીતાજી ઊઠે: ૧) સુવા દાણાને સાફ કરી શેકીને પ્રસૂતાએ પોતાના ખાટલા પાસે મૂકી રાખવા, અને તેને જ્યારે મન થાય ત્યારે તેનો ફાકો મારી ચાવીને ખાતાં રહેવું. ૨) આજે ભુલાતું જતું બત્રીસું અને કાટલું ફરી અપનાવવું જોઇએ. ૩) દશમૂલ ક્વાથ અને દેવદાર્વ્યાદિ ક્વાથનો ભેગો ઉકાળો કરી રોજ બે વાર પ્રસૂતાને પાવો. આ બંને અરિષ્ટ તૈયાર પણ મળે છે, તેનું યે સેવન કરી શકાય. ૪) સુવારોગમાં 'પ્રતાપલંકેશ્વર રસ' સર્વોત્તમ છે. મધ સાથે તેનું સેવન અચૂક લાભકર છે. ૫) ખાટો, તીખો, વાસી ને વાયડો ખોરાક છોડી ચોખ્ખા ઘીનો શીરો, બાજરીનો રોટલો, રીંગણાંનું શાક, કુલકા રોટલી, મગની દાળ, ચોખા, ખીચડી વગેરેનો આહાર કરવો જોઈએ. ૬) દિવસમાં બે વાર સૂંઠ, ગોળ અને ઘીની લાડુડી બનાવી ખાવી. ૭) સીધી હવા ન લાગે તેવા ગરમ વાતાવરણવાળા ઓરડામાં પ્રસૂતાનો ખાટલો રાખવો. ૮) બ્રહ્મચર્યનું ચીવટપૂર્વક પાલન કરવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કેવળ કૉલેજિયનો જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૨

શેક્સપીઅરની સર્જકપ્રવૃત્તિ


શેક્સપીઅરના સ્થૂલ જીવન વિષે જેમ આધારભૂત માહિતીનો અભાવ છે તેમ તેની સર્જકપ્રવૃત્તિ વિષે પણ નિશ્ચિત સમય નક્કી કરવાનું મુશ્કેલ છે. અંદાજે ઈ. ૧૫૮૮થી ૧૬૧૨નો સમય તેની સર્જકપ્રવૃત્તિ માટેનો વિવેચકોએ નક્કી કર્યો છે. તેમ છતાં તેણે નાટ્યલેખનની પ્રવૃત્તિ ક્યારે શરૂ કરી, ક્યાં પરિબળોએ તેને સર્જક બનવા પ્રેર્યો, ક્યા ક્રમમાં નાટકો રચાયાં, વિવિધ પ્રકારની ઐતિહાસિક કૃતિઓમાં કૉમેડી અને ટ્રૅજેડીમાં તેણે ક્યાંથી કોની કેટલી પ્રેરણા-અસરો ઝીલી તે વિષે કશી નિશ્ચિત માહિતી પ્રાપ્ત નથી. શેક્સપીઅરનું નાટ્યસાહિત્ય વિદ્વાનોએ સંશોધ્યું છે, પરંતુ એ બધું અવ્યવસ્થિત સ્થિતિમાં છે. પહેલા Folioમાં દાખલા તરીકે તેનાં સંખ્યાબંધ નાટકો મળે છે પણ તે બધાંનો ક્રમ નથી અને એ નાટકોમાં સુધારાવધારા પણ થયા હોય એ સાવ સંભવિત છે. કોઈક સ્થળે નાટકમાં શેક્સપીઅરે રચનાવર્ષ લખ્યું હોય તેટલા આંતરિક પુરાવા ઉપરથી સમગ્ર નાટકનું રચનાવર્ષ એ જ હોય એમ માની લેવું પણ અયોગ્ય ગણાય. રચનાવર્ષ એ પરિચ્છેદ પૂરતું પણ હોય, ને નાટક કટકે કટકે લખાયું હોય. તદુપરાંત તેણે એક જ સમયે જુદાં જુદાં પ્રકારનાં નાટકો રચ્યાં હોય એ પણ સંભવિત છે. આવા સંજોગોમાં કોઈ પણ નાટ્યકૃતિની રચના-સાલ નક્કી કરવાનું શક્ય નથી.

આરંભકાળનાં નાટકો

તેમ છતાં તેનાં સાવ આરંભનાં નાટકો ક્યાં અને છેક પાછળથી રચાએલાં નાટકો ક્યાં તે વિષે મત બાંધવામાં વિવેચકોએ ઝાઝી મુશ્કેલી જોઈ નથી. ઈ. સ. ૧૫૮૮ થી ૧૫૯૪ના સમયગાળામાં મુખ્યત્વે ઐતિહાસિક નાટકો રચાયાં છે. માર્લોના ઐતિહાસિક નાટકનો તંતુ તે વિકસાવે છે, ને પ્લૅન્ટેજીનેટ વંશના રાજ્યઅમલ દરમ્યાનની દેશની આંતરિક પરિસ્થિતિ પ્રતિબિંબિત કરે છે. આ સમયગાળામાં તેની એક ટ્રૅજિક કૃતિ 'રોમિયો અને જુલિયેટ' (૧૫૯૨) રચાઈ છે. યુવાન હૈયાંની કરુણ પ્રેમકથા એમાં વ્યક્ત થઈ છે. પ્રબળ ઊર્મિતત્ત્વવાળી આ કૃતિમાં પાછળની ટ્રૅજેડીઓમાં જોવા મળતી ભવ્યતા કે વિશાળતા જણાતી નથી. તે પછી ઈ. ૧૫૯૪માં 'ધ મર્ચન્ટ ઑફ વેનીસ' નામની કરુણતાના ગાઢ સ્પર્શથી અંકિત કૉમેડી પ્રગટ થઈ. રોમાન્સના સોનેરી સૂત્રમાં તેનું વસ્તુ ગૂંથાયું છે. 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ' એ ફારસનો રંગ દાખવનારી, 'ધ કૉમેડી ઑફ એરર્સ' એ ઊર્મિસભર રોમાન્સ, 'ટુ જેન્ટલમૅન ઑફ વેરોના', ને તરંગોની લીલા પ્રગટ કરતી 'અ મિડ-સમર નાઈટ્સ ડ્રીમ' આ સર્વ તેની ઊગતી કારકિર્દીના કાળની રચનાઓ છે. આ સમય દરમ્યાન તેણે નાટ્યકાર તરીકે સારી એવી પ્રતિષ્ઠા સંપાદન કરી હશે—એના સમકાલીનોને અસૂયા થાય તેવી એ પ્રતિષ્ઠા હશે; નહિતર રૉબર્ટ ગ્રીને એને માટે કોઈક પત્રમાં 'an upstart Crow, beautified with our feathers...'જેવી કટુ ટીકા ઉચ્ચારી ના હોત.

કાવ્યપ્રવૃત્તિ: બે દીર્ઘ કૃતિઓ

શેક્સપીઅરની નાટ્યકાર તરીકેની પ્રતિભા પાંગરતી હતી તે દરમ્યાન તેણે પોતાની કેટલીક કવિતા પણ પ્રજા સમક્ષ રજૂ કરી. જેને પોતે 'first heire of my invention' તરીકે ઓળખાવી છે તે કાવ્યકૃતિ 'વીનસ અને અડોનીસ' પ્રશિષ્ટ કૃતિની છાયા હેઠળ રચાઈ હતી. પોતાના એક સખા અને સહાયક, સુંદર અને વીર સાઉથૅમ્પ્ટનના ઉમરાવ



શેક્સપીઅરના અવસાન બાદ ઈ. ૧૬૨૩માં બહાર પડેલો તેનાં નાટકોનો અધિકૃત સંગ્રહ, જે 'ફર્સ્ટ ફોલિયો'ના નામે વિખ્યાત છે.

Henry Wriothesley ને તે કૃતિ તેણે અર્પણ કરી હતી. એની કથાનો તંતુ એ છે કે વીનસ અડોનીસના પ્રેમમાં પડે છે, પરંતુ શિકારમાં રમમાણ રહેનારો તે એના પ્રેમનો અસ્વીકાર કરે છે. વીનસની અનેક વિનંતીની અવગણના કરી તે શિકારે જાય છે, જ્યાં જંગલી રીંછ તેનો જ શિકાર કરે છે, અને મરણ પછી તેનું એ ફૂલમાં રૂપાંતર થઈ જાય છે. શેક્સપીઅરે આ કથાતંતુ સિવાય લગભગ બીજી બધી પૌરાણિકતા ટાળી છે અને ઘટનાને સાંપ્રત સમયનો સ્પર્શ આપવા પ્રયત્ન કર્યો છે. પાત્રો પણ પૌરાણિક મટી અર્વાચીનતા દાખવનારાં થયાં છે. વીનસ એ કોઈ ઊર્મિલ, પ્રેમપટુ સન્નારીની પ્રતીતિ કરાવે છે ને અડોનીસમાં ખેલકૂદનો રસિયો અંગ્રેજ સજ્જન જ વરતાય છે. પ્રસંગનિરૂપણ અને વર્ણનકલા બંનેમાં શેક્સપીઅરનું કૌશલ આકર્ષક છે. અડોનીસના અશ્વનું ચિત્ર કોઈ નિષ્ણાતની કલમે આલેખાયું છે. શેક્સપીઅરના ભાષા પરના પ્રશસ્ય કાબૂનો અહીં સુખદ અણસારો મળી રહે છે. અલબત્ત કૃતિમાં ઊર્મિના ઊભરા, તરંગબાજી ને શબ્દોનો આડંબર પણ નજરે ચડયા વિના રહેતાં નથી.

બીજી કાવ્યકૃતિ 'ધ રેઈપ ઑફ લ્યૂક્રીસ' ૧૫૯૪માં રચાઈ હતી. એ પણ પૌરાણિક કથા છે, પણ શેક્સપીઅરે તે નવેસરથી રજૂ કરી છે. એનો મુખ્ય તંતુ અગાઉની કૃતિ પર આધારિત પણ છે અને વિરોધમાં પણ છે. અગાઉની કૃતિમાં એક વિલાસી યુવતીના એક યુવાનને પ્રેમપ્રપંચમાં જકડવાના પ્રયત્નની કથા હતી. આ કૃતિમાં એક યુવતી—રોમન સન્નારી લ્યૂક્રીસ–પર ટાર્કીવીનના બળાત્કારની કથા છે. આ કાવ્યમાં કવિની શક્તિનો વિકાસ દેખાવા છતાં જૂનો દોષ પણ વધુ પ્રબળરૂપે જણાય છે. લાંબાં અને અનુચિત સંભાષણોમાં કાવ્ય અટવાઈ પડે છે. ટાર્કીવીનના દુષ્કૃત્ય પહેલાં લ્યૂક્રીસના વિનવણાં, તેના વિલાપો, અનાવશ્યક વિગતો ને તરંગોથી સભર વર્ણનો, આ સર્વ કાવ્યને હાનિ પહોંચાડે છે. તેમ છતાં આમાં સંઘર્ષનું તત્ત્વ સારી રીતે ખીલ્યું છે. અનિર્ણયની પળોમાં ચિત્તની સ્થિતિનું આલેખન—નાટકો માટે આ સ્રોત પાછળથી ખૂબ મહત્ત્વનો બની રહ્યો—કલાત્મક રીતે થયું છે. ટાર્કીવીન અને લ્યૂક્રીસના માનસિક સંતાપ-સંઘર્ષોમાં કેટલાક બ્રૂટ્સ ને હૅમ્લેટના ચિત્તસંઘર્ષોની આગાહી જોઈ છે.

આ બંને સુદીર્ઘ કાવ્યો રચાયાં તે સમય શેક્સપીઅરની કલાભિવ્યક્તિ માટે મથામણનો હતો. હવે પછીનાં નાટકો દ્વારા ઉત્તમ રીતે પ્રગટ થનારી એની પ્રતિભાનાં સ્ફુલિંગો આ કાવ્યોમાં જોઈ શકાય.

લઘુકથા

શલ્ય

શાંતિલાલ મેરાઈ

આ માંદગીમાંથી હવે બચવાનો નથી એવું ભવાનીદાસને લાગ્યા કરતું હતું. એમનો એકનો એક પુત્ર અને પુત્રવધૂ એમની ચાકરીમાં કોઈ મણા રાખતાં નહોતાં. ને છતાં કશુંક શલ્ય ભોંકાતું હોય તેમ એમને ચેન પડતું નહોતું.

પત્નીના મૃત્યુ બાદ ભવાનીદાસે પોતાનું સર્વ ધ્યાન આ એકના એક પુત્રનો ઉચિત વિકાસ કરવામાં કેન્દ્રિત કર્યું હતું. તેમનો આ પિતૃપ્રેમ સમાજમાં દૃષ્ટાંતરૂપ બન્યો હતો. પુત્ર-ઉછેરમાં એમણે જીરવેલી જુવાનીએ એમને ભારે પ્રશંસાના અધિકારી પણ બનાવ્યા હતા.

આજે એમને વારંવાર ગભરાટ થઈ આવતો હતો અને થતું હતું કે રાત સુધીમાં પ્રાણપંખેરુ ઊડી જશે. તેઓ જ્યારે ગભરાઈ ઊઠતા ત્યારે પુત્ર અને સગાં-સંબંધીઓ એમને ઘેરી વળતાં.

એક વાર ગભરાટમાં તેમણે આંખો ઊંચે ચડાવી દીધી ત્યારે એક અનુભવી વૃદ્ધે તેમના પુત્રને કહ્યું: 'ભાઈ, હવે આ છેલ્લુંકેલ્લું છે. પણ એમના જીવને કંઈક વાસના રહી ગઈ છે. તું એમની અંતિમ ઈચ્છા જાણી લે.' પુત્રે આ વાત માની. પિતાને ઢંઢોળ્યા. ઠીક વાર પછી ભવાનીદાસ ભાનમાં આવ્યા. પુત્રે તેમના કાનનાં પૂછ્યું: 'બાપુજી, તમારી કોઈ ઈચ્છા છે?'

પિતાએ સંમતિસૂચક ડોક હલાવી અને બીજાં બધાંને ખંડમાંથી બહાર ચાલ્યા જવા હાથ વડે ઈશારો કર્યો. બધાંના ગયા પછી પુત્ર પિતાના મોં પાસે કાન લઈ ગયો. તૂટક અવાજે પિતાએ કાનમાં કંઇક કહ્યું અને થોડી વારમાં તેમનો જીવ મુક્ત થઈ ગયો.

પરંતુ પિતાનું શલ્ય હવે પુત્રને ખટકી રહ્યું હતું. તેનું મન કોઈ રીતે માની શકતું નહોતું કે માતાના મૃત્યુ પછી જન્મેલો તેનો એક ભાઈ કોઈના ઘરમાં ઊછરી રહ્યો હતો અને તેના યોગ્ય ભાગની વ્યવસ્થા પિતાજી વીલમાં કરી ગયા હતા. □

શેક્સ્પીઅરનાં સૉનેટો

શેક્સ્પીઅરે પોતાનાં બે સુદીર્ઘ કાવ્યો રચ્યાં તે જ અરસામાં તેણે સૉનેટની રચનાઓ કરવા માંડી હતી. પણ એ બધી રચનાઓ હસ્તપ્રત રૂપે મિત્રમંડળોમાં ફરતી હતી. 'લ્યૂક્રીસ'ની રચના પછી પંદરેક વર્ષે એક પ્રકાશક ટૉમસ થૉર્પેએ તેનાં સૉનેટો પ્રકાશિત કરવાની પરવાનગી મેળવી.

શેક્સ્પીઅરનાં સૉનેટોએ, તેમાં કેટલાકને આત્મકથાના અંશો જણાયા તેથી તેમજ તેમાં ઉચ્ચ કવિત્વ હોવાને કારણે, તેનાં બે સુદીર્ઘ કાવ્યો કરતાં સવિશેષ આકર્ષણ કર્યું: કેટલાક વિવેચકોને તો આ સૉનેટોમાં કોઈ કૌતુકરાગી જીવનકથાકાર માટે સમૃદ્ધ ખાણ દેખાઈ.

સાઉધૅમ્પ્ટનનો ઉમરાવ દાતા બન્યો તે પછી આ સૉનેટો રચાયાં લાગે છે. એ યુગ સૉનેટની લોકપ્રિયતાનો હતો. ડૅનિયલ અને ડ્રૅઈટને–સ્પેન્સર અને સિડનીએ તે સ્વરૂપનો ઠીક કસ કાઢ્યો હતો. શેક્સ્પીઅરે જે માળખું સ્વીકાર્યું તે પેટ્રાર્કના સૉનેટનું નહોતું. એણે ત્રણ ચતુષ્ક અને એક યુગ્મમાં સૉનેટ-સ્વરૂપ બાંધ્યું અને abab, cdcd, efef, gg.–એ રીતના પ્રાસ મેળવ્યા.

સૉનેટોમાં, કેટલાક વિવેચકોના મતે, શેક્સ્પીઅરે પોતાનું હૃદય પ્રગટ કર્યું છે. બીજો વર્ગ માને છે કે અંતરની ઊર્મિઓ કોઈ પ્રેમિકા માટે ઠાલવવી એ તો એક યુગપરંપરા હતી, ને શેક્સ્પીઅરે પણ એ તરકીબ અજમાવી એમાં એના જીવનના અંતરંગ જોવાનું યોગ્ય નથી. એ યુગમાં કોઈ પણ કવિ પોતાના સમકાલીનના જીવનમાંથી કોઈ પ્રેમઘટના પસંદ કરતો; કેટલીક વાર પોતાના જીવનમાં પણ એવી ઘટનાની કલ્પના કરતો. અને પછી યુગપરંપરા મુજબ પ્રેયસીને વિનવણાં, પ્રેમના પ્રલાપો, રિસામણાં-મનામણાં—આ બધું સૉનેટમાળા રૂપે પ્રગટ થતું. સિડનીએ સૉનેટચક્રમાં આમ જ કર્યું હતું. શેક્સ્પીઅર એની કલ્પનાને સ્પર્શે તેવી ઘટના કે તે કું પાત્ર પુરોગામીઓમાંથી નિરાંતે લઈ આવતો અને પોતાની મુદ્રા તેના પર અંકિત કરી અવનવું સર્જન સિદ્ધ કરતો એ સુવિદિત હકીકત છે. સૉનેટની બાબતમાં પણ ડૅનિયલ અને ડ્રૅઈટનમાં જોવા મળતા ઉદ્ગારો અથવા વર્ણનો શેક્સ્પીઅરમાં જોવા મળે છે—અલબત્ત, એના પર તેની સર્જકપ્રતિભાનો આગવો સ્પર્શ તરત ધ્યાન ખેંચે છે. આ સૉનેટો ભલે તેના હૃદયનો પરિચય આપતાં ન હોય તો પણ તેની પ્રકૃતિ અને પ્રતિભાનો તો કરાવે છે જ—અને ક્યારેક ક્યારેક એના જીવનની કોઈ મહત્ત્વની ઘટનાના અણસાર પણ એ સૉનેટોમાં નથી જ એમ આત્મવિશ્વાસપૂર્વક કોઈ વિવેચક કહી શકે નહિ.

એક સૉનેટમાં કથાનો આરંભ આ રીતે છે: 'Two loves I have of comfort and despair.' અને પછી જાણવા મળે છે તેમ કવિને નિકટનાં બે મિત્રો હતાં: એક પુરુષ અને એક યુવતી. બંને પર કવિનો ઉત્કટ પ્રેમ; પણ અચાનક એ યુવતી કવિને બાજુએ રાખીને કવિના મિત્રની પ્રિયા બની. તેણે એ પુરુષને કવિથી વિમુખ બનાવ્યો. શેક્સ્પીઅરને પુરુષનો દોષ વસતો નથી. પુરુષ જુવાન છે, બિનઅનુભવી છે. અનુરાગમાં સહેજે ખેંચાય તેવો છે. પણ તેની કટુતા પેલી સ્વચ્છંદી, વિલાસી યુવતી પ્રત્યે છે. એ યુવતીએ માત્ર વિલાસના કારણે જ કવિને મૂકીને પેલા પુરુષને ભોળવ્યો. પણ પેલા પુરુષની મૈત્રી જળવાઈ રહે તે ખાતર અંતે કવિ એ યુવતી આગળ નમતું જોખે છે.

આ કથનાં પાત્રોમાં પુરુષ તો એનો સહાયક સખા સાઉધૅમ્પ્ટનનો ઉમરાવ હોય એ સંભવિત છે; અને એ પુરુષનાં સૌંદર્ય અને સંપત્તિ ને કુલીનતા આગળ પોતાની કોઈ વિસાત નથી એમ સમજીને કવિએ–શેક્સ્પીઅરે–પોતાનો પ્રેમ ઉમરાવની તરફેણમાં જતો કર્યો હોય તો એ નાટ્યકારની લાગણી સમજી શકાય તેમ છે.

શેક્સ્પીઅરનાં સૉનેટો, એક વિવેચકે કહ્યું છે તેમ, ભલે નાટ્યલેખનમાંથી ચોરેલી ક્ષણોમાં લખાએલાં હોય, તેમાં ભલે કેટલીક વાર વધુપડતી સમાનતા, ઝીણવટ હોય, તેમ છતાં એ સૉનેટોમાંનાં કેટલાંક તો એલિઝાબેથ યુગનાં ઉત્તમ ઊર્મિકોની હરોળમાં સ્થાન પામી શકે તેવાં છે.

નાટકોનો બીજો તબક્કો (૧૫૯૪–૧૬૦૦)


શેક્સ્પીઅરનાં નાટકોનો બીજો તબક્કો ૧૫૯૪થી ૧૬૦૦ના સમયગાળાને આવરી લે છે. અગાઉ રચેલાં નાટકો કરતાં વધુ કલાત્મક ઐતિહાસિક નાટકો આ ગાળામાં તેણે રચ્યાં છે. હેન્રી ચોથો (૧૫૯૭) તેમાંના હાસ્યને કારણે તેમજ માનસશાસ્ત્રીય છણાવટને કારણે સવિશેષ ધ્યાનપાત્ર ગણાયું છે. કૉમેડી નાટકોમાં 'ટેઇમિંગ ઑવ ધ શ્રૂ' ૧૫૯૫માં અને 'ધ મેરી વાઈવ્ઝ ઑવ વિન્ડસર' ૧૫૯૮માં લખાએલાં—બંને ફારસ પ્રકારની રચના છે; જો કે નિરૂપણ ઉચ્ચ કક્ષાનું છે. 'મચ અડૂ અબાઉટ નથિંગ' (૧૫૯૯)માં 'વિટ'નું તત્ત્વ સવિશેષ છે, અને 'ઍઝ યૂ લાઈક ઈટ' (૧૬૦૦) તથા 'ટ્વેલ્ફ્થ નાઇટ' (૧૬૦૦)માં હાસ્ય અને રોમાન્સનું સપ્રમાણ સંયોજન થએલું છે.

નાટકોનો ત્રીજો તબક્કો (૧૬૦૦–૧૬૦૮)

પાછળના કાળમાં લખાએલાં તેનાં નાટકોમાં મુખ્યત્વે ટ્રૅજેડી ધ્યાન ખેંચે છે; અને નાટકકારની પ્રતિભા તેમાં ઉત્તમ રીતે પ્રગટ થઈ છે. 'જુલિયસ સીઝર' (૧૬૦૧)માં નાટ્યકલાનું એક ઉચ્ચ શિખર સર થયું છે, તો 'હૅમ્લેટ' (૧૬૦૨) ચિંતનાત્મક કવિતા રૂપ બની રહ્યું છે. 'ઑથેલો' (૧૬૦૪), 'કિંગ લીઅર' (૧૬૦૫) અને 'મૅકબેથ' (૧૬૦૬) [અનુ.પૃ.૧૦]

સાહિત્યસંપર્ક

भारतीय पक्षी



લેખક
કુંવર
સુરેશસિંહજી ▷



*

અવલોકન
શંકરદેવ
વિદ્યાલંકાર

ઉત્તર પ્રદેશના અવધ ક્ષેત્રમાં ગંગા નદીના સુરમ્ય તીરે, સ્વરાજ્ય પહેલાં કાલાકાંકર નામની એક રિયાસત હતી. ઘણા વખતથી તેના અધિપતિઓ પોતાની રાષ્ટ્રભક્તિ, સમાજસેવા ને સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે વિખ્યાત રહ્યા છે. ગઈ સદીમાં એના એક રાજવી રામપાલસિંહજી ભારતીય કૉંગ્રેસના પ્રતિષ્ઠાપકો પૈકી એક હતા. કાલાકાંકર ગામથી તેઓ 'હિંદુસ્તાન' નામે હિંદી દૈનિક પત્ર ચલાવતા. તેના તંત્રીઓમાં પૂજ્ય મદનમોહન માલવીય જેવા લોકપુરુષ પણ હતા. પોતાના રોજિંદા પત્ર સારુ તાજા સમાચારો મેળવવા માટે એમણે પોતાના ગામ સુધી ટેલિગ્રાફની લાઈન નખાવી હતી.

એમના એક વંશજ કુંવર સુરેશસિંહજી આજે પણ પોતાના પૂર્વજોની એ ગૌરવવંતી પ્રતિષ્ઠાને આસ્થા ને ઉત્સાહથી સાચવી રહ્યા છે. એમના ભત્રીજા દિનેશસિંહજી આપણી કેન્દ્રીય સરકારના વિદેશમંત્રી હતા. સુરેશસિંહજીની લોકસેવા ને સાહિત્યસેવા ઉત્તર પ્રદેશમાં તો જાણીતાં છે. વર્ષો સુધી તેઓ ઉત્તરપ્રદેશની વિધાન-



'ભારતીય પક્ષી' પુસ્તકમાંનું એક ચિત્રપૃષ્ઠ: ૧ પીળક, ૨ નરઝી, ૩ ભરત, ૪ સ્કાર્લેટ મિનિવેટ, ૫ કબૂતર, ૬ કંસારો, ૭ નાનો નીલકંઠ, ૮ હારિત, ૯ ચાષ, ૧૦ લક્કડખોદ, ૧૧ બુલબુલ, ૧૨ હૂડહૂડ (હૂપો), ૧૩ મેના અને ૧૪ તિલોર (સ્ટાર્લિંગ). રંગીન ચિત્રોનાં આવાં પૃષ્ઠો ઉપરાંત પુસ્તકમાં અન્ય સંખ્યાબંધ પક્ષીઓનાં રેખાચિત્રો પણ આપ્યાં છે.

શબ્દકથા · 'ડીંડવાણું'

કોઈ અને કોઈ એવું કામ કે લપ ઊભાં કરવામાં આવે ત્યારે સામાન્ય રીતે 'ડીંડવાણું' ઊભું કર્યાનું કહેવામાં આવે છે. બેશક 'ભગવદ્ગોમંડળ'માં તો છ જેટલા અર્થ નોંધાયા છે, જેમાંનો 'લપ', 'લફરું' એ માત્ર બંધ બેસે છે.* ગુજરાતમાં આ શબ્દ રૂઢ નથી, પરંતુ સૌરાષ્ટ્રમાં તો ઘણો જાણીતો છે. આ શબ્દ સાંભળતાં આપણને પેલા કામ કે લપથી અરુચિનો ભાવ ઉત્પન્ન થતો અનુભવાય છે, પરંતુ આ શબ્દનું મૂળ જોતાં એ મનોરમ લાગે તેવું છે. રાજાની સવારી, પછી યાત્રા-યાન, પછીથી વરઘોડા સરઘસ વગેરેમાં ઘોડા-ઊંટ-હાથી-ગાડામાંના કોઈ અને કોઈ ઉપર, મોખરા ઉપર નગારાં વગાડવાનો રિવાજ ખૂબ જાણીતો છે. સવારીઓમાં ડંકો-નિશાન તે જ આ. સંસ્કૃતમાં એ 'डिण्डिमवादनकम्'–પ્રાકૃત डिंडिमवाअणअं'—અપભ્રંશ डिंडिमवाअणउं—આ જ 'ડીંડવાણું'. કેવો ભાવ-પલટો થયો છે!

કે. કા. શાસ્ત્રી

[* ગેરવ્યવસ્થા કે પોલંપોલ પણ બંધ બેસે છે. —તંત્રી]

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



આણંદજી ડોસા

ક્રિકેટના પ્રખર જાણકાર ને એ ક્ષેત્રના વિધવિધ આંકડાના સુમાહિતગાર જ્ઞાતા. જન્મ: ૧૫મી સપ્ટેમ્બર ૧૯૧૬. બચપણથી જ ક્રિકેટના રસિયા હોઈ શાળા-કૉલેજ ને વિવિધ સંસ્થાઓમાં સારી પેઠે ક્રિકેટ રમેલા, તથા એ અંગેની અનેક સમિતિઓમાં અગ્રગણ્ય કાર્ય કરતા રહ્યા છે. રેડિયો પરની એમની રનિંગ કૉમેન્ટરી, ને અનેક અખબારો-સામયિકો વગેરેમાંના એમના લેખો ક્રિકેટ અંગેના એમના જ્ઞાન અને સમજનાં દ્યોતક છે. ડિકી રત્નાગરના 'ઇન્ડિયન ફીલ્ડ ક્રિકેટ ઍન્યુઅલ'માં વર્ષો સુધી એમણે ક્રિકેટ અંગેના વિવિધ આંકડાઓનું સંપાદન કરેલું. 'દુલીપ, ધ મૅન ઍન્ડ હિઝ ગેઈમ' પુસ્તકના સહસંપાદક. હિંદી ક્રિકેટના 'બોર્ડ ઑવ કંટ્રોલ'ની સ્ટૅટિસ્ટિક કમિટીના ચેરમૅન. 'બૉમ્બે ક્રિકેટ એસોસીએશન'ને પણ સેવા આપે છે. એમનો વ્યવસાય રૂ અંગેનો છે.

૧. ટેસ્ટ મૅચોમાં શ્રેષ્ઠ બૅટ્સમૅન ને શ્રેષ્ઠ બૉલર કોને કહેશો?

ઉ. શ્રેષ્ઠ બૅટ્સમૅન ઇંગ્લૅન્ડનો જૅક હૉબ્સ. કોઈ પણ પ્રકારના બૉલિંગ કે ગમે તેવી વિકેટ પર કોઈ પણ સંજોગોમાં એ અદ્ભુત શાંતિ અને કાળજીથી રમતો. પોતાની કારકિર્દીમાં એણે કુલ ૬૧૨૩૭ રન ને ૧૯૭ સદીઓ નોંધાવેલી. ભારતમાં વિજય મર્ચન્ટને એ કક્ષામાં મૂકી શકાય. શ્રેષ્ઠ બૉલર તરીકે ઇંગ્લૅંડના સિડની બાર્ન્સને ગણું. કોઈ પણ પ્રકારની વિકેટ પર ભલભલા પ્રતિસ્પર્ધીની ખબર એ લઈ નાખતો. ફક્ત ૨૭ ટેસ્ટમાં એણે કુલ ૧૮૯ વિકેટો લીધી હતી.

૨. સૌથી વધુ કૅચ ઝડપનાર?

ઉ. કૉલિન કાઉડ્રીએ ૧૧૭ ને ગૅરી સોબર્સે ૧૧૦ કૅચ કર્યા છે.

૩. અને વિકેટકીપર?

ઉ. ઇંગ્લૅન્ડનો ગૉડફ્રે ઈવાન્સ. એણે ૯૧ ટેસ્ટમાં ૨૧૯ શિકાર ઝડપીને વિક્રમ કરેલો છે.

૪. આપને કયા ક્રિકેટખેલાડીનું વ્યક્તિત્વ ગમે છે?

ઉ. કર્નલ સી. કે. નાયડુનો પ્રભાવ ઓર હતો. ઊંચી કાયાનો એ ટટ્ટાર યોદ્ધો જોતાં જ શ્રદ્ધા પ્રેરે. સલીમ દુરાનીને એની માંજરી આંખો ને ગોરા હસમુખા ચહેરા પરથી દેખાવડો કહી શકાય, જ્યારે વેસ્ટ ઈંડીઝનો સર ફ્રૅંક વૉરેલ 'સ્ટાઇલિસ્ટ' હતો. ભારતનો ખંડુ રાંગણેકર પણ કંઈક અંશે આવો જ હતો.

૫. આપને મતે સારામાં સારી ને કસાકસીભરેલી મૅચ કઈ?

ઉ. ભારત અને વેસ્ટ ઈંડીઝ વચ્ચે ઈ. ૧૯૪૮ '૪૯માં મુંબાઈમાં રમાએલી મૅચ. છેલ્લા કલાક સુધી એના અંતની કલ્પના મુશ્કેલ હતી. અંતે એ ડ્રૉ થએલી. એમાં ભારતને જીતવા છ રન ખૂટતા હતા જ્યારે વેસ્ટ ઇંડીઝને એક જ વિકેટની જરૂર હતી.

૬. ક્રિકેટમાં પ્રવીણ થવા માટે કેવી લાયકાત કેળવવી જોઈએ?

ઉ. સતત અભ્યાસ, નિરીક્ષણ અને મહેનત.

૭. સ્પૉર્ટ્સમૅન સ્પિરિટ—ખેલદિલી શાને કહેશો?

ઉ. બીજી વ્યક્તિઓ પણ આપણા જેવી જ હોઈ એને પણ પોતાનાં રુચિ, લાગણી, સ્વમાન વગેરે હોઈ શકે તે ખયાલમાં રાખીને વર્તવું. અંતે રમત એ રમત છે, જિંદગીનું સર્વસ્વ નથી.

૮. આપ ખરી જિંદગી કોને કહો?

ઉ. જ્યારે અને જે તક મળે ત્યારે અને તે કંઈક ઉપયોગી કાર્ય ખંતથી કરવામાં ખર્ચવામાં જિંદગીની સાર્થકતા છે.

૯. ક્રિકેટની આજની બોલબાલા ને લોકપ્રિયતા શાને આભારી છે?

ઉ. બ્રિટિશોની આ રમત જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં પ્રસરી. ને એ પ્રસાર ઘણો વ્યાપક હોઈ વધુ જાણીતી બની. વળી, ક્રિકેટ વિષેનું સાહિત્ય પણ મબલખ છે. વધુ ને વધુ રમાતાં જતાં એનો પ્રસાર પણ વધતો જાય છે.

૧૦. આપનું નામ આણંદજી; એટલે આપને મન જીવન આનંદમય?

ઉ. જીવનને આપણે કઈ દૃષ્ટિએ જોઈએ છીએ તેના પર એ આધારિત છે. બધાને સમાન અને સમોવડિયા ગણી એમનાં માન-અધિકાર વગેરે જાળવીને રહીએ તો જીવન આનંદમય.

આણંદજી ડોસા

પરિષદના સદસ્ય હતા. પણ પોતાની સાહિત્યિક પ્રવૃત્તિઓથી તેઓ વધુ યશસ્વી બન્યા છે. ગાંધીયુગમાં તેઓ હિંદીમાં 'કુમાર' નામે એક સુંદર સચિત્ર માસિક પણ ચલાવતા. ત્યાર પછી 'કિસાન', 'દરિદ્રનારાયણ', 'વાનર' વગેરે સામયિકોના તેઓ પ્રધાન તંત્રી હતા.

હિંદી ભાષાના વૈજ્ઞાનિક સાહિત્યમાં—ખાસ કરીને પક્ષીશાસ્ત્ર પરત્વે તેમનું પ્રદાન મૂલ્યવાન અને વિશેષ પ્રશંસાપાત્ર બન્યું છે. આજથી પાંત્રીસેક વર્ષ પહેલાં પ્રકટ થએલી 'હમારી ચિડિયાં' નામની એમની ચોપડી સરકાર દ્વારા પુરસ્કારપાત્ર બની હતી. ત્યાર પછી તો આ દિશામાં એમની સાહિત્યસેવાઓ ઉત્તરોત્તર વધુ સત્ત્વશાલી અને ઉપકારક બનતી આવી છે.

'હમારી ચિડિયાં' (૧૯૪૧) પછી 'જીવોં કી કહાની' (૧૯૪૨), 'હમારે જાનવર' (૧૯૪૬), 'જીવોં કી દુનિયા' (૧૯૫૪), 'જન્તુ-જગત' (૧૯૫૬), 'શિકાર કે પક્ષી' (૧૯૭૧) જેવાં પુસ્તકો વડે એમણે હિંદીના એ વિષયના સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. 'હિંદી વિશ્વકોશ'-કાશીમાં પક્ષીશાસ્ત્ર વિષે લગભગ બધાં જ અધિકરણો સુરેશસિંહજીએ લખ્યાં છે.

ગત વર્ષ (૧૯૭૪)માં લખનૌની વિખ્યાત સાહિત્ય-સંસ્થા 'હિંદી સમિતિ'એ એમનો 'ભારતીય પક્ષી' ગ્રંથ પ્રસિદ્ધ કરીને એમની સાહિત્ય સેવાને કીર્તિકલશ ચડાવ્યો છે. ૨૧×૨૯ સે.મી. (૮॥"×૧૧॥") કદનાં ૩૩૦ પાનાંવાળા આ ગ્રંથમાં ભારત દેશનાં ૮૦૦ પંખીઓનું સુંદર, સુરેખ ને ચિત્રબહુલ વિવરણ આપ્યું છે. અમારી જાણ પ્રમાણે ભારતની બીજી કોઈ પણ પ્રાંતીય ભાષામાં પક્ષીશાસ્ત્ર વિષે આવો વિશદ, સમૃદ્ધ અને સર્વાંગ સુંદર ગ્રંથ પ્રસિદ્ધ થયો નથી.

એમાં પક્ષીઓનાં હિંદી નામોના ઉપલબ્ધ પર્યાયો સાથે અંગ્રેજી તથા શાસ્ત્રીય લૅટિન નામો સહ દરેક પક્ષીની ઓળખ, રૂપરંગ, નિવાસ, સ્વભાવવર્ણન અને વિશેષતાઓ સાથે નીડનિર્માણની પ્રક્રિયા પણ સરળ ભાષામાં આપી છે.

કચ્છ પ્રદેશમાં સવિશેષ રહેતા ફ્લેમિંગો પક્ષીનું તળપદી કચ્છી નામ 'હંજ' કે સૌરાષ્ટ્રમાં પ્રચલિત નામ 'ઠાકોરજીના જાનૈયા' પણ તેમાં મળે છે: આ પરથી લેખકની શોધ વિષયક ચોકસાઈનાં દર્શન થાય છે. પખીઓનાં સંસ્કૃત નામો પણ આપ્યાં છે.

આ પુસ્તકની પચાસ પાનાંની ભૂમિકા વિશેષ પઠનીય ને જ્ઞાનપ્રદ છે. તેમાં પક્ષીઓના પૂર્વજો, તેમનો વિકાસ, પાંખોની વિશેષતા, શરીરરચના, નયનરચના, શાસ્ત્રીય વર્ગીકરણ, ભૌગોલિક વિભાજન, ઉડ્ડયન પ્રકાર, આહાર-વિહાર, ચાંચોનાં આકાર-રચના, સંવનન-પ્રજનનની લાક્ષણિકતા, નીડરચના, ઈંડાંનું

ખેંચ પડતાં હજારો પંપ બંધ પડી-પંજાબ-હરિયાણાના ખેડૂતોને હાથ જોડી બેસી રહેવું પડેલું એવો વખત ન આવત. પાણી ને પવન જેવી તદ્દન મફત મળતી કુદરતી શક્તિનો આવો સરળ-સસ્તો ઉપયોગ પણ આપણે શોધી કે કરી શકતા નથી એ શરમજનક છે. ટૅકનૉલૉજીમાં આપણ કંઈ એટલા પછાત તો નથી જ, છતાં આપણા આર્થિક પાસાને સુધારવા કલ્પના ને કાર્યશક્તિને સાચા ને ઉપયોગી માર્ગે કામે લગાડવાની ખેવના આપણામાં દેખાતી જ નથી. ટેકનિકલ ક્ષેત્રે અનેક જરૂરિયાતોની આપણે ત્યાં છત હોવા છતાં હજી એ અનેક નવી બાબતો માટે આપણે પશ્ચિમ તરફ મોં વકાસીને રાહ જોતા બેસી રહીએ છીએ. આજે બધે—એટલે કે એકમાત્ર આપણા દેશ સિવાય બધે—ત્યાંના નિષ્ણાતો પ્રવૃત્તિશીલ બની આગે ધપી રહ્યા છે. જૂની અનેક બાબતોને આજના સંદર્ભમાં નવી રીતે પ્રયોજીને વધુ ને વધુ સરળ, સસ્તા ઉપાય-ઉપયોગ શોધી એને માણસની સેવામાં જોડી રહ્યા છે ત્યારે સ્વાવલંબન પ્રતિની આપણી નિષ્ક્રિયતા એ જડતા નથી તો બીજું શું છે? (ટાઈમ્સ ઑાવ ઈંડિયા)

શિયાળાનું સસ્તું વસાણું અડદ

અડદ એ શરીરને પુષ્ટ કરનારું કઠોળ છે. ઉત્તર પ્રદેશ ને પંજાબમાં ભોજનમાં એનો બહોળા પ્રમાણમાં વપરાશ થતો હોઈ ત્યાંના લોકોનાં શરીર સુદૃઢ ને માંસલ જોવા મળે છે. ગુજરાતમાં તેનો નહિવત્ ઉપયોગ થતો હોવાથી આપણાં શરીર દુર્બળ લાગે છે. હાલના સમયમાં જ્યારે દૂધ, ઘી, તેલની અછત ને મોંઘવારી છે, ત્યારે અડદ પોષણ આપનાર એક મહત્ત્વનું સ્થાન ધરાવતું કઠોળ બની શકે તેમ છે. માંસ પછીના સ્થાને અડદને મૂકી શકાય તેમ છે. ડુંગળી જેમ ગરીબ લોકોની કસ્તૂરી છે તેમ અડદ ગરીબ લોકો માટે ઘીદૂધ જેટલું સ્થાન ધરાવતું કઠોળ છે.

અડદ અતિ પૌષ્ટિક, વીર્ય વધારનાર, મધુર, સ્નિગ્ધ, ઉષ્ણ, તૃપ્તિકારક, ઝાડો-પેસાબ સાફ લાવનાર, પચવામાં ભારે, ધાવણ વધારનાર, માંસ અને મેદની વૃદ્ધિ કરનાર, બળ આપનાર, વાયુને તોડનાર ને પિત્ત તથા કફને વધારનાર તેમ જ વાજીકર છે. શિયાળામાં તથા વાયુ પ્રકૃતિવાળાને તે હિતકારક છે, પણ પિત્ત અને કફ પ્રકૃતિવાળાને નુકસાન કરે છે. અડદની દાળ બહુ જ રુચિકર છે. તેનો ઉપયોગ બાજરીના રોટલા સાથે વિશેષ કરવામાં આવે છે. આ ઉપરાંત અડદના લાડુ, અડદપાક તથા પાપડ તેના પૌષ્ટિક ગુણને કારણે બહુ જાણીતા છે. અડિદયા વામાં અડદના લોટનાં વડાં કરીને ખાવાથી વિશેષ ફાયદો થાય છે.

અડદની દાળ અને અડદના લાડુ લકવામાં, સંધિવાતમાં અને બીજા વાયુ-દરદોમાં અપાય છે. શિયાળામાં ઠંડીનો સામનો કરવા તથા શરીરની ઉષ્મા ટકાવી રાખવામાં અડદ મહત્ત્વનો ભાગ ભજવે છે. ચરકે અડદનો વાજીકરણ માટે પ્રયોગ સૂચવ્યો છે; સાઠી ચોખા, સારા પ્રમાણમાં ઘી લઈ અડદના યૂષ સાથે ખાવાથી સારી શક્તિ આપે છે.

અડદિયા લાડુ: છડેલી અડદની દાળનો લોટ એક શેર લેવો. તેને દૂધ તોલા ૧૫ તથા ઘી તોલા ૧૫નું મોણ દઈને મોટાં કાણાંવાળી ચાળણીથી ચાળી લેવો. પછી તેને પુષ્કળ ઘીમાં શેકીને દાણો પાડવો. દાણો લાલ થાય એટલે ઉતારી લઈને તેમાં લોટના વજન જેટલી દળેલી સાકર કે ખાંડનું બૂરું નાખવું અને એલચી, જાયફળ, કેસર તથા બદામનાં બીજ નાખીને પાંચ, પાંચ તોલાના લાડુ બનાવવા. આ લાડુ ખૂબ જ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક બને છે. આટલું બધું મહત્ત્વનું સ્થાન ધરાવનાર અડદને આપણે ભોજનમાં સ્થાન આપી તેનો વપરાશ વધારીશું તો શ્રેય થશે. અડદ એ આમ પ્રજાનું શિયાળાનું વસાણું છે.

(નિરામય) —આદિત્યભાઈ પટેલ



ટપાલટિકિટની કથા ઇંગ્લૅન્ડની પશ્ચિમે બ્રિસ્ટલ ખાડીમાં લન્ડી નામના એક ટાપુ પર પુષ્કળ પફિન પક્ષીઓ વસે છે. સરકારે એમને રક્ષણ આપ્યું છે. તદ્દન નાના આ ટાપુ પર સરકારી પોસ્ટ ઑફિસ નથી, એટલે અહીં આવતા સંખ્યાબંધ સહેલાણીઓના પત્રોને દૂર ઈન્સ્ટૉવ મુકામે પહોંચાડીને પોસ્ટ કરવા પડે છે. આ રીતે લઈ જવાતી ટપાલ પર જહાજી હેરફેરના ખર્ચ પેટે છેક ઈ. ૧૯૨૯થી આવી ટિકિટો લગાડવી પડે છે જેને અહીં 'કૅરેજ લેબલ્સ' કહે છે. હમણાં આવી સાત નવી ટિકિટો બહાર પડી, જેમાંની આ એક પર ત્યાંના પફિનનું ચિત્ર છે. ટપાલ-ટિકિટ તરીકે ભલે એ માન્ય નથી, પણ ટિકિટ-સંગ્રાહકોમાં એની સારી માગ છે અને હવે તો આવી કેટલીક જૂની ટિકિટો ઠીકઠીક મોંઘી બની ગઈ છે.

નાનાસાહેબ ક્ષમારામ બની ગયા હતા

હમણાં સુધી એમ મનાતું હતું કે નાનાસાહેબનો દેહત્યાગ નેપાળમાં થયો હતો. પણ તે પોતાના ગુપ્ત પ્રવાસમાં રતલામના રામદ્વારામાં આવી રહ્યા હતા એમ રામસ્નેહી સંપ્રદાયના સ્થાનિક ગાદીપતિ સંત પં. કૃષ્ણદાસે ૧૯૬૯ના સપ્ટેમ્બરની શરૂઆતમાં યોજાએલા એક સમારંભમાં કહ્યું હતું. એમણે કહેલું કે નાનાસાહેબ પેશ્વા તાત્યા ટોપેથી છૂટા પડયા પછી સૌરાષ્ટ્ર ગયા અને ત્યાં ગિરનાર, દ્વારકા તેમજ સોમનાથ વગેરે સ્થળો પર રહ્યા પછી ઉજ્જનમાં કુંભસ્નાન કરવા પધાર્યા. પણ ત્યાં જાસૂસોની જાળ જોઈ તેમણે નાગદા તરફ પ્રસ્થાન કર્યું અને ચંબલ પાર કરી નાથન ગામ પહોંચ્યા. ત્યાં તેમને સેવારામજી મહારાજ સાથે ભેટો થયો, અને એમના ઉપદેશથી પ્રેરિત બની એમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી ક્ષમારામજી નામથી ઓળખાતા બન્યા. એમણે ઘણો સમય રતલામના રામદ્વારામાં વીતાવ્યો. તે પછી તેઓ શાહપુરા (મેવાડ) ગયા, જ્યાં બાકીનું જીવન પૂરું કર્યું. એમનો દેહત્યાગ પણ શાહપુર માં થયો, જ્યાંથી એમની ચિતાનું એક 'ફૂલ' રતલામમાં પણ લાવવામાં આવેલું અને ત્યાં રામદ્વારામાં એ ફૂલ પર સમાધિ બનેલી છે. ક્ષમારામજી (નાના સાહેબ)-ની માળા, બારીક કંઠી (બંને ચંદનની), ચાદર તેમજ એક ગરમ આસન એ બધી વસ્તુઓ આજે પણ રતલામના રામદ્વારામાં છે. (પથિક)

દુનિયામાં સૌથી વધુ

- દુનિયામાં વધુમાં વધુ ભેજમય પ્રદેશ હાવાઈમાં માઉન્ટ વેઈલેલ છે. વર્ષમાં ત્યાં સરાસરી ૪૬૦ ઈંચ વરસાદ પડે છે. જોકે (ઈ. ૧૮૬૧માં ભારતમાં ચેરાપુંજી ખાતે ૧૦૪૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.)
- વધુમાં વધુ સૂકો પ્રદેશ ચિલીનું આરાકામા રણ છે, જ્યાં જવલ્લે જ વરસાદ પડે છે.
- ઠંડામાં ઠંડો પ્રદેશ ઍન્ટાર્કટિકા વૉસ્તોકનો છે. ઈ. ૧૯૬૦માં ત્યાં શૂન્યથી નીચે ૧૨૭ અંશ ફેરનહાઈટ ઠંડી નોંધાઈ હતી.
- ગરમમાં ગરમ વિસ્તાર લીબિયામાં અલ અઝીઝિયાનો ગણાય છે. ઈ. ૧૯૨૨માં ત્યાં ૧૩૬ અંશ ફે. ઉષ્ણતામાન નોંધાયું હતું.
- સૌથી વધુ ઉત્તરે વસેલું ગામ સ્પિઢ્ઝબર્ગેન (નૉર્વે)માં અલેસન્ડ છે.
- સૌથી વધુ દક્ષિણે ચિલીનું પોર્ટો વિલિયમ્સ.
- ઊંચામાં ઊંચે વસેલું ગામ પણ ચિલીમાં જ ઍાકેન્કવીલ્ચ છે. દરિયાની સપાટીથી ૧૭૫૦૦ ફૂટ ઊંચે એ વસેલું છે.
- નીચામાં નીચો વસવાટમૃત સરોવર પાસેનો ગ્રામવિસ્તાર છે. દરિયાની સપાટીથી ૧૨૯૯ ફૂટ નીચે!
- લાંબામાં લાંબું કોતર અમેરિકામાં એરિઝોનાની કૉલોરાડો નદીનું ગ્રાન્ડ કૅનિયન છે. એની લંબાઈ ૨૧૭ માઈલ છે.
- ઊંડામાં ઊંડું કોતર અમેરિકામાં ઈડાહો રાજ્યમાં સ્નેઈક નદીનું હેલ્સ કૅનિયન છે. એની ઊંડાઈ ૭૯૦૦ ફૂટની છે.
- વધુમાં વધુ જોરદાર પવનો ત્યાં ન્યૂ હૅમ્પશાયરમાં માઉન્ટ વૉશિંગ્ટન પર ૧૯૩૪માં નોંધાયા હતા. ત્યારે તેનો વેગ કલાકના ૨૩૧ માઈલનો હતો.
- મોટામાં મોટી ભરતી શિવા સ્કૉશિયામાં ફન્ડીના ઉપસાગરમાં આવે છે. એ વેળા દરિયાનાં પાણી ૫૬ ફૂટ જેટલાં ચડે છે.

ગણિત-ગમ્મત

૨, ૮, ૧૩ એ ત્રણ સંખ્યાના જૂથમાં એવી વિચિત્રતા છે કે જે-માંની કોઈ પણ બે સંખ્યાનો સરવાળો ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે. જેમ કે:—

૨ + ૮ = ૧૦ = (૧ + ૨ + ૩ + ૪)
૨ + ૧૩ = ૧૫ = (૧ + ૨ + ૩ + ૪ + ૫)
૮ + ૧૩ = ૨૧ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬)

વળી, એ ૨, ૮, ૧૩ના ગુણાકારમાં એ જ ત્રણ સંખ્યાનો સરવાળો ઉમેરતાં પણ ક્રમિક સંખ્યાનો સરવાળો આવે છે.

૨ × ૮ × ૧૩ = ૨૦૮ અને ૨ + ૮ + ૧૩ = ૨૩
૨૦૮ + ૨૩ = ૨૩૧ = (૧+૨+૩+......+ ૨૧)

એટલે (૨ × ૮ × ૧૩) + (૨ + ૮ + ૧૩) = ૨૩૧ એ ૧ થી ૨૧ સુધીની તમામ ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે. —એમ. એન. ખત્રી

નવાં પત્રમિત્રો

(1) Vijay Parekh, 2/616 Agiari Street, Malesar, Navsari 396 445.—(M) Painting, Photograpy, Gujarati Literature. (2) Bharvi Natverlal Yajnik, C/o N. S. Yajnik, 12 Swastik Society, Palanpur, Dist. Banaskantha (N. Guj.)—(M-13 years). (3) Vinodkumar D. Lalani, Patel Street, Bhayawadar 360 450, Dist, Rajkot (Saurashtra)—(M-20) Literature, Music. (4) Jashvantsinh K. Chavda, Juni Shedavi, Post Dangarwa, Dist. Mehsana (N. Guj.)—(M-25), Stamps, View-cards, Coins. (5) Navinkumar B. Vadnagara, C/o Kantilal Bhudarbhai Vadnagara, Near Jain Upashraya, Mahalakshmi Street, Thangadh-363 530 Dist. Surendranagar (Saurashtra)—(M-21), Stamps, Coins, F D C, View-cards. (6) Prashant Shah, Post Box No, 165, Thika, Kenya, East Africa—(M-15), Stamps, Coins. Reading. દરેક સરનામા પછી કૌંસમાં પત્રમિત્રની જાતિ (M=પુરુષ) અને વય આપી છે.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૧/૧૮૮૧. અમદાવાદથી અજમેર સુધીનો રેલમાર્ગ ચાલુ થયો.

તા. ૪/૧૯૪૨. જન સામાન્ય સુધી સસ્તા દરે પ્રેરક અને ઉપયોગી વાચન પહોંચાડનાર ભિક્ષુ અખંડાનંદનું અવસાન.

તા. ૬/૧૯૦૩. મિલ્ડન હૉલ નામે અંગ્રેજ વેપારી હિંદ આવ્યો અને ત્રણ વર્ષ સુધી અકબરના દરબારમાં રહી છેવટ હિંદુસ્તાનમાં વેપાર કરવાની પરવાનગીનું વચન લઈને પાછો ગયો. ઈ. ૧૬૧૬માં આ જ માસની ૧૦મી તારીખે અંગ્રેજ સર ટૉમસ રો વેપારની મંજૂરી માટે જહાંગીરના દરબારમાં આવ્યો. અને અંતે એ જ મુઘલોના વંશજ બહાદુરશાહની રહીસહી સત્તા પણ પડાવી લઈને અંગ્રેજોએ એને ઈ. ૧૮૫૮ના આ જ માસની ૭મી તારીખે દેશનિકાલ કરી રંગૂન મોકલી આપ્યો. ત્યાં જ એની કબર રચાઈ. (જુઓ આ અંકમાં એક વાચકનો પત્ર. પૃ. ૧ અ)

તા. ૭/૧૦૨૬. મહમદ ગઝનીએ સોમનાથ પર આક્રમણ કરી સદીઓથી અહીં એકઠું થતું રહેલું અઢળક નાણું ને જરઝવેરાત લૂંટી ગયો.

તા. ૧૦/૧૬૪૯. પોતાના દૈવી હકની ખુમારીમાં પ્રજા ને પાર્લામેન્ટની ઉપેક્ષા કરનાર ઈંગ્લૅન્ડના આપખુદ રાજા ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ. પ્રજા જાગૃતિના આ ઉદાહરણથી પ્રેરાઈ ફ્રાંસની પ્રજાએ લૂઈ સોળમાને ઈ. ૧૭૯૩ની આ જ માસની ૨૧મી તારીખે એનો વધ કરેલો.

તા. ૧૪/૧૮૭૫. આફ્રિકાની ફ્રેન્ચ વસાહતમાં સારવારના અભાવે રિબાતા માનવીઓની સેવા માટે એ અંધારા ખંડના જંગલ-વિસ્તારમાં લૅમ્બેરેન ખાતે વિશાળ ઈસ્પિતાલ સ્થાપનાર અને ઇતિહાસ, સાહિત્ય, પ્રાકૃતિક વિજ્ઞાન ને સંગીતના વિષયમાં ડૉક્ટરેટ મેળવનાર જગવિખ્યાત સેવાભાવી ડૉક્ટર શ્વાઈત્ઝરનો જન્મ. ત્રીસમે વર્ષે એમણે માનવસેવાનો ભેખ ધારીને ભિખારીઓ અને છૂટેલા કેદીઓમાં પોતાના સેવાકાર્યનો આરંભ કરેલો. ૮૫ની વયે પણ સફળ ઑપરેશનો અને ૯૦ની વયે ઈ. ૧૯૬૫માં એમનું અવસાન થયું ત્યાં સુધી તેઓ સખત પરિશ્રમ કરતા રહેલા. શાંતિ માટેના નૉબેલ પ્રાઈઝ ઉપરાંત અનેક મોટાં માનઅકરામોથી એમની માનવસેવા નવાજાઈ હતી. આ એમની જન્મશતાબ્દીનો માસ છે.

આવા જ એક મહાન સેવાભાવી ફાધર દામિયાંનો જન્મ પણ આ જ માસની ૩જી તારીખે ઈ. ૧૮૪૦માં થએલો. હાવાઈ ટાપુઓમાં મોલોકઈ બેટ પર ઊભી કરાએલી રક્તપીતિયાંઓની દોજખ સમી વસાહતને એમણે પોતાનું સેવાક્ષેત્ર બનાવેલું. ને એમની વચ્ચે જ વસી પોતે પણ એ રોગ વહોરી ૧૮૮૯માં દેહ છોડયો. ઈ. ૧૯૩૬ની આ જ માસની ૨૭મી તારીખે એમના શબને એમના દેશ બેલ્જિયમ લાવવામાં આવ્યું હતું.


માસમાસના આકાશમાં
(જાન્યુઆરી–ફેબ્રુઆરી)

પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓએ આકાશને ૨૭ નક્ષત્ર-(તારા)મંડળોમાં વહેંચેલું. પાછળથી બાર રાશિમંડળોવાળી વહેંચણી પણ પ્રચલિત બની. પણ આધુનિક ખગોળશાસ્ત્રીઓએ મુખ્ય મુખ્ય તારામંડળોની પરંપરિત કલ્પનાને જાળવીને સમગ્ર આકાશને ૮૮ નક્ષત્ર(તારા)મંડળો (Constellations)માં વહેંચી તેના વિસ્તાર નક્કી કર્યા છે, અને તેમાંના મુખ્ય મુખ્ય તારાઓનાં પરંપરિત નામો જાળવી રાખીને બાકીના ગૌણ મહત્ત્વના તારાઓને જે તે નક્ષત્રમંડળના અ, બ, ક, ડ તારાની સંજ્ઞા આપી છે. અલબત્ત, આ માટે ગ્રીક મૂળાક્ષરો આલ્ફા, બીટા, ગામા વગેરે સંજ્ઞાઓ વપરાય છે. અને એથી તારાઓની ઓળખમાં આંતરરાષ્ટ્રીય એકવાક્યતા સરળ બની છે.

અત્યાર સુધી તો આકાશદર્શનમાં ખાસ અગત્યનાં એવાં વિશાળ દૂરબીનો મોટે ભાગે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધના દેશોમાં જ હોઈ ઉત્તર ગોળાર્ધના તારાઓ વિષે જેટલું વિગતસભર જ્ઞાન પ્રાપ્ત છે એટલું દક્ષિણ ગોળાર્ધના આકાશ વિષે નથી. આપણા આકાશગંગા તારાવિશ્વનું કેન્દ્ર, મૅગેલેનિક વાદળો, નજીકનાં અનેક તારાગુચ્છો વગેરે જેવા ખગોળના મહત્ત્વનાં અંગોનું વિશેષ જ્ઞાન દક્ષિણમાંથી જ વધુ ચોક્સાઈથી મળે તેમ છે. આ માટે બીજી અનેક રીતે પ્રયત્નો થયા પણ છે, પણ પ્રત્યક્ષ દર્શન માટે તો દૂરબીનો અનિવાર્ય જ છે. તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં ૩૧° દક્ષિણ અક્ષાંશ પર ૧.૨ અને ૩.૯ મીટરના વ્યાસવાળાં બે નવાં મોટાં દૂરબીનો ઊભાં થતાં હવે દ. આકાશના દર્શનની સરળતા વધી છે.

આજ સુધી આપણે કેટલાંક મુખ્ય તારામંડળો અને અગ્રગણ્ય તારાઓની ઓળખ કરી. હવે થોડા પુનરાવર્તન સાથે જરા વધુ વિગતે આકાશદર્શન કરવાનો ખયાલ છે. હાલમાં દેખાતા અને બહુ જાણીતા મૃગમંડળ (Orion)થી જ આરંભ કરીએ.

સાથેના નકશામાં આ મંડળના (તૂટક લીટીથી બતાવેલા) નિશ્ચિત વિસ્તારમાં તે મંડળના મુખ્ય તારાઓ દર્શાવ્યા છે. એમની તેજસ્વિતાના ક્રમ પ્રમાણે એમનું કદ દર્શાવ્યું છે. વિષુવવૃત્તના સંદર્ભમાં મૃગમંડળનું સ્થાન અને ઉત્તર-દક્ષિણ અક્ષાંશોના આધારે આ મંડળના વિસ્તારનો ખયાલ પણ વધુ સ્પષ્ટ થશે. નકશામાં '+'ની સંજ્ઞા ઉત્તરના અને '—'ની સંજ્ઞા દક્ષિણના અક્ષાંશો દર્શાવે છે. 'મે (મેસીઅર)–૪૨'ની સંજ્ઞાથી ઓળખાતી મૃગની નિહારિકા અને 'મે-૩૫' તારાગુચ્છનું સ્થાન અને સૂર્ય જે માર્ગે વિચરે છે તે 'ક્રાન્તિવૃત્ત' પણ દર્શાવ્યું છે.



મૃગમંડળ વૃષભ (Taurus) અને મિથુન ((Gemini) રાશિમંડળોની વચ્ચે છે તે આપણે જાણીએ છીએ. આર્દ્રા (Betelgeuse), મૃગશીર્ષ (Meissa), બાણરજ (Rigel), રોહિણી (Aldebaran) વગેરે તારાઓનો તથા રોહિણી, મૃગશીર્ષ અને આર્દ્રા નક્ષત્રોનો સમાવેશ ૨૭ નક્ષત્રોમાં છે તેની યે આપણને જાણ છે. બાણના ત્રણ તારા અનુક્રમે Alnitak, Alnilam અને Mintaka નામે ઓળખાય છે. તથા મૃગપુચ્છ Iota Orionis નામે. મૃગપુચ્છમાંની 'મે–૪૨' નિહારિકા નરી આંખે એ આભાસી રૂપે વરતાય છે. ૩૦ પ્રકાશ વર્ષ જેટલી એ વિસ્તૃત અને ૨૦૦૦ પ્રકાશ વર્ષ જેટલી એ દૂર છે.

ન હેઠાં જે મૂકે હથિયાર ખુદ હેઠા પડે તો યે,
જીવનને જંગ માની જીવનારાઓ જરૂરી છે.


— કિસ્મત કુરેશી

મહર્ષિ રાનડે વરંડામાં વાંચતા હતા ત્યાં એમનાં પત્નીએ કેરીની ટોપલી લાવીને પાસે મૂકી. રાનડેએ એમાંથી એક ખાધી અને 'ખરેખર અમૃત જેવી મીઠી છે' એટલું કહીને વાચનમાં ફરી લીન થઈ ગયા. આટલા પ્રસન્ન થએલા પતિએ બીજી કેરી ન લેતાં, રાહ જોઈ રહેલાં પત્નીએ અકળાઈને પૂછ્યું: 'આટલાં વખાણ કરો છો તો બીજી કેમ નથી લેતા?' ત્યારે રાનડેએ ઉત્તર દીધો: 'કેરી ઉત્તમ છે એ ખરું, પણ એટલા ખાતર જીભને એની પાછળ ગાંડી બનાવી દઈએ તો એના પરનો આપણો કાબૂ ચાલ્યો જાય. સ્વાદનો ગુલામ બનનાર માણસ ઇન્દ્રિય પરનો કાબૂ એક પછી એક ગુમાવતો જઈ અંતે અધઃપતનને જ વરે છે.'

કહેવતોના અર્થ: 'હથેળીનો ગોળ' (ખાવો હોય ત્યારે ખવાય)—કોઈ વસ્તુ સહજ પ્રાપ્ય કે ઉપભોગને માટે સદા હાજર હોય એવી સ્થિતિને માટે વપરાતી આ કહેવતને મળતું સંસ્કૃત વચન 'હસ્તામલકવત્' (હાથમાંના આમળા જેવું) જાણીતું છે.



વ્યાપાર નિમિત્તે હિંદ આવીને પગદંડો જમાવવા માંડેલી યુરોપીય પ્રજાઓએ શરૂ કરેલા સિક્કાઓની આ પાના પર આવતી માળામાં આ ઉપર આપેલો સિક્કો રાણી ઇલિઝાબેથે હિંદ માટે પાડેલો સિક્કો છે.



કલાકણિકા: ઈક્વાડોરની પ્રાચીન બાહીઆ સંસ્કૃતિ (ઈ. પૂર્વે ૫૦૦ થી ઈ. ૫૦૦)ના કાળનું માટીનું એક વિલક્ષણ સુરાપાત્ર. એમાં પ્રાણી સમ માનવમસ્તકોના શોભન સાથે ત્રણ પાત્રો અંદરથી એકબીજા સાથે જોડાએલાં છે.

उत्तमे तु क्षणं कोपः
मध्यमे घटिका-द्वयम् ।
अधमे स्याद् अहोरात्रम्
चांडाले मरणान्तिकः ॥

ઉત્તમ પુરુષોનો ક્રોધ ક્ષણમાત્ર માટે હોય છે, મધ્યમ પુરુષોનો કોપ બે ઘડી સુધી રહે છે, અધમ જનોનો ક્રોધ એક દિવસ અને એક રાત સુધી રહે છે, જ્યારે ચાંડાલો—અતિશય દુષ્ટજનો—નો ક્રોધ જીવનપર્યંત રહે છે.

ગણિતગમ્મત

કોઈ પણ ત્રણ આંકડાની રકમ લો. તેને ઊલટાવો. એ બંને રકમના તફાવતમાં પહેલા અંકમાં ૧ ઉમેરીને તે રકમ વડે એ તફાવતની રકમને ભાગો. જવાબ ૯૯ જ આવશે!



એશિયામાં થતો પાતળા દેહવાળો સાલુકી જાતનો કૂતરો, માણસે શિકાર માટે સહાયક તરીકે પાળેલા પ્રથમ કૂતરાઓની જાતનો મનાય છે. કલાકના ૪૦ માઈલની ઝડપે દોડી શકતો આ કૂતરો ઝડપી હરણને પણ થકવી શકે છે.



(જનસત્તા) —શિવ

અથાણું

લાંબા સમયથી પોતાની વાતોથી તંગ કરી રહેલા એક જણને બીજાએ છેવટે કહ્યું: 'તમે જાણો છો કે જે કંઈ જાણવા જેવું છે એ બધું આપણે બે જણ પૂરેપૂરું જાણીએ જ છીએ?'

'એમ? એ કઈ રીતે?'

'જુઓને, એક વાત સિવાય બાકીનું બધું જ તમે જાણો છો, અને જેની તમને ખબર નથી એ હું જાણું છું.' 'એ શું?'

'કે તમારી વાતો માથાના દુખાવા જેવી છે.'

પૈસાપાત્ર બની ગયા પછી આપના ગરીબીના સમયના કોઈ મિત્રો આપને પરેશાન કરે છે ખરા?'

'મિત્રો? જ્યારે હું ગરીબ હતો ત્યારે મારે કોઈ મિત્ર જ નહોતું.'

સજ્જન: આમ ભીખ માગવા કરતાં કાંઈ ધંધો કરતો હો તો?

ભિખારી: મને તો ઘણું યે મન થાય છે કે એકાદ બૅંક ખોલું; પણ મારી પાસે ઓજાર નથી.



સેઈન્ટ ફ્રાન્સિસ ઝેવીઅરના માનમાં ૧૯મી ડિસેમ્બરે બહાર પડેલી ભારતની બહુરંગી ટપાલટિકિટ. એના પર, જેમાં આ સંતના શબને રાખ્યું છે તે રૌપ્ય આવરણ દર્શાવ્યું છે.



△ નાગપુરમાં યોજાએલા વિશ્વ હિંદી સંમેલન નિમિત્તે ૧૦મી જાન્યુઆરીએ બહાર પડેલી આ ખાસ ટિકિટ પર ૧૨મી સદીની સરસ્વતી-પ્રતિમા સાથે પાછળ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના વ્યક્ત કરતું લખાણ આપ્યું છે.

અનુસંધાન] વાચકો લખે છે [પૃષ્ઠ ૨થી

બિલીનું ફળ

ઑગસ્ટના 'કુમાર'માં 'વૃક્ષવેલ પરિચય'માં બિલી વિષે જે એક વિધાન થયું છે કે 'મોટાં ફળ વધુ સારાં ને ઉપયોગી ગણાય છે' તે બરાબર નથી. સામાન્ય રીતે કોઈ પણ ફળ પરિપુષ્ટ ને મોટાં જ લેવાં એવું વિધાન છે, પરંતુ એક બિલી જ તેમાં અપવાદ છે અને એટલા જ માટે ચરકે અને સુશ્રુતે 'બાલબિલ્વ' લેવું એવો ઉલ્લેખ કર્યો છે. બાલ એટલે કે નાનું—કોમલ ફળ લેવું. (સુ૦ સૂ૦ અ. ૪૬). પકવ ને મોટાં ફળ વિષ્ટમ્ભી ને લઘુ બતાવ્યાં છે.

(સૂરત) —(ડૉ.) પ્રફુલ્લભાઈ વૈદ્ય

જ્યોતિરાવ ફૂલે

૬૦૭મો અંક મારા માટે પ્રેરણાદાયી બની રહેશે. મહાત્મા જ્યોતિરાવ ફૂલેના જીવનચરિત્રને મારી દૃષ્ટિએ સફળ જીવનચરિત્ર ગણું છું. રૂઢિચુસ્ત સમાજ સામે વિપત્તિઓના વંટોળને સાનુકૂળ બનાવતાં બનાવતાં દલિતો, અછૂતો તેમજ સ્ત્રીસમાજમાં ખાસ કરીને અબળા-સ્ત્રીઓના આધાર સમા મહારાષ્ટ્રના એ આદ્ય સમાજસુધારકનું ચરિત્ર મને આંજી ગયું છે.

સમાજ તરફ દૃષ્ટિ કરું છું ત્યારે સ્વમાનને નામે અહમ્‌ને પોષતા ઘણા યે સમાજ સુધારકો નજરે ચડે છે. બીજી બાજુ મારા ચિત્તમાં કાયમનું સ્થાન પામેલા મહામના ફૂલેએ સમાજ માટે શું નથી કર્યું? છતાં પોતે તો કહેતા: 'મિત્રો, હું તો સીધોસાદો માણસ છું ને એ રીતે જ હજુ જીવવાનો છું મને પદવી આપી લોકોત્તર ન બનાવશો.' સમાજસુધારાના કામમાં યથાશક્તિ નમ્ર પ્રયાસ કરવાનું શરૂ કરવું તે જ એમને સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે.

(વાત્સલ્યધામ) —જીવરાજભાઈ મેયાણી

માઈલ નહિ, કિલોમીટર

૬૧૦મા અંકમાં ચંદ્ર વિષેના લેખને મથાળે ચંદ્રનાં માપની જે માહિતી આપી છે તે વાંચીને ઘણા સમયથી મનમાં થતું હતું તે આજે લખવા બેઠો છું. આપણે ત્યાં માપમાં દશાંશનાં એકમ ચાલુ થયે પંદર વર્ષ ઉપર થયું, એટલે નવી પેઢી માઈલ, ફૂટ, રતલ વગેરે માપોથી પરિચિત નથી. ચંદ્રનાં માપમાં બધાં જ અંતરો માઈલમાં આપ્યાં છે તે કિલોમીટરમાં આપવાં જોઈએ.

માઈલ કેવડું એકમ છે તેની આપણા જેવા ગઈકાલના નાગરિકોને ખબર હશે પણ 'કુમાર' તો આવતી કાલનાં નાગરિકો માટે છે ને?

(અમદાવાદ) —પ્ર. ચુ. વૈદ્ય

બે ભૂલ

ઑક્ટોબર અંકમાં: ૧) 'અંગ્રેજી સાહિત્યનું આચમન' લેખમાં પૃ. ૩૩૨ ઉપર 'એડવર્ડ ધ સેકન્ડ' (Adverd the Second) ને બદલે (Edward the Second) હોવું જોઈએ; ૨) 'ગુજરાતમાં કલાનાં પગરણ' પૃ. ૩૩૭ પર, 'કનુ દેસાઈ તેની ખૂબ ગમ્મત ઉડાવે. કહે: Great man no grammer!' મજકૂર વાકયમાં Grammar જોઈએ.

(કડી) —એમ. આર. મન્સૂરી

[*એ અમારી શરમ છે.]

'કુમાર' વિષે

'કુમાર'ના અંકો વાંચીને ફેંકી દેવા જેવા નથી હોતા, પણ સાચવી રાખીને બંધાવવા પડે છે. એટલે બંધાવવામાં સગવડ પડે તે માટે નીચે પ્રમાણે અંકમાં ફેરફાર કરશો તો ઠીક પડશે:

૧) અંકમાં તારના ટાંકા મારેલા હોય છે તે બાજુ જગ્યા ઓછી હોય છે. બંધાવતી વખતે બિલકુલ છેડેથી સિવડાવીને બંધાવવા પડે છે એટલે બરાબર મજબૂત બંધાતા નથી. તો આગળની બાજુ થોડી જગ્યા ઓછી રાખીને પાછળની બાજુ થોડી જગ્યા વધારવી જોઈએ.

૨) કેટલાક અંકો ચાર-ચાર પાનાંની થપ્પી રૂપે સામા પડખેથી ટાંકા મારેલા હોય છે; પણ કેટલાક અંકો વચ્ચેથી ટાંકા મારેલા હોય છે. આવા અંકોમાંથી જાડી થપ્પીના કારણે બંધાવ્યા પછી પાછા છૂટા પડવાનો ડર રહે છે. એટલે બધા અંકો ચાર-ચાર પાનાંની થપ્પીમાં પડખેથી ટાંકા મારેલા હોવા જોઈએ.

૩) વાચનાલયમાં રાખતી વખતે વચ્ચે મારેલી ટાંકણીના કારણે પાનાં ઢીલાં થઈ જાય છે: અથવા જાડા પૂઠામાં રાખવું હોય તો વચ્ચેથી પૂઠાના કાપડ સાથે સીવવું પડે છે. તેથી પણ મજબૂતાઈ ઘટે છે. ઉપરના કારણે પણ ચાર-ચાર પાનાંની થપ્પીમાં બાંધવું બરોબર થશે.

ઍકટિંગ પણ એક કળા છે, છતાં 'કુમાર'માં ફિલ્મો વિષે કાંઈ આવતું નથી. એપ્રિલ-'૭૩-માં બલરાજ સહાની જેવા કલાકાર મૃત્યુ પામ્યા છતાં પણ આપના પત્રમાં તેમના વિષે કાંઈ પણ કેમ નથી આવ્યું?

(મુંબાઈ) —હીરજી ને. નાગડા

∞

અંક ૬૦૭માં જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ ખૂબ રસ આવતો ગયો એ અંકમાં વિશિષ્ટ વ્યક્તિનો (વૈદ્ય સુંદરજી) લેખ ખૂબ ગમ્યો. આયુર્વેદ ઉપર જ શ્રદ્ધા અને તેથી થતો ફાયદો વાંચીને આનંદ થયો. આ યુગમાં પણ ખયાલ આવે છે કે આયુર્વેદ ઔષધિથી કેટલો ફાયદો થાય છે અને પહેલાંના જમાનામાં પણ કેવા ઉચ્ચ વૈદ્યો હતા.

'કુમાર'તેના પ્રાગટ્ય દ્વારા ગુજરાતને આવાં વ્યક્તિચિત્ર આપે છે એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. હમેશ આવાં સુંદર ચિત્રો આપતા રહો!

(ભાવનગર) —(ડૉ.) પરિમલ જી. વૈદ્ય



ચંપક-પુષ્પ
ચિત્રકારઃ સોમાલાલ શાહ



ઇંગ્લૅન્ડમાં દક્ષિણે બાકગહમશાયરમાં મિલ્ટન કેઈન્ઝ મુકામે નવું નગર-આયોજન થઈ રહ્યું છે. આગામી બેએક વર્ષ સુધીમાં પૂરા થનારા એ યોજનાના પ્રથમ ચરણના એક કેન્દ્રમાં આવેલા છાપરાથી ઢંકાએલા વિશાળ બજાર-વિસ્તારનું આ કલ્પનાચિત્ર છે. જ્યારે એનું કામ પૂરું થશે ત્યારે યુરોપભરમાં આ પ્રકારનું એ મોટામાં મોટું ઢંકાએલું બજાર હશે. એમાં ૧૬૦થી યે વધુ મોટી દુકાનો, ગ્રાહકો માટે એક સલાહકાર કેન્દ્ર, ગ્રાહકોનાં બાળકો માટે એક ઘોડિયા ઘર, રેસ્ટોરાં વગેરે ઉપરાંત, રાહદારીઓ માટે દસ લાખથી યે વધુ ચોરસ ફીટનો અવરજવરનો વિસ્તાર, એકબીજા વિભાગોને જોડતા પુલ, એક વિશાળ ઢંકાએલો ચોક અને બેએક વૃક્ષાચ્છાદિત ખુલ્લા ચોક પણ હશે. યોજનાનો આ તબક્કો પૂરો થતાં સુધીમાં મિલ્ટન કેઈન્ઝની વસ્તી સાઠ હજારથી વધીને એક લાખની થઈ હશે અને ઈ. ૨૦૦૦ સુધીમાં દર વર્ષે ૧૦ થી ૧૨ હજારના પ્રમાણમાં વધતી રહેશે એવી ગણતરીથી આ સમગ્ર આયોજન વિચારાયું હોઈ અહીંના વધતા જતા રહેણાકો અને ઉદ્યોગનું સમતોલન સપ્રમાણ જળવાઈ રહેશે. નગર આયોજન સાથે સંબંધિત એકબીજાં ખાતાંઓના પરસ્પર સહકાર અને દીર્ઘદૃષ્ટિયુક્ત પૂર્વઆયોજનો પ્રજા માટે શું શું ન કરી શકે? □